દૈનિક
મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 262 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ કાર્તિક સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 November 2024, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૪ નવેમ્બર ૨૦૨૪ (૧૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ભારતીય ક્રિકેટરોની શર્મનાક હારઃ ઘરઆંગણે જ નાક કપાવ્યું

ભારતનાં ૯૨ વર્ષના ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં પહેલી વખત ત્રણ મૅચની સિરીઝમાં વાઈટ-વૉશ

મુંબઈઃ ભારતીય ટેસ્ટ-ક્રિકેટરોએ ઘરઆંગણે દેશનાં ૯૨ વર્ષના ટેસ્ટ-ક્રિકેટના ઇતિહાસમાં સૌથી ખરાબ પર્ફોર્મ કર્યું છે. રવિવારે વાનખેડે સ્ટેડિયમમાં રોહિત શર્માના સુકાનમાં ભારતીય ટીમ ત્રીજી અને છેલ્લી ટેસ્ટ માત્ર પચીસ રનના તફાવતથી હારી ગઈ એ સાથે ન્યૂ ઝીલૅન્ડને ભારત સામે ૩-૦થી વાઇટ-વૉશ સાથે નવો ઇતિહાસ રચવામાં સફળતા મળી ગઈ. ટીમ ઇન્ડિયા મૅચના ત્રીજા દિવસે ૧૨૧ રને ઑલઆઉટ થઈ જતાં માત્ર ૧૪૭ રનનો લક્ષ્યાંક મેળવવામાં પણ નિષ્ફળ રહી હતી. આઇપીએલની ટી-૨૦ મૅચોમાં રનનો ઢગલો કરવામાં માહિર અને ટી-૨૦ વર્લ્ડ કપ જીતી ચૂકેલા આપણા બૅટર્સ વાનખેડેમાં ટી-૨૦ જેટલો ટાર્ગેટ મેળવવામાં અસફળ રહ્યા.

ભારતે ૧૯૩૨માં ટેસ્ટ-ક્રિકેટ રમવાનું શરૂ કર્યું હતું અને ૯૨ વર્ષના ટેસ્ટ-ક્રિકેટના ઇતિહાસમાં ભારતનો ઘરઆંગણે ત્રણ ટેસ્ટ કે વધુ ટેસ્ટની શ્રેણીમાં વાઇટ-વૉશ થયો હોય એવું પહેલી જ વાર બન્યું છે. બીજી બાજુ, ન્યૂ ઝીલૅન્ડ પહેલી જ વાર ટેસ્ટ-સિરીઝમાં ત્રણ મૅચ જીત્યું છે.

ભારતને અહીં વાનખેડેમાં ૧૪૭ રનનો સાવ સાધારણ લક્ષ્યાંક પણ પહેલેથી મોટો લાગ્યો હતો. રોહિત શર્મા સહિતનો ટોપ ઑર્ડર ફરી ફ્લોપ ગયો હતો. રિષભ પંત (૬૪ રન, ૫૭ બૉલ, ૮૪ મિનિટ, એક સિક્સર, નવ ફોર) વિવાદાસ્પદ સંજોગોમાં કૅચઆઉટ અપાયો એ પહેલાં એકલા હાથે લડ્યો હતો.

ભારતે પહેલી ૭.૧ ઓવરમાં ફક્ત ૨૯ રનમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી, પણ પંત અને રવીન્દ્ર જાડેજા (બાવીસ બૉલમાં છ રન) વચ્ચે છઠ્ઠી વિકેટ માટે ૪૨ રનની ભાગીદારી થઈ હતી જે સોળમી ઓવરમાં તૂટી હતી.

એ પહેલાં, કૅપ્ટન રોહિત શર્મા (૧૧ બૉલમાં ૧૧ રન)એ ફરી અસંખ્ય ચાહકોને નિરાશ કર્યા હતા. તે ઇનિંગ્સની ત્રીજી ઓવરમાં આઉટ થઈ ગયો હતો. પેસ બોલર મેટ હેન્રીના બૉલમાં ગ્લેન ફિલિપ્સે મિડ-વિકેટ પરથી દોડી આવીને તેનો સુંદર કૅચ પકડ્યો હતો.

રોહિત સતતપણે નિષ્ફળ જઈ રહ્યો છે. તે આઉટ થયા બાદ બીજી જ ઓવરમાં શુભમન ગિલ (ચાર બૉલમાં એક રન) વિકેટ ગુમાવી બેઠો હતો. તેને સ્પિનર ઍજાઝ પટેલે ક્લીન બોલ્ડ કર્યો હતો.

મૅન ઑફ ધ મૅચ ઍજાઝ પટેલ ત્યાર પછીની પોતાની ઓવરમાં ફરી ત્રાટક્યો હતો અને તેણે વિરાટ કોહલી (સાત બૉલમાં એક રન)ની વિકેટ લીધી હતી.

ઓપનર યશસ્વી જયસ્વાલ (૧૬ બૉલમાં પાંચ રન) સાતમી ઓવરમાં સ્પિનર ફિલિપ્સના બૉલમાં આઉટ થઈ ગયો હતો. તેની વિદાય બાદ સરફરાઝ ખાન (એક રન) પણ ઍજાઝના બોલમાં વિકેટ ગુમાવી બેઠો હતો.

ભારતની પહેલી છમાંથી ચાર વિકેટ મુંબઈમાં જન્મેલા કિવી સ્પિનર ઍજાઝ પટેલે લીધી (જુઓ પાનું ૨) ▶▶

વિજેતાઃ ભારતને મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ત્રીજી ટેસ્ટ મૅચમાં હરાવનારી ન્યૂ ઝીલૅન્ડની ટીમ ટ્રોફી સાથે. ભારત ત્રીજી ટેસ્ટ પચીસ રનથી અને શ્રેણી ૩-૦થી હાર્યું હતું. (પીટીઆઇ)

યુગાન્ડામાં ચર્ચ પર વીજળી પડવાથી ૧૪નાં મૃત્યુ

કંપાલા : ઉત્તર યુગાન્ડામાં નિરાશ્રીતોની છાવણી પર વીજળી પડવાથી ૧૪ જણનાં મૃત્યુ થયા હતા, એવી માહિતી પોલીસે આપી હતી. શનિવારે અંતરિયાળ જિલ્લા લામવોમાં આ બનાવ બન્યો હતો. પોલીસના પ્રવકતા કિટુમા રુસોકેએ કહ્યું હતું કે બીજા ૩૪ જણને ઈજા થઈ હતી.

દુર્ઘટનાનો ભોગ બનેલાની હજી ઓળખાણ થઈ નથી. દક્ષિણ સુદાનના શરણાર્થી જ્યાં રહે છે એ (જુઓ પાનું ૨) ▶▶

ભારતે હવે ઑસ્ટ્રેલિયાને ૪-૦થી હરાવવું જ પડશે

ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલમાં પહોંચવા હવે એકેય પરાજય નહીં પરવડે

મુંબઈઃ ભારતીય ટેસ્ટ ટીમ ન્યૂ ઝીલૅન્ડ સામેની ત્રણેય ટેસ્ટ હારી ગઈ એટલે વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની જૂનમાં લૉર્ડ્સમાં રમાનારી ફાઇનલ માટેની રેસમાં ભારત હવે ડેન્જર ઝોનમાં આવી ગયું છે. ટેસ્ટના વર્લ્ડ કપની એ નિર્ણાયક મૅચ પહેલાં ભારતે હવે માત્ર ઑસ્ટ્રેલિયા સામે પાંચ ટેસ્ટ રમવાની છે. ભારતે એ સિરીઝ ૪-૦થી જીતવી જ પડશે. પાંચમાંથી એક ટેસ્ટ ડ્રૉમાં જશે તો પણ ચાલશે. એવું થશે તો જ ભારતીય ટીમ પહેલા બે સ્થાનમાં રહેશે અને ફાઇનલમાં પહોંચી શકશે. હા, હવે ભારતને એક પણ ટેસ્ટનો પરાજય નહીં પરવડે.

ઉલ્લેખનીય છે કે ૨૦૨૧ અને ૨૦૨૩ની પહેલી બન્ને ફાઇનલમાં ભારત પહોંચ્યું હતું, પરંતુ અનુક્રમે ન્યૂ ઝીલૅન્ડ તથા ઑસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું.

ઑસ્ટ્રેલિયા સામેની પાંચમાંથી ચાર ટેસ્ટ જીતી લેવાશે અને એક ટેસ્ટ ડ્રૉમાં જશે તો ભારત ૬૫.૭૯ ટકા સાથે પૉઇન્ટ-ટેબલમાં બીજા સ્થાને રહી શકશે. એ સ્થિતિમાં ભારતીય ટીમ ન્યૂ ઝીલૅન્ડથી આગળ રહેશે. એ સંજોગોમાં કિવીઓ ઘરઆંગણે ઇંગ્લૅન્ડને ૩-૦થી હરાવશે તો પણ ભારતથી (જુઓ પાનું ૨) ▶▶

કેદારનાથ ધામના કપાટ બંધ

દેહરાદૂનઃ કેદારનાથ ધામના કપાટ રવિવારે વૈદિક ધાર્મિક વિધિઓ સાથે શિયાળા માટે બંધ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ૧૮,૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ સમાપન સમારોહના સાક્ષી બનવા માટે હિમાલયન મંદિરમાં ઊમટી પડ્યા હતા. બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ(બીકેટીસી)ના મીડિયા પ્રભારી હરીશ ગૌરના જણાવ્યા અનુસાર મંદિરના કપાટ બંધ કર્યા પહેલા સવારે ૪ વાગ્યે એક ભવ્ય સમારોહ શરૂ થયો હતો અને સવારે ૮-૩૦ વાગ્યે કપાટ બંધ કરવામાં આવ્યા હતા. સમાપન સમારોહના સાક્ષી બનવા માટે ૧૮,૦૦૦થી વધુ તીર્થયાત્રીઓ હિમાલયન મંદિરમાં ઊમટી પડ્યા હતા. બીકેટીસી અધ્યક્ષ અજેન્દ્ર અજયે જણાવ્યું કે સમગ્ર યાત્રા સિઝન દરમિયાન ૧૬.૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ પૂજા-અર્ચના માટે કેદારનાથ પહોંચ્યા હતા. ગઢવાલ હિમાલયમાં ૧૧,૦૦૦ ફૂટથી વધુની ઊંચાઇ પર સ્થિત કેદારનાથ દેશના વિવિધ ભાગોમાં આવેલા ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક છે. નોંધનીય છે કે દર વર્ષે લાખો તીર્થયાત્રીઓ દ્વારા મુલાકાત લેવાતું (જુઓ પાનું ૨) ▶▶

દિલ્હી ચૂંટણીઃ કેજરીવાલ રાજૌરી ગાર્ડનથી ફરી પદયાત્રા શરૂ કરશે

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ રવિવારે પશ્ચિમ દિલ્હીના રાજૌરી ગાર્ડનથી તેમની પદયાત્રા ફરી શરૂ કરશે, એમ આપએ રવિવારે જણાવ્યું હતું. આપ નેતા ફેબ્રુઆરી ૨૦૨૫માં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ પહેલા દિલ્હીના વિવિધ વિધાનસભા મતવિસ્તારોમાં પદયાત્રા કરી રહ્યા છે. પ્રેસ કોન્ફરન્સને સંબોધતા આપના વરિષ્ઠ નેતા સંજય સિંહે જણાવ્યું કે કેજરીવાલ રાજૌરી ગાર્ડનથી તેમની પદયાત્રા ફરી શરૂ કરશે. રાજ્યસભાના સાંસદે કહ્યું કે તહેવારોને કારણે પદયાત્રા બંધ કરવામાં આવી હતી. રવિવારે અરવિંદ કેજરીવાલ રાજૌરી ગાર્ડનથી તેમની પદયાત્રા ફરી શરૂ કરવા જઇ રહ્યા છે. પદયાત્રા નવેમ્બર અને ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. સિંહે ભાજપ પર કેજરીવાલ પર પ્રહાર કરીને આ પદયાત્રાઓને રોકવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો.

તેમણે કહ્યું કે ભાજપે કેજરીવાલની પદયાત્રા દરમિયાન તેમના પર હુમલો કરીને તેને લોકો સુધી પહોંચતા અટકાવવાનો પ્રયાસ કર્યો છે.

હું ભાજપ સમક્ષ પડકાર ફેંકું છું કે તે આપ દ્વારા કરવામાં આવેલાં કામોનો મુકાબલો કરે, કારણ કે ૨૨ રાજ્યોમાં તેની સરકાર છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ભાજપે દિલ્હીના લોકો માટે તેની સરકાર દ્વારા કરવામાં આવી રહેલાં વિકાસ કાર્યોને રોકવા માટે આપ નેતાઓને જેલમાં ધકેલી દીધા છે. આપના આરોપો પર ભાજપ તરફથી તાત્કાલિક કોઇ પ્રતિક્રિયા આવી નથી. નોંધનીય છે કે ૨૫ ઓક્ટોબરના રોજ આમ આદમી પાર્ટીએ આરોપ લગાવ્યો હતો કે ઝેડ પ્લસ સુરક્ષા કવચ ધરાવતા કેજરીવાલ પર પશ્ચિમ દિલ્હીના વિકાસપુરીમાં પદયાત્રા દરમિયાન 'ભાજપના ગુંડાઓ'એ હુમલો કર્યો હતો. આ આરોપોનું ભગવા પાર્ટીએ ખંડન કર્યું હતું.

ભાજપ ઝારખંડમાં સમાન નાગરિક ધારાનો અમલ કરશેઃ અમિત શાહ

મહિલાઓ, વિદ્યાર્થીઓ, યુવાનો, વૃદ્ધો, ગરીબો માટે વચનોની લહાણી

ચૂંટણીઢંઢેરોઃ રાંચીમાં ઝારખંડ વિધાનસભાની ચૂંટણી માટેનો ભાજપનો ઢંઢેરો બહાર પાડતા કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ, ભાજપના ઝારખંડ એકમના પ્રમુખ બાબુલાલ મરાંડી અને અન્ય નેતાઓ. (પીટીઆઈ)

રાંચીઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે રવિવારે જાહેરાત કરી હતી કે ઝારખંડ વિધાનસભાની ચૂંટણી જીતીને ભાજપ રાજ્યમાં સત્તા પર આવશે તો સમાન નાગરિક ધારા (યુનિફોર્મ સિવિલ કોડ)નો અમલ કરશે, પણ આદિવાસીઓને આ ધારાના કાર્યક્ષેત્રમાંથી બાકાત રખાશે.

તેમણે મહિલાઓ, વિદ્યાર્થીઓ, યુવાનો, વૃદ્ધો, ગરીબોને વચનોની લહાણી કરતા જણાવ્યું હતું કે ભાજપ ઝારખંડની મહિલાઓને 'ગો-દીદી' યોજના હેઠળ દર મહિને રૂપિયા ૨,૧૦૦ એટલે કે દર વર્ષે રૂપિયા ૨૫,૨૦૦ આપશે.

અમિત શાહે જણાવ્યું હતું કે મહિલાઓને દિવાળી અને રક્ષાબંધન પર રાંધણગૅસનું એક - એક સિલિન્ડર ફ્રી (નિઃશુલ્ક) આપીશું. સ્નાતક અને અનુસ્નાતકના વિદ્યાર્થીઓને દર મહિને રૂપિયા બે હજારની મદદ કરાશે.

કેન્દ્રના ગૃહ પ્રધાને જણાવ્યું હતું કે ભાજપ ઝારખંડમાં યુવાનો માટે પાંચ લાખ નવી નોકરી ઊભી કરશે, જેમાં રાજ્ય સરકારની ત્રણ લાખ ખાલી જગ્યા માટે ભરતી કરાશે.

તેમણે જણાવ્યું હતું કે ઝારખંડમાં પાટનગર રાંચીની સાથે દરેક જિલ્લાના વડા મથકને રેલવે નેટવર્કથી જોડાશે અને ૨૫,૦૦૦ કિલોમીટરના ધોરીમાર્ગો બંધાશે.

અમિત શાહે જણાવ્યું હતું કે દરેક ગર્ભવતી મહિલાને 'માતૃત્વ સુરક્ષા (જુઓ પાનું ૨) ▶▶

ભાઈબીજઃ પ્રયાગરાજમાં બલહુઆઘાટ ખાતે ભાઈબીજ નિમિત્તે યમુનામાં પવિત્રસ્નાન અને પૂજા કરતા શ્રદ્ધાળુઓ. (પીટીઆઈ)

શ્રીનગરમાં સીઆરપીએફના બંકર પર ગ્રેનેડ એટેકઃ ૧૨ નાગરિક જખમી

સુરેશ એસ. ડુગર

શ્રીનગરઃ જમ્મુ અને કાશ્મીરમાં નિરંતર આતંકવાદી હુમલામાં વધારો થઈ રહ્યો છે, જેમાં ફરી આતંકવાદીઓના ગ્રેનેડ એટેકથી ખીણમાં નાગરિકોની સુરક્ષા મુદ્દે ગંભીર સવાલો ઊભા થયા છે. રવિવારે જમ્મુ કાશ્મીરના પાટનગર શ્રીનગરમાં આતંકવાદીઓ દ્વારા ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો છે, જેમાં ૧૨ જણ ઘાયલ થયા હોવાના સમાચાર છે.

આ હુમલો ઓલ ઈન્ડિયાના રેડિયો સ્ટેશનની બહાર સીઆરપીએફના બંકર પર કરવામાં આવ્યો છે. હુમલાખોરોએ માર્કેટના ભીડવાળા વિસ્તાર ટૂરિઝમ સેન્ટર (ટીઆરસી) નજીક ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ઘાયલ લોકોને સારવાર અર્થે નજીકની હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ હુમલો થયો ત્યારે આસપાસના વિસ્તારોમાં પર્યટકોની ચહલપહલ વધુ હતી, (જુઓ પાનું ૨) ▶▶

વંદે ભારત ટ્રેન પર પથ્થરમારોઃ સાંસદ ચંદ્રશેખર આઝાદનો થયો બચાવ

લખનઊઃ ઉત્તર પ્રદેશની પેટાચૂંટણી વચ્ચે નગીનાથી સાંસદ અને ભીમ આર્મી ચીફ ચંદ્રશેખર આઝાદે તાજેતરમાં જ વંદે ભારત ટ્રેનમાં મુસાફરી કરી હતી. તેમણે સોશિયલ મીડિયા મારફતે જાણકારી આપી હતી કે તેઓ જે વંદે ભારત ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા તેના પર હુમલો થયો હતો. તેમણે કહ્યું હતું કે આ હુમલો દિલ્હીથી કાનપુર આવતી વંદે ભારત ટ્રેન પર કરવામાં આવ્યો હતો. સાંસદના જણાવ્યા અનુસાર જ્યારે ટ્રેન બુલંદશહર સ્ટેશનની આગળ પહોંચી ત્યારે તેના પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

હુમલાની માહિતી આપતા સાંસદે લખ્યું હતું કે , 'આજે સવારે હું વંદે ભારત ટ્રેન દ્વારા દિલ્હીથી કાનપુર જઈ રહ્યો હતો. સવારે લગભગ ૭:૧૨ વાગ્યે, જેવી જ ટ્રેન બુલંદશહર જિલ્લાના કમાલપુર સ્ટેશનથી આગળ નીકળી ત્યારે બહારથી કેટલાક અસામાજિક તત્ત્વોએ પથ્થરમારો કર્યો, જેના કારણે મારી બે સીટ આગળ બેઠેલા મુસાફરની બારીનો કાચ તૂટી ગયો. આ ઘટનાથી હું ચોંકી ગયો અને સ્તબ્ધ થઈ ગયો.'

નગીના સાંસદે કહ્યું, 'આ ઘટનાથી માત્ર સરકારી સંપત્તિને જ નુકસાન થયું (જુઓ પાનું ૨) ▶▶

ભારત અને ચીને લશ્કર પાછું ખેંચવામાં 'થોડી પ્રગતિ' કરી હોવાનો જયશંકરનો દાવો

બ્રિસબેનઃ વિદેશ પ્રધાન એસ. જયશંકરે ભારત અને ચીને સરહદ પરની ખરી અંકુશ હરોળ (લાઇન ઑફ ઍક્ચ્યુઅલ કન્ટ્રોલ - એલએસી) ખાતેથી લશ્કર પાછું ખેંચવામાં 'થોડી પ્રગતિ' કરી હોવાનો દાવો કર્યો હતો અને તેને 'આવકારદાયક પગલું' ગણાવ્યું હતું.

ભારત અને ચીને પૂર્વ લદાખમાંના બે વિસ્તાર - દેમચોક અને ડેપ્સાંગ ખાતેથી સૈનિકો પાછા ખેંચ્યા છે. ભારતના લશ્કરે આ બન્ને જગ્યાએ 'વેરિફિકેશન પેટ્રોલિંગ' શરૂ કર્યું છે. એક સમયે ભારત અને ચીન વચ્ચેના સંબંધ બહુ જ વણસી ગયા હતા, પરંતુ અમુક બાબતમાં બન્ને દેશના લશ્કર વચ્ચે સમજૂતી સધાઇ છે.

જયશંકરે જણાવ્યું હતું કે રશિયામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી ચીનના પ્રમુખ શી જિનપિંગને મળ્યા હતા. આ ઉપરાંત, બન્ને દેશના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોએ પણ મળીને આપસનો વિવાદ ઉકેલવાનું નક્કી કર્યું હતું.

અગાઉ, વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ૨૧ ઑક્ટોબરે જણાવ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે ઉચ્ચ સ્તરની મંત્રણા થઇ હતી અને ૨૦૨૦ની મડાગાંઠને પગલે ઊભી થયેલી સમસ્યા ઉકેલવા સમજૂતી સધાઇ હતી. પૂર્વ લદાખમાં સરહદ પરની ખરી અંકુશ હરોળ ખાતેથી સૈનિકોને પાછા ખેંચવાનું નક્કી કરાયું હતું.

ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ૨૦૨૦ના જૂનમાં ગલવાન ખીણ વિસ્તારમાં અથડામણ થઇ હતી. જયશંકર રવિવારે સવારે અહીં આવી પહોંચ્યા હતા. તેઓ બે દેશના પ્રવાસે છે. વિદેશ પ્રધાન હવે સિંગાપોર જશે. (એજન્સી)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

ન્યૂ ઝીલેન્ડ સામે નાલેશીભરી હાર, આપણા ક્રિકેટરોમાં શરમ જ નથી

ન્યુઝીલેન્ડે ત્રીજી ટેસ્ટમાં ભારતને ૨૫ રને હરાવ્યું એ સાથે જ ભારતીય ક્રિકેટ ટીમના નામે વધુ એક નાલેશી લખાઈ ગઈ. ભારતીય ટીમ આ શ્રેણીમાં પહેલાં જ બે ટેસ્ટ મેચ હારી ચૂકી હતી. ભારતને બેંગલુરુ ટેસ્ટ મેચમાં આઠ વિકેટે અને પુણે ટેસ્ટ મેચમાં ૧૧૩ રનથી હારનો સામનો કરવો પડ્યો હતો તેથી સિરીઝ તો હાથથી ગયેલી જ પણ મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી છેલ્લી ટેસ્ટ મેચ જીતીને રહીસહી આબરૂ બચાવવાની છેલ્લી તક રોહિત શર્માની ટીમ સામે હતી. રોહિત શર્માની ટીમે આઘાતજનક બેટિંગ કરીને એ તક રોળી નાખી અને ચોથી ઈનિંગ્સમાં જીતવા માટેના ૧૪૭ રન પણ ટીમ ના કરી શકી.

સ્પિનરોની પિચ પર ભારતીય સ્પિનરોએ ન્યુઝીલેન્ડને સસ્તામાં નિપચાવી દીધું પછી ભારતને માત્ર ૧૪૭ રનનો ટાર્ગેટ મળ્યો હતો પણ આખી ટીમ ૧૨૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આ ૧૨૧ રનમાં પણ ભારત માટે ૬૪ રન તો રિષભ પંતે બનાવ્યા હતા જ્યારે એક્સ્ટ્રાના ૧૨ રન હતા એ જોતાં ૭૬ રન તો એ થઈ ગયા. મતલબ કે, બાકીના ૧૦ ખેલાડી ગણીને ૪૫ રન બનાવી શક્યા.

આ જીત સાથે ન્યુઝીલેન્ડની ટીમે ત્રણ ટેસ્ટ મેચની સિરીઝ ૩-૦થી જીતી લીધી છે અને પોતાના નામે સુવર્ણ સિદ્ધિ લખાવી દીધી છે કેમ કે ન્યુઝીલેન્ડની ટીમે પહેલીવાર ભારતમાં ટેસ્ટ શ્રેણી જીતી છે. ન્યુઝીલેન્ડની ટીમ આટલાં વરસથી ભારત સામે રમે છે પણ કદી ટેસ્ટ સિરીઝ નહોતી જીતી શકી. રોહિત શર્માની ટીમના કારણે ન્યુઝીલેન્ડે એ સપનું પણ પૂરું કરી નાખ્યું. આ હાર સાથે ભારતીય ટીમને ૨૪ વર્ષ બાદ ઘરઆંગણે ક્લીન સ્વીપ મળી છે, મતલબ કે, ભારતની ટીમ સિરીઝની બધી મેચ હારી છે.

આ પહેલાં ટીમ ઈન્ડિયા ૨૦૦૦માં સાઉથ આફ્રિકા સામે ૨ મેચની ટેસ્ટ સિરીઝમાં બંને ટેસ્ટ હારીને ધોળકું ધોળી ચૂકી હતી. હવે ન્યુઝીલેન્ડ સામે એ રીતે જ ઈજ્જતનો કચરો કરી નાખ્યો છે. ન્યુઝીલેન્ડ સામે હાર સાથે ભારતે ૧૨ વર્ષ પછી હોમ ગ્રાઉન્ડ પર ટેસ્ટ સિરીઝમાં હારનો સામનો કરવો પડ્યો છે. ભારત છેલ્લે ૨૦૧૨માં ઈંગ્લેન્ડ સામે ૨-૧થી સિરીઝ હારેલું ને એ પછી ઘરઆંગણે કદી નહોતું હાર્યું. રોહિત શર્માની ટીમે એ નાલેશી પણ આપણા નામે લખી દીધી.

ન્યુઝીલેન્ડ સામેની સિરીઝની હાર ભારતીય ક્રિકેટ ચાહકો માટે અત્યંત આઘાતજનક છે કેમ કે ન્યુઝીલેન્ડની ટીમ વિશ્વ ક્રિકેટમાં એવી જબરદસ્ત નથી ગણાતી. ઓસ્ટ્રેલિયા કે ઈંગ્લેન્ડ જેવી ટીમની સરખામણીમાં ન્યુઝીલેન્ડની ટીમ બહુ નબળી કહેવાય. ન્યુઝીલેન્ડની ટીમની બેટિંગ કેન વિલિયમસન પર કેન્દ્રિત થયેલી છે. આ સિરીઝમાં કેન વિલિયમસન પાછો હતો નહીં ને છતાં આપણે હારી ગયા છીએ.

બીજું એ કે, ઘરઆંગણે આપણે હાર્યા છીએ. પોતાની ધરતી પર ભારત શેર ગણાય છે કેમ કે ભારતમાં સ્પિનરોને મદદ કરતી પિચો બનાવીને ભારત વિદેશી ટીમોને ધરાશાયી કરી નાખે છે. આ સિરીઝની ત્રણેય ટેસ્ટમાં પણ સ્પિનરો હાવી રહેલા ને આપણા સ્પિનરોએ પોતાને માફક આવે એવી પિચો પર અપેક્ષા પ્રમાણેનો દેખાવ કર્યો પણ આપણા કહેવાતા ધુરંધર બેટ્સમેન પાણીમાં બેઠા તેમાં આપણી ઈજ્જતનો ફાલુદો થઈ ગયો. ન્યુઝીલેન્ડ પાસે એવા જબરદસ્ત સ્પિનરો જ નથી. સેન્ટનરનો આ સિરીઝ પહેલાંનો દેખાવ સાવ સામાન્ય હતો પણ પહેલી બે ટેસ્ટમાં તેની સામે આપણા ખેલાડી સાવ લાચાર થઈ ગયા. ત્રીજી ટેસ્ટમાં સેન્ટનર નહોતો તેથી જીતવાની તક હતી તો એજાઝ પટેલે આપણી મેથી મારીને મૂકી દીધી.

આ આખી સિરીઝમાં રિષભ પંતને બાદ કરતાં કોઈ એવો બેટ્સમેન નથી કે જેણે સાતત્યપૂર્ણ બેટિંગ કરી હોય. સરફરાઝ ખાને પહેલી ટેસ્ટમાં ફટકારેલ સદીને બાદ કરતાં ભારત તરફથી કોઈ બેટ્સમેન સદી નથી ફટકારી શક્યો. બેંગલુરુ ટેસ્ટમાં ભારતની ટીમે માત્ર ૪૬ રનમાં ઓલઆઉટ થઈને કરેલા શરમજનક દેખાવ પછી બીજી ઈનિંગ્સમાં ૪૬૨ રન કર્યા પણ એ પછીની ચાર ઈનિંગ્સમાંથી એક પણ ઈનિંગમાં ભારતીય ટીમનો સ્કોર ૩૦૦ રનને પાર પણ નથી થયો. દરેક ઈનિંગમા ન્યુઝીલેન્ડના સાવ નવાસવા ખેલાડીઓ આપણા ધુરંધરો કરતાં ચડિયાતા સાબિત થયા છે. બીજી ટેસ્ટમાં સ્પિનરોએ સારો દેખાવ કરીને ન્યુઝીલેન્ડને ૨૫૯ રનમાં ઓલઆઉટ કર્યું તો બેટ્સમેન પાણીમાં બેઠા ને માત્ર ૧૫૯ રનમાં આપણો વીંટો વળી ગયો ને એ જ વખતે આપણે હારી ગયેલા.

મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરીને પહેલી ઇનિંગમાં ૨૩૫ રન બનાવ્યા હતા. જવાબમાં ભારતીય ટીમ પ્રથમ દાવમાં ૨૬૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ ને મોટી લીડ ના મેળવી શકી. જો કે ભારત પાસે ૨૮ રનની લીડ હતી ને ન્યૂઝીલેન્ડનો બીજો દાવ ૧૭૪ રન પર સમેટાઈ ગયો તેથી ભારતને ૧૪૭ રનનો ટાર્ગેટ મળ્યો હતો પણ આપણી ટીમ ૧૪૭ રન પણ ન કરી શકી ને ૧૨૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ.

ન્યુઝીલેન્ડ સામેની સિરીઝ પછી ભારતીય ક્રિકેટ ટીમ વિશે ગંભીરતાથી વિચારવાની જરૂર છે. રોહિત શર્મા, વિરાટ કોહલી વગેરે કહેવાતા જૂના ખેલાડી જ નહીં પણ શુભમન ગિલ, સરફરાઝ ખાન, રીષભ પંત, યશસ્વી જયસ્વાલ વગેરે નવા ખેલાડીઓ પણ કમને રમતા હોય એવું લાગે છે. આપણા ખેલાડીઓને ટેસ્ટ મેચ રમવામાં રસ જ ના હોય ને જેમ બને તેમ જલદી આઉટ થઈને પેવેલિયનમાં પાછા જવામાં જ રસ હોય એવી તેમની બેટિંગ છે. દેશ માટે રમવાના બદલે રમવા ખાતર રમતા હોય એ રીતે રમનારા આ ખેલાડીઓની ખરેખર ટીમને જરૂર છે કે નહીં એ વિશે વિચારવાનો સમય આવી ગયો છે. સાથે સાથે આ સ્થિતિ કેમ છે એ પણ વિચારવાની જરૂર છે.

ભારતીય ક્રિકેટરોને હવે માત્ર ને માત્ર આઈપીએલ રમવામાં રસ હોય એવું લાગે છે. આઈપીએલમાં પાંચ કલાક રમીને કરોડો કમાવવા મળે છે તેથી દેશ માટે પાંચ દિવસ પરસેવો પાડીને ટેસ્ટ મેચ રમવામાં તેમને રસ જ રહ્યો નથી. બોર્ડમાં બેઠેલા લોકોને પણ કદાચ ટેસ્ટમાં રસ નથી. આઈસીસીના કારણે ટેસ્ટ મેચો રમાડવી પડે છે તેથી રમાડાય છે, બાકી બોર્ડની પ્રાયોરિટી પણ આઈપીએલ જ છે. આ માનસિકતા હોય ત્યાં ન્યુઝીલેન્ડ સામેની કારમી હાર જેવી હારની નવાઈ ના લાગવી જોઈએ. ■

આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌરહેમંતઋતુ પ્રારંભ),
સોમવાર, તા. ૪-૧૧-૨૦૨૪ ગૌરી વ્રત

- ભારતીય દિનાંક ૧૩, માહે કાર્તિક, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, કાર્તિક સુદ -૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે કાર્તિક, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૪થો તીર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૮મો આવાં, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૩જો, માહે ૫મો જમાદીલ અવ્વલ, સને ૧૪૪૬
- નક્ષત્ર અનુરાધા સવારે ક. ૦૮-૦૩ સુધી પછી જયેષ્ઠા.
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૪૧ અમદાવાદ ક. ૦૬ મિ. ૪૭ સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૯ સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતી : બપોરે ક. ૧૩-૦૨, મધ્યરાત્રિ પછી. ક. ૦૧-૫૧
- ઓટઃ સવારે ક.૦૭-૦૯, સાંજે ક. ૦૮-૫૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, કાર્તિક શુક્લ - તૃતીયા. ગૌરી વ્રત, મુસ્લિમ જમાદીલ અવ્વલ માસારંભ, વિંછુડો.

શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ

- મુહૂર્ત વિશેષઃ જયેષ્ઠા જન્મ નક્ષત્ર શાંતિ પૂજા,સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, ચંદ્ર દેવતા, ઇંદ્ર દેવતાનું પૂજન,ઔષધ ઉપચાર, પરદેશ ગમનનું પસ્તાનું,નવા વસ્ત્રો-આભૂષણ, હજામત, વાહન, યંત્રારંભ, ખેતીવાડી, પશુ લે-વેચ, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ મતલબી, સૂર્ય-શનિ ત્રિકોણ મહેનતું, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ દંભી, ચંદ્ર-હર્ષલ યુતિ (તા. ૫) અચોક્કસ મનનાં.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ચતુષ્કોણ, સૂર્ય-શનિ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ પ્રતિયુતિ (તા. ૫), ચંદ્ર-હર્ષલ યુતિ (તા. ૫).

- ગોચરગ્રહોઃ સૂર્ય-તુલા, મંગળ-કર્ક, બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર-વૃશ્ચિક, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

ગિરદી: પટણામાં 'છઠ પૂજા'ને લીધે રવિવારે ટ્રેનમાં ભારે ભીડ થઇ હતી. મુસાફરોએ ટ્રેનમાં ચઢવા ભારે ધક્કામુક્કી કરવી પડી હતી. (પીટીઆઇ)

સુનિલ શર્માની જમ્મુ-કાશ્મીરમાં ભાજપ ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદગી

શ્રીનગરઃ ભૂતપૂર્વ પ્રધાન સુનિલ શર્માને રવિવારે જમ્મુ અને કાશ્મીર ભાજપ ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. કિશ્તવાડ જિલ્લાના પદ્દર નાગસેનીના ધારાસભ્યનું જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા બનવાનું નક્કી છે.

ધારાસભ્ય દળની બેઠક બાદ ભાજપના પ્રવક્તાએ જણાવ્યું કે સુનિલ શર્માને ભાજપ ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે. તેઓ વિધાનસભામાં વિપક્ષના નેતા હશે. ૪૭ વર્ષીય ભાજપ નેતા જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં બીજી ટર્મ માટે ચૂંટાયા હતા.

શર્માએ કેન્દ્રશાસિત પ્રદેશમાં ૨૦૨૨ની સીમાંકન પ્રક્રિયા બાદ નવા રચાયેલા મતવિસ્તાર પદ્દર નાગસેનીમાંથી સામાન્ય અંતરે જીત હાંસલ કરી હતી. શર્મા ૨૦૧૪થી ૨૦૧૮ સુધી પીડીપી-ભાજપ ગઠબંધન સરકારમાં રાજ્ય પ્રધાન હતા. ■

અમેરિકાના ઓક્લાહોમામાં વાવાઝોડુંઃ અનેક ઘાયલ, હજારો લોકો વીજળી વિહોણા થયા

ઓક્લાહોમા શહેર (અમેરિકા): ઓક્લાહોમામાં શનિવારની મધરાત પછી અને રવિવારે વહેલી સવારે ફૂંકાયેલા વાવાઝોડા અને તેને લીધે પડેલા ભારે વરસાદમાં અનેક લોકો ઘાયલ થયા હતા અને ૯૫,૦૦૦થી વધુ લોકોના ઘર અને ઑફિસમાંનો વીજ પુરવઠો ખોરવાયો હતો.

વાવાઝોડામાં અનેક કાર અને વાહનો ફંગોળાયા હતા અને ઘણાં ઘરની છત તૂટી ગઇ હતી.

ઓક્લાહોમા શહેર ઉપરાંત આર્કાન્સાસની સરહદ સુધી વાવાઝોડાની અસર જોવા મળી હતી. રસ્તા પર ઠેર ઠેર તૂટેલા વૃક્ષો અને અન્ય કાટમાળ પડ્યો હતો.

ઓક્લાહોમા શહેરની પોલીસે જણાવ્યું હતું કે વાવાઝોડામાં ઘાયલ થયેલા ઓછામાં ઓછા છ જણને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

ઓક્લાહોમાના સીમાડે આવેલા ચોક્ટાવ નગરમાં શનિવારે મધરાત બાદ વાવાઝોડું ત્રાટક્યું હતું. અગ્નિશામક દળ અને પોલીસે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી હતી.

ઓક્લાહોમા યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીઓને સલામત સ્થળે જવાનો આદેશ અપાયો હતો. ઓક્લાહોમામાં રવિવારે વાવાઝોડા સાથે ભારે વરસાદ પણ પડ્યો હતો. (એજન્સી) ■

દિલ્હીના રસ્તા પર કારચાલકની દબંગાઇ, બે પોલીસ જવાનોને બોનેટ પર ૨૦ મીટર ઢસડ્યા

નવી દિલ્હીઃ હિટ એન્ડ રનના કેસમાં દક્ષિણ પશ્ચિમ દિલ્હીમાં ડ્યૂટી પર તૈનાત દિલ્હી ટ્રાફિક પોલીસના બે જવાનોને કથિત રીતે કારચાલકે કારની બોનટ પર લગભગ ૨૦ મીટર સુધી ઢસડ્યા હોવાની ઘટના બની હતી. એક પોલીસ અધિકારીએ આ જાણકારી આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના શનિવારે સાંજે લગભગ ૭.૪૫ વાગ્યે વેદાંત દેશિકા માર્ગ પાસે બેર સરાઈ ટ્રાફિક સિગ્નલ પર બની હતી.

અધિકારીએ કહ્યું હતું કે, ''કિશન ગઢ પોલીસ સ્ટેશનમાં એક પીસીઆર કોલ આવ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે એક અજાણ્યા વાહને ફરજ પરના ટ્રાફિક પોલીસ કર્મીઓને ટક્કર મારી હતી અને કારચાલક ઘટનાસ્થળેથી ભાગી ગયો હતો.'' તેમણે કહ્યું કે એક ટીમને તાત્કાલિક સ્થળ પર મોકલવામાં આવી હતી અને જાણવા મળ્યું હતું કે ઘાયલ જવાનોને પીસીઆર વાન મારફતે સફદરજંગ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું કે ટીમ હોસ્પિટલ પહોંચી અને મદદનીશ સબ-ઇન્સ્પેક્ટર (એએસઆઇ) પ્રમોદ અને હેડ કોન્સ્ટેબલ શૈલેષ ચૌહાણની હાલત સ્થિર હોવાની જાણકારી મળી હતી.

બે ટ્રાફિક પોલીસ જવાનોના નિવેદન અનુસાર, તેઓ ટ્રાફિક ઉલ્લંઘન માટે નિયમિત ચલણ આપી રહ્યા હતા. અધિકારીઓએ કહ્યું કે લગભગ ૭.૪૫ વાગ્યાની આસપાસ એક કારને ટ્રાફિક સિગ્નલ પર રેડ લાઇટના નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું, જ્યારે શૈલેષે કાર ચાલકને રોકવાનો ઇશારો કર્યો તો ડ્રાઇવરે શરૂઆતમાં તેની કાર રોકી હતી, પરંતુ અચાનક ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો. કારચાલક બંને કર્મચારીઓને બોનેટ પર લગભગ ૨૦ મીટર સુધી ખેંચીને લઇ ગયો હતો. ફોરેન્સિક ટીમે ઘટનાસ્થળની તપાસ કરી હતી.

અધિકારીએ કહ્યું હતું કે ''એએસઆઈ પ્રમોદ અને હેડ કોન્સ્ટેબલ શૈલેષને થયેલી ઈજાઓ સામાન્ય છે.'' પરંતુ કારચાલકનો ઇરાદો તેમને મારવાનો હતો. આરોપી કારચાલક સામે હત્યાનો પ્રયાસ અને સરકારી કર્મચારીને ફરજ નિભાવવામાં અડચણ ઊભી કરવી, જાહેર જીવનને જોખમમાં નાખવા સહિતના આરોપો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ■

સફાઈ: સ્પેનના વાલેન્સિયાની નજીક પાઇપોર્ટા ખાતે પૂરને લીધે ફેલાયેલો કાદવ સાફ કરતા સ્થાનિક લોકો અને સ્વયંસેવકો. સ્પેનમાં તાજેતરમાં આવેલા પૂરમાં જાનમાલની ભારે હાનિ થઇ હતી. (એપી / પીટીઆઇ)

પહેલા પાનાનું ચાલુ

ઘરઆંગણે ટીમ ઇન્ડિયાનો

હતી. ઍજાઝે મૅચમાં કુલ ૫૭ રનમાં છ વિકેટ તથા ગ્લેન ફિલિપ્સે ૪૨ રનમાં ત્રણ અને મૅટ હેન્રીએ ૧૦ રનમાં એક વિકેટ લીધી હતી. એકંદરે, ઍજાઝ અને ફિલિપ્સે ૧૦માંથી નવ વિકેટ મેળવી હતી.

પહેલી બન્ને ટેસ્ટ ભારતે ખરાબ બેટિંગને લીધે જ ગુમાવી હતી. સિરીઝમાં ભારતે ૦-૩ના વાઈટ-વૉશથી બચવાનું હતું, પણ બૅટર્સ એટલું કામ પણ નહોતા કરી શક્યા.

કિવીઓની ટીમ રવિવારે સવારે બીજા દાવમાં ૧૭૪ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. સ્પિનર રવીન્દ્ર જાડેજાએ બીજા દાવમાં પણ પાંચ વિકેટનો તરખાટ મચાવ્યો હતો. પ્રથમ દાવની પાંચ વિકેટ સહિત આખી મેચમાં તેણે કુલ ૧૦ વિકેટ લઈને પોતાની જવાબદારી સંપૂર્ણપણે નિભાવી હતી.

અશ્વિને કિવીઓના બીજા દાવમાં ત્રણ, વૉશિંગ્ટન સુંદરે એક અને આકાશ દીપે એક વિકેટ લીધી હતી.

મૅન ઑફ ધ સિરીઝ વિલ યંગના ૫૧ રન કિવીઓની ટીમમાં હાઈએસ્ટ હતા.

પહેલા દાવમાં ન્યૂ ઝીલેન્ડે ૨૩૫ રન અને ભારતે ૨૬૩ રન બનાવ્યા હતા.

બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટમાં ભારતનો આઠ વિકેટે અને પુણેની બીજી ટેસ્ટમાં ૧૧૩ રનથી પરાજય થયો હતો. ■

ભારતે હવે ઑસ્ટ્રેલિયાને

આગળ નહીં થઈ શકે.

ભારત પૉઇન્ટ-ટેબલમાં પહેલા નંબર પરથી બીજા ક્રમે આવી ગયું છે.

ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલ માટેના દાવેદાર પહેલા પાંચ દેશની સ્થિતિ આ મુજબ છેઃ (૧) ઑસ્ટ્રેલિયા, ૬૨.૫૦ની ટકાવારી, ૯૦ પૉઇન્ટ (૨) ભારત, ૫૮.૩૩ની ટકાવારી, ૯૮ પૉઇન્ટ (૩) શ્રીલંકા, ૫૫.૫૬ની ટકાવારી, ૬૦ પૉઇન્ટ (૪) ન્યૂ ઝીલૅન્ડ, ૫૪.૫૫ની ટકાવારી, ૭૨ પૉઇન્ટ અને (૫) સાઉથ આફ્રિકા, ૫૪.૧૭ની ટકાવારી, બાવન પૉઇન્ટ.

ન્યૂ ઝીલૅન્ડ સામે ભારત ૦-૩થી હારી ગયું એનાથી ઑસ્ટ્રેલિયાને ફાયદો થયો છે. ઑસ્ટ્રેલિયા નવેમ્બર-ડિસેમ્બરમાં ઘરઆંગણે ભારતને ૩-૨થી હરાવશે તો પણ પૉઇન્ટ-ટેબલમાં ભારતથી આગળ રહેશે. ભારત પછી શ્રીલંકામાં જો ઑસ્ટ્રેલિયાની ટીમ બન્ને ટેસ્ટ હારી જશે તો પણ ભારતથી આગળ રહી શકશે. ટૂંકમાં, ઑસ્ટ્રેલિયાએ ફાઇનલમાં પહોંચવા આગામી સાતમાંથી પાંચ ટેસ્ટ જીતવી પડશે.

સાઉથ આફ્રિકા હવે શ્રીલંકા અને પાકિસ્તાન સામેની તમામ બે-બે ટેસ્ટ જીતીને ફાઇનલ માટે ક્વૉલિફાય થઈ શકશે.

ન્યૂ ઝીલૅન્ડે ભારત સામેની સિરીઝ ૩-૦થી જીતીને ટેસ્ટના વર્લ્ડ કપની ફાઇનલ માટે નવેસરથી દાવો કર્યો છે. જોકે કિવીઓ હવે પોતાની આગામી બાકીની ત્રણ ટેસ્ટ જીતીને ફાઇનલમાં પહોંચી શકે એમ છે.

શ્રીલંકા હવે સાઉથ આફ્રિકા સામેની તમામ બે અને ઑસ્ટ્રેલિયા સામેની તમામ બે ટેસ્ટ જીતીને ફાઇનલમાં જઈ શકશે. ■

યુગાન્ડામાં

પાલાબેક સેટલમેન્ટ કેમ્પમાં નિરાશ્રીતો હંગામી દેવળમાં પ્રાર્થના કરી રહ્યા હતા ત્યારે વીજળી પડી હતી.

ચોમાસામાં અહીં કાતીલ વીજળી પડવાના બનાવો સામાન્ય છે. જોકે વીજળી પડ્યા બાદ આગ લાગવાના અહેવાલ નથી. (એજન્સી) ■

કેદારનાથ ધામના

આ એક લોકપ્રિય તીર્થ સ્થાન છે. કેદારનાથના દરવાજા શિયાળામાં બંધ કરી દેવામાં આવે છે, આ સમય દરમિયાન તે બરફથી ઢંકાયેલું રહે છે. ગૌરે જણાવ્યું કે ભગવાન શિવની મૂર્તિને ઓમકારેશ્વર મંદિરના દરવાજા બંધ થતા પહેલા એક પાલખીમાં મંદિરની બહાર લાવવામાં આવી હતી, જ્યાં શિયાળા દરમિયાન તેની પૂજા કરવામાં આવશે. ■

ભાજપ ઝારખંડમાં

યોજના' હેઠળ છ પોષક તત્ત્વો સાથેની કિટ અપાશે તેમ જ રૂપિયા ૨૧,૦૦૦ની સહાય કરાશે. ગરીબ છોકરીઓને 'બાળમંદિરથી અનુસ્નાતક' સુધીના અભ્યાસ માટે નિઃશુલ્ક શિક્ષણ પૂરું પાડવામાં આવશે.

તેમણે રાજ્યમાં દસ મેડિકલ કોલેજ શરૂ કરવાની અને આયુષ્માન ભારત જીવન યોજના હેઠળ ૭૦ વર્ષ કે તેનાથી મોટી વયના વૃદ્ધોને રૂપિયા દસ લાખની મેડિકલ સારવાર ફ્રી આપવાની પણ બાંયધરી આપી હતી.

અમિત શાહે 'પેપર ફૂટવાના' કેસની તપાસ સીબીઆઇ અને ખાસ તપાસ ટુકડી દ્વારા કરાવવાનું તેમ જ ગુનેગારોને કડક સજા અપાવવાનું વચન પણ આપ્યું હતું. (એજન્સી) ■

વંદે ભારત ટ્રેન

નથી પરંતુ મુસાફરોની સુરક્ષા પર પણ સવાલો ઊભા થયા છે. આવી ઘટનાઓ નિંદનીય છે અને તેને કોઈપણ કિંમતે સ્વીકારી શકાય નહીં. એક રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૨માં આવી ઘટનાઓની સંખ્યા ૧૫૦૩ પર પહોંચી જશે જેના કારણે રેલવેને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.'

તેમણે આગળ લખ્યું હતું કે, 'આ આંકડો એ વિચારવા મજબૂર કરે છે કે આવી ઘટનાઓ વારંવાર કેમ બની રહી છે. ટ્રેનો પર પથ્થરમારો ન માત્ર જાનમાલને નુકસાન પહોંચાડે છે પરંતુ મુસાફરો માટે જીવલેણ પણ સાબિત થઈ શકે છે. એ સમજવાની જરૂર છે કે રેલવે દેશની અમૂલ્ય સંપત્તિ છે અને તેની જાળવણી એ દેશના તમામ નાગરિકોની જવાબદારી છે.'

ચંદ્રશેખર આઝાદે લખ્યું હતું કે, 'આવી હરકતોથી સમાજમાં અસુરક્ષાની લાગણી પેદા થાય છે. સાથે આપણા દેશની છબીને પણ નુકસાન પહોંચે છે. આવી ઘટનાઓને રોકવા માટે કેન્દ્રીય રેલવે મંત્રી, રેલવે પોલીસ અને પ્રશાસને કડક પગલાં ભરવા જોઈએ અને સમાજમાં જાગૃતિ ફેલાવવી જોઈએ.'

ભીમ આર્મી ચીફે લખ્યું, 'મારું નિવેદન છે કે પરિવારમાં માતા-પિતા અને શાળાઓમાં શિક્ષકો દ્વારા બાળકોને આ વિષય પર જાગૃત કરવા જરૂરી છે. આનાથી આવી ઘટનાઓ તો ઓછી થશે જ, પરંતુ રેલવે મુસાફરોની સુરક્ષા પણ સુનિશ્ચિત થશે. આપણે સૌએ જાગૃત નાગરિક બનવું જોઈએ. આ દેશ આપણો છે અને દેશની જાનમાલની સુરક્ષા એ માત્ર સરકારની જ નહીં પરંતુ આપણા સૌની નૈતિક જવાબદારી અને બંધારણીય મૂળભૂત ફરજ છે.' ■

શ્રીનગરમાં

તેથી વધુ લોકોને ઈજા પહોંચવાના સમાચાર છે.

શ્રીનગરના લાલ ચૌક ખાતે દર રવિવારે વીકલી માર્કેટ લાગે છે, જેમાં મોટી સંખ્યામાં પર્યટકો પણ ખરીદી માટે આવે છે. આ હુમલાની તપાસ માટે કાશ્મીર પોલીસ દ્વારા વિશેષ ટુકડીને તહેનાત કરવામાં આવી છે, જ્યારે હુમલાખોરોને પકડવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

એક દિવસ પહેલા ખાનયારમાં આર્મી અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી, જેમાં આતંકવાદીઓ મોતને ભેટ્યાં હતાં. અનંતનાગ અને શ્રીનગરના ખાનયારમાં આર્મી અને આતંકવાદીઓ વચ્ચે જોરદાર અથડામણ થઈ હતી, જેમાં પાકિસ્તાન સ્થિત લશ્કરનો એક સિનિયર કમાન્ડર પણ હતો, જે મોટો હુમલો કરવાની વેતરણમાં એક ઘરમાં છુપાયો હતો.

આ અગાઉ શુક્રવારે આતંકવાદીઓએ બે મજૂર પર ગોળીબાર કર્યો હતો, જ્યાં બંને જણને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બંને જણ ઉત્તર પ્રદેશના રહેવાસી છે. ઉસ્માન મલિક (૧૯) અને સુફિયાન સહારનપુર (૨૫) તરીકે ઓળખ કરવામાં આવી છે. ■

આજે કટોકટીનો દિવસ

બળવાખોરોને એક દિવસમાં મનાવી શક્યા તો ઠીક, નહીં તો...

મુંબઈઃ મહારાષ્ટ્રમાં બળવાખોર ઉમેદવારોને મનાવવા માટે રાજકીય પક્ષો વચ્ચે ખેંચતાણ ચાલી રહી છે. સોમવારે નામાંકન પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે. આવી સ્થિતિમાં બળવાખોર ઉમેદવારોને મનાવવા માટે રાજકીય પક્ષો પાસે માત્ર એક જ દિવસ બાકી રહ્યો છે. દરમિયાન, મહાયુતિ (શિવસેના, ભાજપ અને એનસીપી)ના નેતાઓની એક મહત્વપૂર્ણ બેઠક મુંબઈમાં મુખ્ય પ્રધાનના નિવાસસ્થાન વર્ષા બંગલે યોજાઈ હતી. ભાજપના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ વર્ષા બંગલે પહોંચ્યા હતા. લગભગ ત્રણ કલાક સુધી ચાલેલી આ બેઠકમાં બળવાખોર ઉમેદવારોને કેવી રીતે મનાવવા અને ઉમેદવારીપત્રો પરત ખેંચવા તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે છેલ્લી વખત પાર્ટી લાઇનને ધ્યાનમાં લીધા વિના ચૂંટણીમાં ઉતરેલા ઉમેદવારોને શાંત કરવાનો પ્રયાસ કરવામાં આવશે. જો તેઓ સંમત થાય તો ઠીક અન્યથા તેમની સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.

ભાજપ અને શિંદે જૂથના ૨૦ જેટલા ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે અને તેમના પર નામ પાછા ખેંચવાનું દબાણ છે. જો મહાયુતિની વાત કરીએ તો આવા ૩૫ જેટલા નેતાઓ બળવાખોર વલણ લઈને મેદાનમાં ઉતર્યા છે. હવે યુતિના ચૂંટણી પ્રભારી બળવાખોરોને મનાવવાનો રસ્તો શોધી રહ્યા છે. જો તેમના

(જુઓ પાનું ૪) ▶▶

'દેશદ્રોહીઓ મુખ્ય પ્રધાન બની જાય છે'

ભાજપી નેતાના નિવેદનથી વિવાદ થવાની શક્યતા

મુંબઈઃ મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીનો સમય જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ દરેક પક્ષનો ચૂંટણી પ્રચાર પણ વેગ પકડતો જાય છે. દરેક પક્ષ જીતવા માટે કમર કસી રહ્યો છે અને જુદા જુદા વચનો આપી મતદાતાઓને રિઝવવાની કોશિશ કરી રહ્યો છે. દરમિયાન ઉલ્હાસનગરના ભાજપ જિલ્લા પ્રમુખ પ્રદીપ રામચંદાનીએ એક બેઠક દરમિયાન જણાવ્યું હતું કે હવે તો કોઇ દેશદ્રોહી રહ્યા નથી. જેને દેશદ્રોહી ગણવામાં આવે છે તેઓ મુખ્ય પ્રધાન બની જાય છે. રામચંદાનીના આ નિવેદન પર શિંદેસેના તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આવી નથી, પરંતુ એમ માનવામાં આવે છે કે તેમના આ નિવેદનથી ભાજપ અને શિવસેના વચ્ચે ફરીથી વિવાદ થઈ શકે છે. શાસક મહાયુતિએ ઉલ્હાસનગરના વિધાનસભ્ય કુમાર ઈલાનીને ફરી એકવાર પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. તાજેતરમાં ઉલ્હાસનગર ખાતે ભાજપ દ્વારા એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સમયે સંબોધન કરતા ઉલ્હાસનગર જિલ્લા પ્રમુખ પ્રદીપ રામચંદાનીએ કહ્યું હતું કે હવે રાજકારણની વ્યાખ્યા બદલાઇ ગઇ છે. હવે દેશદ્રોહી નથી કહેવાતા. જેને દેશદ્રોહી કહે છે તેઓ હવે મુખ્ય પ્રધાન બની ગયા છે. રામચંદાની આટલેથી જ નહોતા અટક્યા. તેમણે જણાવ્યું હતું કે જે લોકોએ ગદ્દારી કરી છે તેઓ હવે અમારી પાર્ટીમાં જોડાયા છે અને અમે તેમને ખુદ્દાર કહીએ છીએ. ભાજપા જિલ્લા પ્રમુખના આ બયાનથી હડકંપ મચી ગયો છે. તેમના આ બયાન પર શિંદે સેનાના પ્રતિભાવ આવવાના હજી બાકી છે. ■

ભાઈબીજના દિવસે 'બેસ્ટ'નો 'વર્સ્ટ' અનુભવ

કર્મચારીઓના કામ બંધની આંશિક અસર, ૮૮.૨૬ ટકા બસ દોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાઈબીજના તહેવારના દિવસે મુંબઈગરાને બાનમાં લેવાની બેસ્ટ કર્મચારીઓના યુનિયનની યોજના નિષ્ફળ રહી હતી. લાંબા સમયથી પ્રલંબિત રહેલી માગણીઓ સાથે બેસ્ટના અમુક યુનિયને રવિવારે ભાઈબીજના દિવસે કામ બંધ આંદોલનની જાહેરાત કરી હતી. જોકે બેસ્ટ કર્મચારીઓ જ આ આંદોલનથી દૂર રહ્યા હતા. બેસ્ટ પ્રશાસનના દાવા મુજબ ૮૮.૨૬ ટકા બસ ગાડીઓ રવિવારે ડેપોમાંથી બહાર નીકળી હતી. તેથી ભાઈબીજની ઊજવણી કરવા બહાર નીકળેલા લોકોને થોડી રાહત જણાઈ હતી. જોકે માગાઠાણે ડેપોને હડતાલની થોડી અસર વર્તાઈ હોવાનું બેસ્ટ પ્રશાસને જણાવ્યું હતું. દિવસ દરમિયાન રસ્તા પર ૨,૦૧૬ બસ રસ્તા પર દોડી હતી, જેમાં બેસ્ટની પોતાની માલિકીની સહિત કૉન્ટ્રેક્ટ પર લેવામાં આવેલી બસનો સમાવેશ થાય છે. બેસ્ટ ઉપક્રમના કર્મચારીઓ માટે સાનુગ્રહ-અનુદાન એટલે કે બોનસ જાહેર કરી શકાયું નહોતું. મુંબઈ મહાનગપાલિકાએ પોતાના કર્મચારીઓ માટે બોનસ જાહેર કર્યું હતું ત્યારે

(જુઓ પાનું ૪) ▶▶

ભાજપ માત્ર અમિત ઠાકરે માટે પ્રચાર કરશે

મુંબઈઃ માહિમ વિધાનસભા મતદારસંઘની ચૂંટણીને લઈને મહાયુતિમાં વાતાવરણ ગરમાયું છે. શિવસેના (એકનાથ શિંદે)એ અહીંથી વર્તમાન વિધાનસભ્ય સદા સરવણકરને ઉમેદવારી આપી છે. બીજી તરફ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)એ પાર્ટીના અધ્યક્ષ રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરેને માહિમથી ટિકિટ આપી છે. અમિત ઠાકરેને જીતાડવા માટે મનસેએ જોરદાર પ્રચાર શરૂ કર્યો છે. સાથે જ તેમને ભાજપનું સમર્થન પણ મળી રહ્યું છે. તેથી મનસે અને ભાજપ શિવસેના (શિંદે) પર સદા સરવણકરને ઉમેદવારી પાછી ખેંચવા માટે દબાણ બનાવી રહ્યા છે. પરંતુ સરવણકર અને મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ભાજપ-મનસેના દબાણ હેઠળ નમતું જોખ્યું ન હતું. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ શનિવારે (૨ નવેમ્બર) સદા સરવણકરને તેમના સંપૂર્ણ સમર્થનની જાહેરાત કરી હતી. તે પછી સદા સરવણકરે હવે જાહેરાત કરી છે કે તેઓ રાજ ઠાકરેને સીધા જ મળશે. બીજી બાજુ મનસે નેતા અને

(જુઓ પાનું ૪) ▶▶

લોકસભા ચૂંટણીમાં 'સાહેબ'ને ખુશ કર્યા, વિધાનસભાની ચૂંટણીમાં મને ખુશ કરોઃ અજિત પવાર

બારામતીઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે રવિવારે બારામતીના લોકોને રાજ્યની આગામી ચૂંટણીમાં તેમનું સમર્થન કરવાની અપીલ કરી હતી, જેમ કે તેઓએ તેમના કાકા શરદ પવારનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં તમે 'સાહેબ'ને ખુશ કર્યા હતા.

એનસીપી નેતાએ એવો પણ દાવો કર્યો હતો કે તે બારામતીના લોકોને પાણી મળી રહે તે માટે તેમણે માર્ગ બહાર જઈને પ્રયાસ કર્યા હતા.

આ વર્ષની શરૂઆતમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં, એનસીપી (એસપી)ના નેતા સુપ્રિયા સુળે, પાર્ટીના વડા શરદ પવારની પુત્રી, બારામતી સંસદીય મતવિસ્તારમાંથી એક હાઇ-પ્રોફાઇલ હરીફાઈમાં વિજય મેળવ્યો હતો, તેમણે કઝિન અજિત પવારની પત્ની સુનેત્રા પવારને પરિવારના જંગમાં હરાવ્યા હતા.

ગયા વર્ષે જુલાઈમાં અજિત પવાર અને અન્ય ઘણા એનસીપી નેતાઓ રાજ્યની

(જુઓ પાનું ૪) ▶▶

છઠ્ઠી લાઈનનું 'કલ્યાણ' બાકી

૨૦૧૮ની જૂની યોજના ફરી પાટા પર લાવશે પશ્ચિમ રેલવે

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં બાન્દ્રા અને ખારને જોડતા ૪૪ વર્ષ જૂના ફ્લાયઓવરને બદલવાની યોજના હાથ ધરી છે. આ ૨૦૧૮ની યોજના હતી, જે ફરીથી શરૂ કરવાની પશ્ચિમ રેલવે સક્રિય બન્યું છે. આ રેલવે રેલવે લાઈન પશ્ચિમ રેલવેની સાથે (મધ્ય રેલવેની હાર્બર લાઈન) ગોરેગાંવ અને છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સિએસએમટી)ને જોડે છે. પશ્ચિમ રેલવેમાં છઠ્ઠી રેલવે લાઇનનો માર્ગ મોકળો કરવાના ઉદ્દેશને લઈ ૨૦૧૮ની જૂની યોજના હાથ ધરવામાં આવશે, જેનાથી સબર્બન અને લાંબા-અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેન માટે અલગ કોરિડોર મળશે.

આ અઠવાડિયાનામાં યોજાનારી ઉચ્ચ-સ્તરીય બેઠકમાં સાંતાક્રુઝ અને માહિમ વચ્ચે ચાલનારી આ છઠ્ઠી લાઇનની વિગતોને આખરી ઓપ આપવામાં આવશે. હાલનો રેલ ફ્લાયઓવર સીએસએમટી/પનવેલ-ગોરેગાંવ રૂટ વચ્ચે હાર્બર લાઇન પર પશ્ચિમ અને મધ્ય રેલવેને જોડે છે, જ્યાંથી રોજની ૧૭૦થી વધુ દૈનિક સેવા દોડાવાય છે.

પશ્ચિમ રેલવેએ હાલના તબક્કે ફ્લાયઓવરના રિપ્લેસમેન્ટ અને વ્યૂહાત્મક કામગીરી શરૂ કરી છે, જે બાંદ્રા અને ખાર વચ્ચેના પાંચમી રેલવે લાઈનને ક્રોસ કરે છે. સંબંધિત કામકાજ માટે એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (ઇઓઆઈ) માટે પુનઃ ગોઠવણી

(જુઓ પાનું ૪) ▶▶

મુંબઈ સમગ્ર રાજ્યમાં ૩૬.૫ ડિગ્રી સાથે સૌથી ગરમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરા આતુરતાથી ફૂલગુલાબી ઠંડી પડવાની રાહ જોઈ રહ્યા છે ત્યારે રવિવારના દિવસના ૩૬.૫ ડિગ્રી જેટલું ઊંચુ તાપમાન મુંબઈમાં નોંધાયું હતું. એ સાથે જ રાજ્યમાં મુંબઈ સૌથી ગરમ શહેર રહ્યું હતું. રવિવારનો દિવસ નવેમ્બરનો અત્યાર સુધીનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. આખો ઓક્ટોબર મહિનો લગભગ વાદળિયું વાતાવરણ અને હળવો વરસાદ રહ્યો હતો. ઓક્ટોબરના છેલ્લા પખવાડિયાથી મુંબઈમાં તાપમાનમાં ધીમો વધારો જણાઈ રહ્યો હતો. ઓક્ટોબરના છેલ્લા અઠવાડિયામાં જ લગભગ ત્રણ વખત મુંબઈ સમગ્ર રાજ્યમાં સૌથી વધુ ગરમ શહેર તરીકે નોંધાયું હતું. તાપમાનનો પારો ૩૬.૮ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. રવિવારના ભાઈબીજ ઊજવવા ઘરની બહાર નીકળેલા લોકોને આકરી ગરમ અને ઉકળાટભર્યા વાતાવરણનો અનુભવ કરવો પડ્યો હતો. નવેમ્બરમાં શિયાળાનું ધીમે પગલે આગમન થવાની રાહ જોવામાં આવી રહી છે ત્યારે રવિવારે મુંબઈમાં કોલાબામાં મહત્તમ તાપમાન ૩૫.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૨.૪ ડિગ્રી નોંધાયું હતું. સમગ્ર રાજ્યમાં મુંબઈ ૩૬.૫ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર રહ્યું હતું. જ્યારે સમગ્ર રાજ્યમાં સૌથી નીચું તાપમાન અહમદ નગરમાં ૧૬.૭ ડિગ્રી નોંધાયું હતું. ■

યોગી આદિત્યનાથને જાનથી મારવાની ધમકીઃ મહિલાની ધરપકડ

મુંબઈઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથને જાનથી મારી નાખવાની ધમકી આપનાર આરોપીની મુંબઈ પોલીસે ધરપકડ કરી છે. એક અધિકારીના જણાવ્યા અનુસાર મહિલાની ઓળખ ૨૪ વર્ષીય ફાતિમા ખાન તરીકે થઈ છે. ફાતિમા ઉલ્હાસનગરની રહેવાસી છે. ફાતિમાના પિતા ફર્નિચરના વેપારી છે. આરોપી મહિલાએ બી.એસસી. સુધીનો અભ્યાસ કર્યો છે.

પોલીસનું કહેવું છે કે મહિલા શિક્ષિત છે પરંતુ તેની માનસિક સ્થિતિ સારી નથી. મુંબઈ ટ્રાફિક પોલીસના વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે જો આદિત્યનાથ ૧૦ દિવસમાં મુખ્ય પ્રધાન પદેથી રાજીનામું નહીં આપે તો તેમના હાલ બાબા સિદ્દીકી જેવા થશે. આ તપાસ દરમિયાન પોલીસને ખબર પડી કે આ મેસેજ ફાતિમા ખાનના નંબર પરથી આવ્યો હતો. મુંબઈ એન્ટી ટેરરિઝમ સ્ક્વોડે પોલીસ

(જુઓ પાનું ૪) ▶▶

ડઝનથી વધુ લોકો ફટાકડાથી દાઝ્યાં

દિવાળી દરમિયાન ફટાકડા ફોડવાથી દાઝી જવાના અનેક કેસ નોંધાયા હતા, જેમાં કૂપરમાં ૧૭ વર્ષના બે કિશોરો ફટાકડા ફોડવાથી દાઝી જતા તેમને કૂપર હૉસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

તો ૧૦ વર્ષના બાળક સહિત નવ લોકો ફટાકડાને કારણે દાઝી જતા તેમને નાયર હૉસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતા. તેમાંથી ૧૦ વર્ષના બાળકને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ■

દક્ષિણ મુંબઈની હૉસ્પિટલમાં મામૂલી આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં આઝાદ મેદાન સામે આવેલી કામા એન્ડ એલબ્લેસ હૉસ્પિટલમાં શનિવાર મધરાત બાદ અચાનક આગ ફાટી નીકળી હતી. સદ્‌સનીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ મહિલા તથા બાળકો માટેની કામા એન્ડ એલબ્લેસ હૉસ્પિટલના કોટોન સ્ટોરેજમાં શનિવાર મધરાત બાદ લગભગ બે વાગ્યાની આસપાસ આગ અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને અડધા કલાકની અંદર આગ પર નિયંત્રણ મેળવ્યું હતું. આગ લાગવા બાબતે ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે હૉસ્પિટલમાં બહારની તરફ ફટાકડા ફોટી રહ્યા હતા. એ દરમિયાન તેમાંથી નીકળેલા તણખાને કારણે સ્ટોરેજમાં આગ ફાટી નીકળી હતી. સદ્‌નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું. ■

કરન્સી ટ્રેડિંગ

પ્રભાદેવીના વેપારી સાથે પાંચ કરોડની ઠગાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકન કંપનીના પ્રતિનિધિના સ્વાંગમાં પ્રભાદેવીના વ્યાવસાયિકને કરન્સી ટ્રેડિંગમાં આકર્ષક વળતરની લાલચ બતાવી અંદાજે પાંચ કરોડ રૂપિયાની ઑનલાઈન ઠગાઈ કરવામાં આવી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

દાદરના પ્રભાદેવી પરિસરમાં રહેતા અને ઈમ્પોર્ટ-એક્સપોર્ટનો વ્યવસાય ધરાવતા ૫૭ વર્ષના વેપારીની ફરિયાદને આધારે થાણેની નૌપાડા પોલીસે મહિલા સહિત ત્રણ જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. કેસની તપાસ થાણે પોલીસની આર્થિક ગુના શાખા કરી રહી છે.

પોલીસ ફરિયાદ અનુસાર વ્યવસાય નિમિત્તે દુબઈ ગયેલા ફરિયાદી સાથે કપૂર નામના શખસે ઓળખ કરીને તેની ભાણેજ પ્રિયાંશી કરન્સી ટ્રેડિંગ કરતી હોવાથી તેમાં સારું વળતર મળતું હોવાનું કહ્યું હતું. આ માટે કપૂરે ફરિયાદીનો મોબાઈલ નંબર પણ લીધો હતો.

ભારત પાછા ફરેલા ફરિયાદીને પ્રિયાંશીએ ફોન કરી તે અમેરિક કંપનીની પ્રતિનિધિ હોવાનું કહ્યું હતું. ઑનલાઈન કરન્સી ઍન્ડ કૉઈન્સ ટ્રેડિંગ બાબતે માહિતી આપી પ્રિયાંશીએ આ ટ્રેડિંગ કરવાથી નસીબ બદલાશે એમ કહ્યું હતું.■

સલમાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર

પોલીસે અનમોલ બિશ્નોઈના પ્રત્યર્પણની પ્રક્રિયા હાથ ધરી

ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈનો ભાઈ અનમોલ અમેરિકામાં હોવાની ખાતરી

મુંબઈઃ બોલીવુડના સુપરસ્ટાર સલમાન ખાનના બાન્દ્રા સ્થિત નિવાસસ્થાન બહાર ગોળીબાર કરવાના કેસમાં ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈના પ્રત્યર્પણની પ્રક્રિયા મુંબઈ પોલીસે હાથ ધરી હતી. અનમોલ અમેરિકામાં સંતાયો હોવાની માહિતી સામે આવ્યા પછી પોલીસે તેને ભારત લાવવાની હિલચાલ શરૂ કરી હોવાનું એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

બાન્દ્રા પશ્ચિમમાં ગેલેક્સી એપાર્ટમેન્ટ બહાર ગોળીબારના કેસમાં ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈ અને તેના ભાઈ અનમોલનાં નામ સામે આવ્યાં હતાં. લૉરેન્સ હાલમાં ગુજરાતની સાબરમતી જેલમાં બંધ છે, જ્યારે અનમોલ વિદેશ ભાગી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. છેલ્લે અનમોલ કેનેડામાં હોવાની માહિતી આવી હતી.

જોકે અનમોલ બિશ્નોઈ અમેરિકામાં હોવાની માહિતી મળતાં મુંબઈ પોલીસે તેને ભારત લાવવા માટે પ્રત્યર્પણની પ્રક્રિયા હાથ ધરી હતી. ગયા મહિને ક્રાઈમ બ્રાન્ચે આ મામલે વિશેષ એમસીઓસીએ કોર્ટમાં અરજી કરી હતી. આ અરજીના જવાબમાં વિશેષ અદાલતે જરૂરી દસ્તાવેજો સંબંધી પ્રક્રિયા હાથ ધરવાની પરવાનગી આપી હતી. ગૃહ મંત્રાલયને દસ્તાવેજો મળ્યા પછી વિદેશ મંત્રાલય અમેરિકી અધિકારીઓ સાથે સમન્વય સાધશે. પ્રત્યર્પણની પ્રક્રિયા પૂર્ણ થયા પછી ક્રાઈમ બ્રાન્ચ અનમોલને તાબામાં લઈ શકશે. એક આરોપનામામાં અનમોલને ફરાર આરોપી જાહેર કરવામાં આવ્યા બાદ તેની સામે રેડ કૉર્નર નોટિસ બહાર પાડવામાં આવી હતી. આ નોટિસને આધારે અમુક મહિના પહેલાં અમેરિકન અધિકારીઓએ અનમોલ અમેરિકામાં હોવાની માહિતી પોલીસને આપી હતી.

અનમોલ અમેરિકામાં હોવાની ખાતરી થયા છતાં ત્યાંની પોલીસે તેને તાબામાં લીધો છે કે નહીં, તે અંગે કોઈ સ્પષ્ટતા કરવામાં આવી ન હોવાનું સૂત્રોનું કહેવું છે.

પંજાબના ફાજિલ્કાના વતની અનમોલે નેપાળના એક વ્યાવસાયિક પાસેથી બૉમ્બ બનાવવાની પદ્ધતિ શીખી હતી. ૨૦૨૨માં પંજાબમાં ગાયક સિધુ મૂસેવાલાની હત્યામાં શૂટરોને શસ્ત્રો અને અન્ય મદદ પૂરી પાડવામાં અનમોલની ભૂમિકા હતી. લૉરેન્સ જેલમાં ગયા પછી ટોળકીનું સૂત્રસંચાલન અનમોલ કરતો હોવાનું પોલીસનું માનવું છે. બાન્દ્રામાં દશેરાની રાતે રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરવાના કેસમાં પણ અનમોલની સંડોવણી હોવાનું જણાયું હતું. શૂટરો સાથે અનમોલની ચર્ચા થઈ હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. ગયા અઠવાડિયે જ એનઆઈએએ અનમોલ પર ૧૦ લાખ રૂપિયાના ઇનામની જાહેરાત કરી હતી.■

માહિમ બેઠક પર મહાયુતિમાં કોઈ તિરાડ નહીંઃ આઠવલે

મુંબઈઃ કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ રવિવારે મુંબઈમાં માહિમ વિધાનસભા મતવિસ્તારમાં શાસક મહાયુતિમાં ભંગાણના અહેવાલોને નકારી કાઢ્યા હતા, જ્યાં મનસે નેતા અમિત ઠાકરે શિવસેનાના સદા સરવણકર સામે મેદાનમાં ઉતર્યા છે.

આરપીઆઈ (એ)ના વડાએ કહ્યું કે ત્રણ વખતના ધારાસભ્ય સરવણકર અમિત ઠાકરે કરતા મજબૂત ઉમેદવાર છે, જેમની એકમાત્ર લાયકાત એ છે કે તેઓ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેના પુત્ર છે.

રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે) મહાયુતિની સાથી છે, જેમાં ભાજપ, એનસીપી અને શિવસેનાનો સમાવેશ થાય છે.

અમિત ઠાકરે ચૂંટણીમાં પદાર્પણ કરી રહ્યા છે, જ્યારે સરવણકર માહિમમાંથી ફરી ચૂંટણી લડવા માંગે છે. શિવસેનાના નેતાએ ભારપૂર્વક જણાવ્યું છે કે તેઓ ચૂંટણી મેદાનમાંથી ખસી જશે નહીં, તેમ છતાં ભાજપે મનસે ઉમેદવારને સમર્થન આપવાની ઉત્સુકતા દર્શાવી છે.

આઠવલેએ કહ્યું, બાબાસાહેબ આંબેડકર મેમોરિયલ અને ઈન્દુ મિલ માહિમ મતવિસ્તાર હેઠળ આવે છે, અને મને નથી લાગતું કે સરવણકર પર દબાણ કરવું સારું છે. તેઓ વર્તમાન ધારાસભ્ય અને અમિત ઠાકરે કરતા મજબૂત ઉમેદવાર છે, અને તેઓ જીતશે. મનસે ઉમેદવારને ભાજપના સમર્થન પર ટિપ્પણી કરવાનો ઇનકાર કરતી વખતે, તેમણે કહ્યું કે સરવણકર મહાયુતિના સત્તાવાર ઉમેદવાર હતા. (પીટીઆઈ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

સંસ્થા સમાચાર

ધીરગુરુની નિશ્રામાં આયંબિલ તપ યોજનામાં મહેતા પરિવારનું ૫૧ લાખનું અનુદાન

શ્રી કમાણી જૈન ભવન ખાતે દેસાઈ ધર્માલયમાં પૂ.શ્રી ધીરગુરુદેવની નેત્રાનંદકારી નિશ્રામાં નૂતનવર્ષના શુભારંભે માતુશ્રી જેકુંવરબા પ્રાણલાલ મહેતા (મજેવડી નિવાસી) પરિવારે વર્ધમાન આયંબિલ તપ કાયમી યોજનામાં રૂા. ૫૧ લાખનું અનુદાન ઘોષિત કરતાં તપધર્મનો જયજયકાર છવાયો હતો.

ઝરિયા (ધનબાદ) ઉપાશ્રયના નૂતનીકરણમાં રીટાબેન કિરીટભાઈ મગીયા - વિમલ વ્યાખ્યાન હૉલ તથા જિજ્ઞાબેન દિનેશભાઈ મહેતા - આયંબિલ શાળા, પ્રમોદાબેન કિશોરચંદ્ર કોટીચા - ગૌતમ ગોચરી ગૃહ નામકરણનો લાભ લીધેલ.

માલિનીબેન સંઘવી, મોનાબેન કમલેશ શાહના હસ્તે 'શાસન પ્રગતિ'ની અર્પણવિધિ યોજાયેલ. તા. ૬ ને બુધવારે સવારે ૬-૦૦ કલાકે જ્ઞાનયાત્રા અને પ્રવચન પંચ પરમેષ્ઠી સેવા ગ્રૂપ દ્વારા રાખેલ છે.

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ મેડિકલ સેન્ટર દ્વારા મોબિલ એલ ઍન્ડ મેન્ડ અત્યંત આધુનિક ઉપકરણ રજૂ કરવામાં આવ્યું

આ એક રોબોટિક અને વર્ચિયુઅલ રિયાલિટી આધારિત ઉપકરણ છે. જે વિવિધ ન્યુરોલોજીકલ અને ઓર્થોપેડિક કેસ જેમ કે કે સ્ટ્રોક (લકવો), પાર્કિન્સન્સ, મલ્ટીપલ સ્કલેરોસિસ, હાડકાના ફ્રેક્ચર, નસની ઈજાઓ, સેરેબ્રલ પાલ્સી વગેરે રોગોની સારવારમાં સહાય કરે છે. આ ઉપકરણ મોટર નિયંત્રિત છે. મગજની જ્ઞાનાત્મક કુશળતાને સુધારવામાં મદદ કરે છે. એડીએલ મજબૂતીકરણ અને સંકલનમાં પણ લાભદાયી છે.

મેન્ડ એ ડિજિટલ વર્ચિયુઅલ રિયાલિટી બેલેન્સ તાલીમ ઉપકરણ છે. જેનો ઉપયોગ વૃદ્ધોમાં પતન નિવારણ, સંતુલન, સર્જરી પછી સંતુલન સુધારવામાં, મગજની ગાંઠો, મગજનો લકવો અને અન્ય વિવિધ ન્યુરોલોજીકલ અને ઓર્થોપેડિક સમસ્યાઓના હલ માટે ખૂબ જ લાભદાયી છે. ઘાટકોપની જાહેર જનતાને અનુરોધ છે કે આ નવા આધુનિક અને અત્યંત લાભદાયી ઉપકરણનો રાહતના દરે લાભ લેશો.

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ સ્પાઈનલ ડીકમ્પ્રેસન થેરેપી ટેબલ

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજના મેડિકલ સેન્ટરના ફિજિયોથેરપી વિભાગમાં અત્યંત આધુનિક સ્પાઈનલ ડીકમ્પ્રેસન થેરેપી ટેબલ દ્વારા કમરના મણકાના દુખાવામાં રાહતના દરે સારવાર ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

* સર્જરી વગર મણકાના દુખાવામાં ફાયદો થાય છે.
* સાયટીકા, મણકાની ગાદી ખસી જવી વગેરે તકલીફોમાં ફાયદાકારક છે.
* સર્વાઈકલ અને લમ્બાર સ્પોન્ડિયાલિસિસમાં ખૂબ જ રાહત થાય છે.
* ઉંમરના લીધે થતા મણકાના દુખાવા વગેરે તકલીફોમાં આ થેરાપી ખૂબ જ લાભદાયક છે.
* કોઈપણ જાતની આડઅસર નથી.

ઘાટકોપરની જાહેર જનતાને આ અત્યંત આધુનિક થેરાપીનો લાભ રાહતના દરે લેવા અનુરોધ છે.

લાભ પાંચમે સંકટમોચન હનુમાન મંદિરમાં ભંડારાનો લાભ લેવા ભાવભીનું આમંત્રણ

દક્ષિણ મુંબઈના ગિરગાંવ ખાતે આવેલા સંકટમોચન હનુમાન મંદિરમાં લાભ પાંચમના અવસરે ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. મૂળ રાજસ્થાનના રહેવાસી ટીપુદેવી સાંવતમલજી ભણસાલી પરિવાર દ્વારા આ કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. ડૉ. દેશમુખ લેન, સિક્કા નગરની બાજુમાં આ ભંડારાનું આયોજન રાખવામાં આવ્યું છે. ૧૪૩ વર્ષ પહેલા અહીં સ્વયંભૂ હનુમાન દાદા પ્રગટ થયા હતાં. એ નિમિત્તે સૌ ભાવિકોને લાભ લેવાનો આગ્રહ ભણસાલી પરિવારે કર્યો છે.

જલારામ બાપાની જન્મ જયંતી ઉત્સવનું ભાવભર્યું આમંત્રણ

સાંતાક્રુઝમાં આવેલા શ્રી જલારામ સેવા મંડળ દ્વારા આઠ નવેમ્બરે પરમ પૂજ્ય શ્રી જલારામ બાપાના જન્મોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે. આઠ તારીખે સવારે સાડા આઠ વાગે તિર્થોદક સ્નાન અભિષેક અને ષોડશ પૂજાનું આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારબાદ શોભાયાત્રા કાઢવામાં આવશે. સાંજે ભજન અને સમૂહ આરતીનો લાભ પણ શ્રદ્ધાળુઓ લઈ શકશે. સાંતાક્રુઝ પશ્ચિમના ટાગોર રોડ પર આવેલા શ્રી લક્ષ્મીનારાયણ મંદિરના પરિસરમાં આ કાર્યક્રમના આયોજનમાં મંદિરના ટ્રસ્ટી અને સ્ત્રી મંડળ ટ્રસ્ટીએ અગત્યની ભૂમિકા ભજવી છે. એ નિમિત્તે તમામ ભાવિક ભક્તોને હાજર રહેવા અને મહાપ્રસાદનો લાભ લેવાનું આમંત્રણ આપવામાં આવ્યુ છે.

મૂકબધિર બાળકો માટે ઇન્ટરેક્ટ ક્લબનો કાર્યક્રમ

મલાડમાં મૂકબધિર બાળકો માટેની ઇન્ટરેક્ટ કોશિશ ક્લબ ખાતે ડૉ. મધુબાલા ચિંચલકર, રોટરીયન રીમા વાહી, ભૂતપૂર્વ પ્રમુખ સુનીતા હિર્લેકર દ્વારા બાળકોને આરોગ્યપ્રદ ભોજન, વિટામિન, પ્રોટીનના લાભ અને જંકફૂડના નુકસાન અંગે જાણકારી અપાઈ હતી. મૂકબધિર બાળકોને સલાડ બનાવતા શિખવાડ્યું હતું.

દસમા પાનાનું

આજે કટોકટીનો દિવસ

ઉમેદવારીપત્રો સમયસર પરત નહીં ખેંચાય તો મહાયુતિને ચૂંટણીમાં મોટી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. તેથી, મહાયુતિનાં નેતાઓના પ્રયાસો શક્ય તેટલા બળવાખોર નેતાઓને સમયસર મનાવવાના છે. મહાયુતિમાં સૌથી મોટી સમસ્યા માહિમ બેઠકને લઈને છે. આ તે બેઠક છે જ્યાંથી મનસે પ્રમુખ રાજ ઠાકરેના પુત્ર અમિત ઠાકરે ચૂંટણી લડી રહ્યા છે. તે જ સમયે, સદા સરવણકર શિંદે જૂથની શિવસેના વતી ચૂંટણી લડી રહ્યા છે. મતલબ કે આ સીટ પર મુખ્ય ટક્કર અમિત ઠાકરે અને સદા સરવણકર વચ્ચે જોવા મળી શકે છે. એવી ચર્ચા છે કે સદા સરવણકર પર તેમનું નામાંકન પાછું ખેંચી લેવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે, પરંતુ અત્યારે તેઓ તે સ્વીકારવા તૈયાર નથી. સદા સરવણકર હજુ પણ મક્કમ છે કે તેઓ પોતાનું નામાંકન પાછું ખેંચશે નહીં.

ચૂંટણીમાં બળવો કેટલી મોટી સમસ્યા છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે શિંદે જૂથની શિવસેના સામે ભાજપના ૯ બળવાખોરો મેદાનમાં છે. આ સાથે જ શિંદે જૂથના ૯ બળવાખોરોએ ભાજપના ઉમેદવારો સામે અપક્ષ ઉમેદવારી કરીને બળવાખોર વલણ અપનાવ્યું છે. એનસીપીની વાત કરીએ તો શિવસેના શિંદે જૂથના ૭ નેતાઓએ તેમની સામે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જોકે, રાજકીય પક્ષોનું માનવું છે કે ૨૮૮ વિધાનસભા સીટો પર બળવાખોરોની બહુ અસર નથી, નાના રાજ્યોમાં તે વધુ અસર કરે છે.

રાજકીય પક્ષો બળવાખોરોની તાકાતથી વાકેફ છે, તેથી તેઓ સમય પહેલા મોટા ભાગનાને મનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમાંના કેટલાકને એમએલસી સીટો ઓફર કરવામાં આવે તેવી પણ શક્યતા છે. જો બળવાખોરો સમયસર માની જાય તો ઠીક છે, પરંતુ જો તેઓ સહમત ન થાય તો રાજકીય પક્ષોના સત્તાવાર ઉમેદવારોને જ પરિણામ ભોગવવા પડશે અને ચૂંટણી પરિણામો પર પણ અસર પડી શકે છે. ખાસ કરીને વિરોધ પક્ષોને આનો ફાયદો થઈ શકે છે. ■

ભાઈબીજના દિવસે

બેસ્ટના કર્મચારીઓને પણ બોનસ મળશે એવી આશા હતી. જોકે આચારસંહિતા લાગુ પડતા બેસ્ટ કર્મટારીઓને બોનસ જાહેર થઈ શક્યું નહોતું. તેથી કારણે બેસ્ટ કર્મચારીઓમાં ભારે નારાજગી વ્યાપી ગઈ હતી. બેસ્ટ ઉપક્રમના જનલર મેનેજરે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીની મુલાકાત લઈને કર્મચારીઓને બોનસ આપવા માટે ૮૦ કરોડ રૂપિયાની માગણી પણ કરી હતી. જોકે આ દરમિયાન આચારસંહિતા અમલમાં આવી જતા ભંડોળ ઉપલબ્ધ કરી શકાયું નહોતું. તેથી હવે ચૂંટણી બાદ પણ કર્મચારીઓને બોનસ મળશે કે તે બાબતે બેસ્ટ પ્રશાસને કોઈ સ્પષ્ટતા કરી નથી. તેથી કર્મચારીઓમાં નારાજગી વ્યાપી ગઈ છે. બેસ્ટ ઉપક્રમના કર્મચારીઓ છેલ્લા અન્ક મહિનાથી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, તેમાં પાછું બોનસ નહીં મળતા તેઓ હજી નારાજ થઈ ગયા હતા. તેથી અમુક યુનિયને ત્રણ અને ચાર નવેમ્બર એટલે કે રવિવારે ભાઈબીજ અને સોમવાર ચાર નવેમ્બરના દિવસે બેસ્ટ બંધની જાહેરાત કરી હતી. જોકે બેસ્ટ કર્મચારીઓએ જ આંદોલનને ગણકાર્યું નહોતું. બેસ્ટ ઉપક્રમે આપેલી માહિતી મુજબ ૧૦૦ ટકામાંથી ૮૮.૨૬ ટકા બસ રસ્તા પર દોડી હતી, જેમાં બેસ્ટ ઉપક્રમની પોતાની માલિકીની ૨,૦૧૬ બસ રસ્તા પર દોડી હતી. જોકે બેસ્ટના માગાઠાણે ડેપોમાં સવારના કર્મચારીઓ ગેરહાજર રહ્યા હતા પણ બપોર બાદ કર્મચારીઓ ફરજ પર હાજર રહેતા મુંબઈગરા વધુ પડતી હાલાકીથી બચી ગયા હતા. ■

યોગી આદિત્યનાથ

સાથે મળીને ઓપરેશન હાથ ધર્યું હતું અને મહિલાની ધરપકડ કરવામાં આવી હતી. આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. સીએમ યોગી મહારાષ્ટ્રમાં ૨૦ નવેમ્બરે યોજાનારી વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર કરી રહ્યા છે.

આ વર્ષે જ સીએમ યોગીને ઘણી વખત જાનથી મારી નાખવાની ધમકી મળી છે. તાજેતરમાં ડાયલ ૧૧૨ પર કોઈએ ફોન કરીને ધમકી આપી હતી. આ પછી સીએમ યોગીને ટ્વીટર અને ફેસબુક પર પણ ધમકી આપવામાં આવી હતી. યુપી પોલીસે થોડા દિવસોમાં જ આરોપીની ધરપકડ કરી લીધી. ફુલવરિયા શરીફમાં એક વ્યક્તિએ ફેસબુક પર ધમકી આપી હતી અને તેની ધરપકડ કરવામાં આવી હતી. ■

૨૦૧૮ની

અને બાંધકામ કાર્ય માટે કોલ જારી કરવામાં આવ્યો છે, જેમાં મુંબઈ સેન્ટ્રલ અને બોરીવલી વચ્ચે છઠ્ઠી રેલવે લાઈન નાખવાની કામગીરીનો પણ સમાવેશ થાય છે. પશ્ચિમ રેલવેમાં છઠ્ઠી રેલવે લાઇન ખારથી કાંદિવલી સુધી કાર્યરત છે, જ્યારે માર્ચ ૨૦૨૫ સુધીમાં તો બોરીવલી સુધી લંબાવવાની અપેક્ષા છે, એમ પશ્ચિમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું.

આ કામગીરી બે તબક્કામાં પૂરી પાડવામાં આવશે. પહેલા તબક્કામાં બાંધકામ સૂચિત બ્રિજ નિર્માણ અને તેના સહાયક માળખા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં થાંભલાઓ, ગર્ડર્સ અને સ્લેબનો સમાવેશ થાય છે. બોરીવલી નજીક કેટલાક પોલ્સ બાંધવામાં આવ્યા બાદ પ્રારંભિક કામ શરુ થયું હોવા છતાં પ્રોજેક્ટને વિલંબનો સામનો કરવો પડ્યો હતો, પરિણામે કાટ આવી ગયા હતા. બીજા તબક્કામાં જ્યારે ડિમોલિશન શરુ થશે ત્યારે કાટમાળને સાફ કરવાનું અને જૂના માળખાકીય ઘટકોને દૂર કરવાનું કામ પણ હાથ ધરાશે. પ્રસ્તાવિત યોજના ત્રણ મહિનામાં તોડકામ અને બાંધકામ પૂરું કરવાની છે, જેથી ઓછામાં ઓછી ટ્રેનો રદ કરવી પડે, પણ આગળના તબક્કાની યોજના તૈયાર થયા પછી સ્થિતિ સ્પષ્ટ થશે. સતત ટ્રાફિકવાળા વિસ્તારમાં કાર્યને ધ્યાનમાં રાખીને કામ રાતના સમયે થાય તેવો પ્રયત્ન કરાશે. સૌથી પડકારરૂપ કાર્ય એ છે કે તોડકામના સ્થળની નીચે રેલવેના લાઈવ વાયર છે, જેના આધારે રોજ ૧,૪૦૬ સેવાઓ ચાલે છે. માત્ર ૨૫ ટકા જેટલા નવા માળખા માટે જ જૂનું માળખું તોડવાની જરુરિયાત હોવાનું અધિકારીઓ જણાવી રહ્યા છે. ■

લોકસભા ચૂંટણીમાં

એકનાથ શિંદે-ભાજપ સરકારમાં જોડાયા હતા, જેના કારણે શરદ પવાર દ્વારા સ્થાપિત પક્ષમાં ભાગલા પડ્યા હતા.

એનસીપીના વડા અજિત પવાર પુણે જિલ્લાની બારામતી વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. તેઓ તેમના ભત્રીજા અને એનસીપી (એસપી)ના ઉમેદવાર યુગેન્દ્ર પવાર સામે લડે છે. રવિવારે નાયબ મુખ્ય પ્રધાન બારામતી તાલુકામાં અનેક ગામોના પ્રવાસ પર હતા જ્યાં તેઓ સ્થાનિકોને મળ્યા હતા અને તેમની સાથે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

સાવલ ગામમાં સ્થાનિકોને સંબોધતા અજિત પવારે કહ્યું હતું કે, જો સુપ્રિયા લોકસભાની ચૂંટણીમાં હારી ગઈ હોત તો સાહેબ (શરદ પવાર)ને આ ઉંમરે કેવું લાગ્યું હોત. આ વિચારને ધ્યાનમાં રાખીને તમે તેમને મત આપ્યો, પરંતુ હવે વિધાનસભામાં મને મત આપો.

તમે લોકસભાની ચૂંટણીમાં સાહેબને ખુશ કર્યા હતા, હવે વિધાનસભાની ચૂંટણીમાં તમારો મત (મારા માટે) આપીને મને ખુશ કરો. સાહેબ તેમની રીતે કામ કરશે, હું અમારા તાલુકાના વિકાસ માટે મારી શૈલીમાં કામ કરીશ,એમ તેમણે કહ્યું હતું. અન્ય ગામની મુલાકાત દરમિયાન નાયબ મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, તેમણે બારામતીના લોકોને પાણી પુરવઠો મળે તે સુનિશ્ચિત કરવા નિયમોની અવગણના કરી હતી. મેં ઘણા નિયમોને બાયપાસ કરીને બારામતીના લોકોને પાણી લાવી આપ્યું હતું. અમારા તાલુકામાં ઘણા ગામોમાં પાણીની સમસ્યા હજી પણ ગંભીર છે કારણ કે ઘણા લોકોને હજુ પણ તેના માટે લાંબુ અંતર કાપવું પડે છે. ■

ભાજપ માત્ર

ભૂતપૂર્વ વિધાનસભ્ય નીતિન સરદેસાઈ રવિવારે ભાજપના વિધાનસભ્ય પ્રસાદ લાડને મળ્યા હતા. આ બેઠક બાદ લાડે માહિમ વિધાનસભાને લઈને તેમણે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરી છે.

વિધાનસભ્ય લાડે કહ્યું કે, અમિત ઠાકરે અમારા પરિવારના પુત્ર છે જે પહેલીવાર ચૂંટણી લડી રહ્યા છે. અમિત ઠાકરે રાજ ઠાકરેના પુત્ર હોવા છતાં અમે તેમને અમારા પુત્ર માનીએ છીએ અને અમે આ ચૂંટણીમાં રાજ ઠાકરેને મદદ કરવા મક્કમ છીએ. સદા સરવણકર શિવસેના (શિંદે)ના વરિષ્ઠ નેતા છે. અમને આશા છે કે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે તેમને સમજાવશે. તેઓ વિધાનસભામાં હોય કે વિધાન પરિષદમાં હોય, દિવસના અંતે વિધાનસભ્ય જ રહેશે. સદા સરવણકર ઘણી વખત વિધાનસભામાં ચૂંટાયા છે. આ વખતે તેમને સમજાવીને વિધાન પરિષદમાં મોકલી શકાય છે. એકનાથ શિંદેએ તેમને સમજીને વિધાન પરિષદમાં તક આપવી જોઈએ. આ સાથે તેમને પાંચ વર્ષ માટે શ્રી સિદ્ધિવિનાયક મંદિર ટ્રસ્ટનું પ્રમુખ પદ પણ આપવામાં આવ્યું છે. તેમને રાજ્યકક્ષાના મંત્રીનો દરજ્જો પણ આપવામાં આવ્યો છે. તેથી મને લાગે છે કે સરવણકર આ બધી બાબતોને ધ્યાનમાં લઈને અમારી વાતને સ્વીકારશે. ભાજપની સ્થિતિ સ્પષ્ટ છે, અમે આ ચૂંટણીમાં અમિત ઠાકરે માટે પ્રચાર કરવાના છીએ.

એક સમાચાર એજન્સી સાથે વાત કરતા સદા સરવણકરે કહ્યું કે, મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે મને આશીર્વાદ આપ્યા છે. ■

હિન્દુ મરણ

કચ્છી લોહાણા

ગામ મુરુના સ્વ. તુલસીદાસ ગોકલદાસ તન્ના હાલે નાશિકના પુત્ર રવજીભાઈ તુલસીદાસ તન્ના (ઉં. વ. ૭૬) ૨-૧૧-૨૪ના રામશરણ પામેલ છે. તે વિમળાબેનના પતિ. તે સ્વ. દામજીભાઈ લક્ષ્મીદાસ બારૂના જમાઈ. ભાવેશ, મનીષ, વનિતાબેન, મમતાબેનના પિતાશ્રી. મહેશકુમાર, દીપકકુમાર, અલ્પાબેન, દિપાલીબેનના સસરાજી. દયારામ, સ્વ. ચત્રભુજભાઈ, રમેશભાઈ, કસ્તુરબેન, સરલાબેન, સ્વ. રસીલાબેન, સીતાબેન, જયાબેનના ભાઈ. સ્વ. ખીમજીભાઈ, સ્વ. વશંતભાઈ, મુલજીભાઈ, સ્વ. શંકરભાઈ, સ્વ. દિલીપભાઈના બનેવી. બંને પક્ષની પ્રાર્થના ૪-૧૧-૨૪ સોમવાર સાંજે ૪ થી ૫.૩૦. સ્થળઃ કચ્છી લોહાણા મહાજન વાડી, ડીંડોરી રોડ, પંચવટી, નાશિક.

કચ્છી લોહાણા

અ.સૌ. રંજનબેન રસીકલાલ ઠક્કરની સુપુત્રી તે સ્વ. લક્ષ્મીબેન લીલાધર ઠક્કર (બારૂ) કચ્છ ગામ ખોભંડી હાલે મુલુન્ડની પૌત્રી રસીક-રુપલ (ઉં. વ. ૩૮) તે રીટા હાર્દિક કોટક, દર્શના રસીક ઠક્કર, પુજા વૈભવ દોશીની બેન. તે જયાબેન રણછોડદાસ કતીરા ગામ દુધઈની દોહિત્રી. તે વિમળાબેન, ઊર્મીલાબેન, ગં.સ્વ. જ્યોતી દયાલજી, દક્ષા ધરમશી, ચન્દ્રીકા પ્રફુલ, જયશ્રી ચેતન, ગીતા શાંતીલાલ, અરવિંદની ભત્રીજી. તે બુધવાર ૩૦-૧૦-૨૪ના પરમધામ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર ૪-૧૧-૨૪ના સાંજના ૫.૩૦ થી ૭, સ્થળઃ કાલીદાશ મેરેજ હોલ, પી.કે. રોડ, મુલુન્ડ (વેસ્ટ). (લૌકિક વ્યવહાર બંધ છે.

મૌકતિક બ્રાહ્મણ

ગં. સ્વ. નીના કુમુદ ભટ્ટ (ઉં. વ. ૯૦) તા. ૧-૧૧-૨૪ના શુક્રવારના સ્વર્ગલોક પામ્યા છે. બેસણું સોમવાર, તા. ૪-૧૧-૨૪ના સાંજે પથી ૭. નવકૃષ્ણ કુંજ ૨૧૨, વાલકેશ્વર-મુંબઇ-૪૦૦૦૦૪ મુકામે રાખેલ છે. પુત્રી-જમાઇ-ભવાની વેંકેટેશન ચક્રવર્તી, પુત્ર-પુત્રવધૂ-પલ્લવ તથા દિપાલી, પૌત્ર અને પૌત્રી-આદિત્ય-શ્રેયા-શ્રુતી.

બાલાસિનોર દશાનીમા વણિક

કિરણભાઇ બાબુલાલ મોદી (ઉ. વ. ૭૯) તે મીનાબેનના પતિ. રૂપેશ, અલ્પા અને સ્વ. દિપેનના પિતા. તથા કુંજલ, દિપાલી, કુનાલના સસરા. ડેનીશ, જીયા, તથા પ્રીષ્ટીના દાદા. તથા તનય, તનીશના નાના. તા. ૧-૧૧-૨૪ના શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૫-૧૧-૨૪ના મંગળવારે સાંજે પથી ૭. ઠે. પાટીદાર સમાજ વાડી, ઘ્રુજીસ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. નીયર ધરમ પેલેસ સર્વે લૌકિક પ્રથા બંધ છે.

લોહાણા મરણ

મૂળ ગામ સાવરકુંડલા, હાલ ભિવંડી - થાણાના હરેશ મુકુંદરાય સૂચક (ઉં. વ.૫૨) તા.૦૧-૧૧-૨૪, શુક્રવાર ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.રતિલાલ-કાંતાબેનના પૌત્ર. તે તારાબેન - મુકુંદરાય રતિલાલ સૂચકના જ્યેષ્ઠ પુત્ર. તે નેહાના પતિ. તે હર્ષ અને સૃષ્ટિના પપ્પા. તે જીતેશના મોટાભાઈ. જાનકી ના જેઠ. તે યાશિકા, હેતવી, ક્રિશના મોટા પપ્પા. તે ધીરજલાલ નાથાલાલ ચાગલાણી (સિકંદરાબાદ)ના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૦૪-૧૧-૨૪, સોમવાર ના રોજ સાંજે ૪ થી ૬ના સમયે શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન, શ્રી સ્વામિનારાયણ મંદિર ની બાજુમાં, હોટેલ ફેમિલી ટ્રી ની બાજુમાં, શતરંજ વેફરસ ની બાજુ માં, જનરલ અરુણ વૈદ્ય ચોક, પંચપખાડી, થાણા(વેસ્ટ) ખાતે રાખેલ છે.

હાલાઇ લોહાણા

આમરણ બેલાવાળા, હાલ બોરીવલી નિવાસી ગં સ્વ. આશાબેન હરેશકુમાર મીરાણીના જયેષ્ઠ પુત્ર જિમિત મીરાણી (ઉં. વ.૩૭) તે વિધિ (વિરલ) ના પતિ. તે ડેલિશા અને શુભ ના પિતા. તથા આશિષ, વિરેશ, નિકિતા કેતન પટેલ અને હિરેન ના ભાઈ. તે ગં સ્વ. હેમા બેન હરેનભાઈ માવાણીના જમાઈ. તા. ૩૦/૧૦/૨૪ના શ્રીજી ચરણ પામેલ છે. તેમની બંને પક્ષ ની પ્રાર્થના સભા તા ૪/૧૧/૨૪ સોમવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ વાગે હાલાઈ લોહાણા મહાજન વાડી, કાંદિવલી પશ્ચિમ મુંબઈ ૪૦૦૦૬૭ લૌકિક વ્યવહાર બંધ છે.

બ્રહ્મક્ષત્રિય

બાબરાવાળા હાલ વિરાર ગં. સ્વ ધનલક્ષ્મીબેન દામોદરભાઈ છાટબાર ના દીકરા અલ્પેશભાઈ (ઉં. વ. ૪૭) તે શોભાના પતિ. મિત્તલ તથા હીરન્યાના પિતા. પિયુષભાઇ, હીનાબેન હિતેશકુમાર ભાઈ, સખારામ હલદેના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૪/૧૧/૨૪ ના રોજ ૪ થી ૫ કલાકે શ્રેયા બિલ્ડીંગ, એ ૨૦૧, ડોમિનોઝની બાજુમાં, ઓલ્ડ વિવાં કોલેજની પાછળ વિરાર વેસ્ટ રાખેલ છે.

ઘોઘારી લોહાણા

મૂળગામ કોટડી નિવાસી હાલ મુંબઈ સ્વ. રંજનબેન તથા સ્વ. મગનલાલ જીવણદાસ સોમૈયાના પુત્રવધૂ તથા સ્વ. સુરેશભાઈ સોમૈયાના ધર્મપત્ની ગં. સ્વ મીનાબેન (ઉં. વ. ૫૭) તે તા.૩૧/૧૦/૨૪ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. સમીરના માતુશ્રી. ગં સ્વ રસીલાબેન જયંતીભાઈ કટારીયા જૂનાગઢવાળાની દીકરી. સ્વ. નયનાબેન અનીલકુમાર જોબનપુત્રા, બીનાબેન રમેશકુમાર જોબનપુત્રા, જ્યોતિબેન વિનોદકુમાર ખાખરીયા, જયશ્રીબેન રમેશકુમાર દાવડા તથા સંજયના ભાભી. શોભાના જેઠાણી. સદ્ગતની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

કચ્છી બ્રહ્મક્ષત્રિય

કુમારી પ્રતિમા પ્રેમજી સોનેજી (ઉં. વ. ૬૪) ગામ તરા મંજલ હાલ મલાડ, મુંબઇ તે ભાગેરથીબેન પ્રેમજી સોનેજીના દીકરી. તે સ્વ. મહેશના મોટા બહેન. તે ચાગબાઇ જેરામ ખુઝ્ઝડીયાના દોહિત્રી. તે સ્વ. પરસોત્તમભાઈ, સ્વ. સુરજીભાઇ, સ્વ. ગોપાલભાઇ તથા સ્વ. ચમનભાઇ અમદાવાદના ભત્રીજી. તથા મહેન્દ્ર સુરજી સોનેજી ભુજ, સ્વ. દિનેશ પરષોતમ સોનેજીના કાકાઈબહેન. તા. ૨-૧૧-૨૪ના મલાડ મુંબઇ મધ્યે રામશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

શ્રીમાળી સોની

હાલ મુંબઇ ઘાટકોપર મૂળ ગામ બરવાળા બાવીસીવાળા સ્વ. પ્રાણલાલ વશરામભાઇ રાજપરાના જેષ્ઠ પુત્ર ધનસુખભાઇ (ઉં. વ.૬૧) તા. ૩૦-૧૦-૨૪ના બુધવારે મુંબઇ ઘાટકોપર મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રવિણાબેનના પતિ. તથા દીપકભાઇ, તેજલબહેનના પિતાશ્રી. તે જીગીષાબેન અને વિરાજકુમારના સસરાજી. તથા રૂપવના દાદા અને શોર્યના નાના. હર્ષદભાઇ, પ્રમોદભાઇ, પરેશભાઇ, મનોજભાઇના મોટાભાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૪-૧૧-૨૪ના સાંજે ૪થી ૬. ઠે. સ્વામીનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ,ગરોડિયા નગર, ઘાટકોપર (ઇ).

દસા સોરઠીયા વણિક

સ્વ. જશુમતી નાગરદાસ અમિચંદ મહેતા (મુંજયાસરા)ના સુપુત્ર અશોક (ઉં. વ. ૬૭) તે રજની, કમલેશ, બિપીન, દીપકના ભાઇ, નીતા, પન્ના, મનીષા, સ્વાતીના જેઠ, રાજેશ, જીગર, ચિરાગ, હાર્દિક, પુજન, આયુષીના મોટા પપ્પા, સજ્જલ, ઝરણા, નિશા, ફોરમના કાકાજી સસરા, રિધાન યુશાનના દાદા તે ૧.૧૧.૨૪ ના શ્રીજી ચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક પ્રથા બંધ છે.

હાલાઈ ભાટીયા

હરીદાસ ત્રિકમદાસ કાપડીયા (ઉ.વ.૮૯) તે સ્વ. દેવહુતીબેન ત્રિકમદાસ કાપડીયાના સુપુત્ર. તે કાન્તાબેનના પતિ. તે દેવીકા, દિપીકા તથા નિકુંજના પિતા. તે મનિષભાઇ લક્ષ્મીકાંતના સસરા. તે અનિરુદ્ધ તથા વેદાંતના નાના, સ્વ. જયાબેન લક્ષ્મીકાંત ભાટીયા, સ્વ.પુષ્પાબેન દિલીપ ભાઈ આશર, અ.સૌ. જયશ્રીબેન સુધીરભાઈ સરૈયા અને અ.સૌ. અંજનીબેન રુપકભાઈ આયેના ભાઈ તે સ્વ. મણીબેન કરણસિંહના જમાઈ. તે તા.૨૯/૧૦/૨૦૨૪ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા મંગળવાર તા.૦૫/૧૧/૨૦૨૪ ના રોજ સાંજે ૦૫.૦૦ થી ૦૭.૦૦ નહેરુ સેન્ટર, કલ્ચર હોલ, મુંબઈ ખાતે રાખેલ છે.

કચ્છી ભાટિયા

અ.સૌ. નીતા બિપીન જોગીદાસાણી, (ઉં. વ. ૫૭) તે સ્વ. ભાનુબેન તથા સ્વ. ડૉ. જયસિંહ ગોકલદાસ જોગીદાસાણીના પુત્રવધૂ. તે સ્વ. માલિની મુલરાજ તુલસીદાસ લીલાણીના સુપુત્રી. તે ચિ. સિદ્ધાર્થના માતા તથા અ.સૌ. પ્રતિભાના સાસુ. મયુર-નમ્રતા તથા સમીર - રૂપલના ભાભી તા. ૩૧-૧૦-૨૪ના પૂના મુકામે શ્રીજીચરણ પામેલ છે.

રાજગોર બ્રાહ્મણ

દેવળકી નિવાસી હાલ કાંદિવલી ગં.સ્વ. દયાગૌરી રમણિકલાલ રામશંકર મહેતા (ઉ.વ. ૭૯), મનીષ, મયૂરી સુધીર દવેનાં માતા. સ્વ. હર્ષદ, સ્વ. રંજન મહેન્દ્ર દવે, સ્વ. દિનેશ, ધીરજનાં ભાભી. ઈલાનાં સાસુ, રાજકોટનિવાસી ભાઈશંકર અને સ્વ. જીવરામ ગોવિંદજી જોષીનાં બેન તા. ૨-૧૧-૨૪ના શનિવારે કૈલાશવાસી થયેલ છે. સદ્ગતની પ્રાર્થનાસભા સોમવાર તા. ૪-૧૧-૨૪ના રોજ ૪થી ૬ પાવનધામ, ૧લે માળે, મહાવીર નગર, કાંદિવલી (પ.) ખાતે રાખેલ છે.

અનાવિલ

પ્રવિણાબેન ઠાકોરભાઇ દેસાઇ (ઉ.વ. ૮૯) કેવલના મા. સુઝેનના સાસુ અને આકાશના દાદી તા. ૨-૧૧-૨૪ના પરલોક સિધાવ્યા છે. પ્રાર્થના : મંગળવાર તા. ૫-૧૧-૨૪ના સાંજે પથી ૬. ઠે. પમે માળે, જોય રેસી

ધર્મતેજ

તે જ ક્ષણમાં જીવવાનું છે



મનન

હેમંત વાળા
feedback@bombaysamachar.com

માત્ર વર્તમાન અસ્તિત્વ ધરાવે છે. ભૂતકાળ સ્મૃતિ રૂપે મનમાં સંગ્રહાયેલો રહે છે જ્યારે ભવિષ્ય કલ્પના સમાન છે. વર્તમાન જ વાસ્તવિકતા છે. કોઈપણ કાર્યમાં સંલગ્ન થવા માટે વર્તમાનમાં જ સંભાવના છે. વર્તમાન છે એટલે જ સંભાવના છે. શ્વાસ વર્તમાનમાં લઈ શકાય, શરીર પર અને મન પર વર્તમાનમાં જ કામ થઈ શકે, ચિત્તની શાંતિ માટે પણ વર્તમાનમાં જ પ્રયત્ન કરવો પડે, પોતાના દુશ્મન પણ વર્તમાનમાં જ ઊભા થાય અને વર્તમાનમાં જ વ્યક્તિ મિત્ર બનાવી શકે. જીવન ટકાવી રાખવા, જીવનને દિશા આપવા, જીવનને અનુભવવા, જીવનની યથાર્થતા સમજાવવા વર્તમાન જ સક્ષમ છે.

આ વર્તમાનમાં જ જીવવાનું છે. વર્તમાનમાં જ કાર્યરત થવાનું છે. વર્તમાન થકી જ ભૂતકાળની પરંપરા ચાલુ રાખી શકાય અને ભવિષ્યના સપનાને સાકાર કરવાનો પ્રયત્ન કરી શકાય. વર્તમાનમાં ભૂતકાળની છાપ વર્તાય અને ભવિષ્યની આશા બંધાય. વર્તમાન છે એટલે ભૂતકાળની સ્મૃતિ છે અને વર્તમાનના અસ્તિત્વને કારણે જ ભવિષ્ય તરફ નજર માંડી શકાય. આ વર્તમાનમાં જીવવાનું છે. જે ક્ષણ જે રીતે સમક્ષ આવે તે રીતે તેને પ્રતિભાવ આપવો પડે. મહાભારતમાં એક સમયે વેદવ્યાસજી જન્મેજયને સમજાવે છે કે યુદ્ધ જો સામે આવે તો લડી લેવાનું, અને તે પણ જીતવા માટે. આ યુદ્ધ વર્તમાનમાં જ લડાય. આ સત્ય દરેક પરિસ્થિતિને લાગુ પડે છે.

એક વિચારધારા પ્રમાણે એમ કહેવાય છે કે 'જજમેન્ટલ' - નિર્ણાયક નહીં બનવાનું. જે તે સમયે જરૂરી નિર્ણય લઈ લેવાનો પરંતુ કોઈ પણ બાબતે સમગ્રતામાં ધારણા નહીં બાંધી દેવાની. પરિસ્થિતિ બદલાઈ શકે. આ જ યોગ્ય છે અને તે સિવાયનું બધું જ અયોગ્ય, આ પ્રકારની માન્યતા એક સમયે સ્વીકૃત બની શકે પરંતુ તે સ્વીકૃતિમાં મર્યાદાઓ રહેલી હોય. શાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણે કોઈપણ બાબતને સંપૂર્ણતામાં સત્ય નથી કહી શકાતી કે અસત્ય પણ નથી કહી શકાતી. દરેક પરિસ્થિતિનો એક સંદર્ભ હોય છે, દરેક પરિસ્થિતિ જુદા જુદા સંજોગોને કારણે અસ્તિત્વમાં આવે છે, દરેક પરિસ્થિતિના ઉદભવ પાછળ કાર્ય-કારણની એક શૃંખલા સંકળાયેલી હોય છે. કોઈપણ પરિસ્થિતિ આકસ્મિક નથી હોતી. કોઈપણ પરિસ્થિતિ હેતુ વિના આકાર નથી લેતી.

સૃષ્ટિમાં આકાર લેતી પ્રત્યેક ઘટના એક લાંબી પરંપરાનું પરિણામ છે. તેની પાછળના બધા જ કારણો ક્યારેય સમજમાં આવી ન શકે. સમજની આ મર્યાદા છે. બુદ્ધિની એ મર્યાદા છે. કાં તો બુદ્ધિ પાસે સમય ઓછો છે કાં તો બુદ્ધિની ક્ષમતાની બહારનો એ વિસ્તાર છે. જ્યાં સુધી સંપૂર્ણતામાં સમજ ન સ્થપાય ત્યાં સુધી યોગ્ય-અયોગ્યનો નિર્ણય ન લઈ શકાય. માતા તરીકે ગંગા જ્યારે પોતાના નવજાત શિશુને નદીમાં વહાવી દે ત્યારે પ્રશ્ન તો થાય જ, પરંતુ જ્યારે વસુના ઉદ્ધારની વાત સમજમાં આવે ત્યારે તે પ્રશ્નનું નિરાકરણ થઈ જાય. આ અને આવી વાત સામાન્ય માનવીની સમજમાં ભાગ્યે જ આવે. અને તેથી નિર્ણયાત્મક બનવું ઇચ્છનીય નથી ગણાતું. જે રીતે પરિસ્થિતિ સામે આવે - જે રીતે વર્તમાન સ્થાપિત થાય - તે રીતે તેને પ્રતિભાવ આપવો એ સૌથી સલામત માર્ગ છે.

તે ક્ષણ જેવી રીતે સમક્ષ આવે તે રીતે તેને જીવી લેવાની. જે સમય જે રીતે સ્થાપિત થાય તે મુજબ સંભવિત ઘટનાક્રમ નિર્ધારિત કરવાનો. જે પ્રકારે સંજોગો ઉભરે તે પ્રકારને યોગ્ય રીતે સમજી તે સમયના પ્રશ્નોનો ઉકેલ લાવવા પ્રયત્ન કરવાનો, અને ઉભરેલી સ્થિતિમાં રહેલી સંભાવનાઓને ફળીભૂત કરવાની. સૃષ્ટિનો આ નિયમ છે કે જે પરિસ્થિતિ જે રીતે આકાર લે તેને તે રીતે પ્રતિભાવ આપવાનો.

સામાજિક ઉત્તરદાયિત્વ છે. પાડોશી ધર્મ પણ નિભાવવાનો છે. પડોશમાં કોઈકને હૃદય રોગનો હુમલો થાય તો તેમને હોસ્પિટલ પહોંચાડવાની વ્યક્તિની જવાબદારી ગણાય. પણ તે જ વખતે જો ઘરમાં કોઈને હૃદય રોગનો હુમલો થાય તો પાડોશીને છોડીને પોતાના કુટુંબીજનને હોસ્પિટલ પહોંચાડવામાં આવે. તે જ વખતે જો પોતાને હૃદય રોગનો હુમલો આવે તો બધું જ ભૂલીને પોતાની સારવાર માટેની વ્યવસ્થા કરવી પડે. વર્તમાનને સમજવા માટે, વર્તમાનની પરિસ્થિતિને સમજવા માટે, વર્તમાનની પરિસ્થિતિને અનુકૂળ વ્યવહાર કરવા માટે આ એક ઉદાહરણ છે. સંજોગોને અનુસાર તે જ ક્ષણે નિર્ણય લેવાનો હોય છે.

બધી જ વસ્તુઓ પહેલેથી નિર્ધારિત કરી રાખવી જરૂરી નથી, ઇચ્છનીય પણ નથી. આગોતરું આયોજન કરી શકાય, પણ તે તો એક સંભાવના તરીકે. હકીકત જ્યારે સામે આવે ત્યારે બની શકે કે આયોજન કામમાં ન આવે. આ પ્રકારનું આયોજન કરવું હોય તો એક સાથે એક કરતાં વધુ પ્લાન તૈયાર રાખવા પડે. બની શકે કે આમાંનો એક પણ પ્લાન કામમાં ન આવે. છતાં પણ, પછી જે સંભાવના હોય તે પ્રમાણે કાર્યમાં સંલગ્ન થવું પડે. અંતિમ નિર્ણય તો તે ક્ષણે જ લેવો પડે. સંભાવના તરીકે જે આયોજન કરવામાં આવ્યું હોય તેની કેટલીક બાબતો અનુકૂળ બની પણ રહે, પરંતુ તે સંપૂર્ણતામાં ઉકેલ આપવા અસમર્થ હોય. આખરી નિર્ણય તો વર્તમાનમાં જ લેવો પડે.

દરેક પરિસ્થિતિ એક પ્રશ્ન હોય છે જેનો જવાબ શોધવો પડે. દરેક પરિસ્થિતિ ભિન્ન ભિન્ન હોય છે તેથી જવાબમાં ભિન્નતા હોય તે પણ સ્વાભાવિક છે. પ્રશ્નની સમજ વગર જવાબ ન મળી શકે. પ્રશ્ન ત્યારે જ સમજમાં આવે જ્યારે તે સામે આવીને ઊભો હોય. અર્થાત વર્તમાનના પ્રશ્નનો જ જવાબ યથાર્થતા પૂર્વક ગોતી શકાય. જો પ્રશ્નનું અસ્તિત્વ જ ન હોય તો જવાબ માટેની માત્ર કલ્પના હોય. પ્રશ્ન જ્યારે વાસ્તવિક બને ત્યારે તે જવાબ સાર્થક બની રહે. વર્તમાનને સમજવાનો છે. વર્તમાનમાં ઉપસ્થિત થયેલા પ્રશ્નને સમજવાના છે. પ્રાપ્ય સંસાધનો અને વ્યક્તિગત ક્ષમતાને મુલવવાનાં છે. પ્રશ્નોના નિરાકરણ માટે પ્રાપ્ય સમયને પણ સમજવાનો છે. આ બધાને એકત્રિત કરીને વર્તમાનના પ્રશ્નો માટે વર્તમાનમાં જ જવાબ ગોતવો પડે. તે ક્ષણના પ્રશ્નોને તે ક્ષણે જ ઉકેલવા પડે. આ જ જીવન છે - તે ક્ષણનું જીવન.■

આ નૂતન વર્ષે જાતને પૂછીએ કે આપણી ચૈતસિક જાગૃતિ થઇ છે?

માનસ મંથન

મોરારિબાપુ
feedback@bombaysamachar.com

ધરમુ ન દૂસર સત્ય સમાના
આગમ નિગમ પૂરાન બખાના

બધા વેદ અને શાસ્ત્રો કહે છે-સંસારમાં સત્ય સમાન કોઈ ધર્મ નથી. સત્ય એટલે પરમાત્મા, પરમાત્મા એટલે સત્ય. સત્યને રામ કહો, રામને સત્ય કહો, જે નામ આપો તે-સત્ય જ પરમ ધર્મ છે. બધા મહાપુરુષોએ આ કહ્યું છે પરંતુ આજે આપણે સત્યથી, પરમાત્માથી વિમુખ કેમ છીએ? આ નવા વર્ષમાં શાંતિથી વિચારીએ કે આપણે પરમાત્માથી વિમુખ કેમ છીએ?

આપણી ભારતીય સંસ્કૃતિમાં ત્રણ શબ્દો અત્યંત મહત્ત્વના છે. સત્સંગ, કુસંગ અને દુસંગ. આપે આ વિશે સાંભળ્યું હશે. કદાચ તમે એ વિશે જાણતા પણ હશો. પહેલો શબ્દ ખૂબ પ્રચલિત છે, જે છે સત્સંગ. બીજો પણ એટલો જ પ્રચલિત છે, જે છે કુસંગ. પરંતુ ત્રીજા શબ્દ ઉપર કદાચ તમારું ધ્યાન વધારે નહીં ગયું હોય. સામાન્ય રીતે આપણે તેને કુસંગ સાથે જોડી દેતા હોઈએ છીએ. ઋષિઓની દૃષ્ટિમાં અને મુનિઓની વ્યાખ્યા અનુસાર આ જે ત્રીજો મૂલ્યવાન શબ્દ છે તેને દુસંગ તરીકે ઓળખીએ છીએ. તો પહેલો શબ્દ છે સત્સંગ,બીજો છે કુસંગ અને ત્રીજો છે દુસંગ. આ ત્રણેય વચ્ચેના મૂળ અંતરને ઋષિમુનિઓએ પોતાના અનુભવને આધારે સ્પષ્ટ કર્યું છે. નારદભક્તિસૂત્રમાં નાનાં-નાનાં સૂત્રો આપ્યા છે. એમાં બહુ જ બળ આપીને કહેવાયું છે કે દુસંગ સર્વથા ત્યાજ્ય છે.

મારાં ભાઈ-બહેનો, આપણું જે જીવન છે તેના પર શાંતિથી થોડો વિચાર કરીએ. આપણે સત્યથી અને પરમાત્માથી આજે આટલા વિમુખ કેમ છીએ? જીવનને નારદભક્તિસૂત્રની કસોટી પર કસવું જોઈએ. આપણને સત્ય જોઈએ છીએ, પરમાત્મા તરફ આપણી રૂચિ પણ છે અને ભાવ પણ છે. ત્યાંથી તો આપણી યાત્રા શરૂ થઈ છે. તેમ છતાંયે આપણે આપણી જાતને પરમાત્માથી વિમુખ થયેલી કેમ અનુભવીએ છીએ? કયું કારણ છે કે સત્યનો આપણે યોગ્ય રીતે સંગ નથી કરી શકતાં? આપણે પરમાત્માથી વિમુખ છીએ એવું અનુભવવાનું સૌથી મોટું કારણ છે-આપણી પાપમાં રૂચિ. પાપ તરફની આપણી રૂચિ પરમાત્માથી આપણને વિમુખ કરે છે. જ્યારે વ્યક્તિને પાપમાં રૂચિ હોય છે ત્યારે સત્ય સારું લાગતું નથી. જેને તાવ આવ્યો હોય તેને આપ કેટલું પણ મિષ્ટાન આપો, તેને તેનો સ્વાદ નહીં આવે. મિષ્ટાન સ્વાદહીન હોય તે સંભવ નથી. પરંતુ જેને તાવ આવ્યો છે તેને તેનો સ્વાદ નહીં આવે. આપણી રુચિ પાપમાં ફસાઈ ગઈ છે. જ્યારે આપણે પાપમાં રૂચિ રાખીએ છીએ ત્યારે સંસાર તરફ ખૂબ અભિમૂખ થઈએ છીએ અને પરમાત્માથી વિમુખ થઈ જઈએ છીએ. 'રામચરિતમાનસ' માં ભગવાન કહે છે મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા.' ભગવાન રામને કપટ નથી ગમતું. કામની, ક્રોધની અને લોભની આલોચના શાસ્ત્રોમાં થઈ છે. જ્યાં સુધી 'રામચરિતમાનસ'નો પ્રશ્ન છે ત્યાં સુધી ગોસ્વામીજીએ અથવા ભગવાન રામે એવું નથી કહ્યું કે એને કામી, ક્રોધી કે લોભી પસંદ છે. ભગવાન રામ એક વાત બહુ સ્પષ્ટ શબ્દોમાં કહે છે-'મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા.' જેની રૂચિ પાપમાં થઈ જાય છે,જે દંભ કરે છે એવી વ્યક્તિ ભગવાનને પસંદ નથી. પાપમાં રૂચિ હોવી એ ભગવાનથી વિમુખ થવાનું પ્રમુખ કારણ છે. શાંતિથી વિચારો, ચિંતન કરો તો જીવનનું સત્ય મળશે. પરમાત્માથી વિમુખ થવાનું કારણ સમજાશે.

પરમાત્માથી વિમુખ થવાનું બીજું કારણ છે આપણા મનની ચંચળતા. ત્રીજું કારણ છે સંસારમાં ઉત્પન્ન થયેલાં પદાર્થોનું અભિમાન અને અહંકાર. આ પણ એક બહુ મહત્ત્વનું કારણ છે. ચોથું કારણ છે ઈશ્વરના મહિમા અંગે આપણું અજ્ઞાન. હવે પ્રશ્ન એ છે કે આપણા જીવનમાં આ કારણોનો પરિહાર કેવી રીતે થાય! આપણે પરમાત્માની સન્મુખ કેવી રીતે થઈએ!

'રામચરિતમાનસ'માં ભગવાન રામે કહ્યું છે

સનમુખ હોડ જિવ મોહિ જબહીં। જન્મ કોટિ અઘ નાસહિં તબહીં।

જીવ જ્યારે પરમાત્માની સન્મુખ થઈ જાય છે ત્યારે પૂર્વજન્મના તેના અગણિત પાપ સ્વયં બળીને ભસ્મ થઈ જાય છે. જેવી રીતે દીવો પ્રગટાવીએ અને ગમે તેવો જૂનો અંધકાર નાશ પામે એમ જીવ જ્યારે ભગવાનની સન્મુખ થાય છે ત્યારે તેના પાપો નાશ પામે છે. જાહેર છે કે આપણે પરમાત્માથી વિમુખ છીએ. આપણે ભગવાનની સન્મુખ કેવી રીતે થઈએ? આપણી પાપમાં રૂચિ છે, મન ચંચળ છે, અભિમાન છે અને ઈશ્વરના મહિમાને જાણતા નથી. શું કરવું? આનું નિવારણ શું?

પાપમાં રૂચિ છે તો એનું નિવારણ છે ધર્માચરણ કરવું. ધર્મનું આચરણ કરવાથી ધીરે ધીરે પાપમાંથી આપણી રૂચિ ઓછી થવા લાગશે. જેમ જેમ તાવ ઊતરશે તેમ તેમ મિષ્ટાનનો મૂળ સ્વાદ અનુભવમાં આવશે. ધર્માચરણ કઠિન છે. ધર્મની વ્યાખ્યા કરવા માટે વેશ પહેરવો અને એનું આચરણ કરવું બંને અલગ વાત છે. સત્ય ધર્મ છે. અહિંસા ધર્મ છે. પરોપકાર ધર્મ છે. સેવા ધર્મ છે.

'રામચરિતમાનસ'માં ધર્મની આ વ્યાખ્યાઓ કરવામાં આવી છે. આપણે એવી કોશિશ કરીએ કે આપણા જીવનમાં ધર્મનું આચરણ આવે. જેમ જેમ વ્યક્તિના જીવનમાં ધર્માચરણ વધશે તેમ તેમ તેનો પ્રભાવ પણ વધશે.

મનની ચંચળતાનું નિવારણ શું? શાંતિથી વિચારો. મન બે કારણથી ચંચળ બને છે. મનની ચંચળતાનું એક કારણ છે-રાગ અને દ્વેષ, જ્યાં રાગ હોય છે ત્યાં વારંવાર જવાની મનને ઈચ્છા થાય છે. અને જેનાં તરફ દ્વેષ હોય છે તે તરફ પણ મન વારંવાર ખેંચાય છે. બીજું કારણ છે અકારણ વિચારો કર્યા કરવા. બેઠા-બેઠા અકારણ વિચારો કરવાથી મન ચંચળ બને છે. મનને સમજવું પડશે. આપ સત્સંગ કરો છો,કથા સાંભળો છો,ભગવદ્ સ્મરણ પણ કરો છો. પોતપોતાની સાધના કરો છો. પરંતુ આજે આ નવ વર્ષે જાતને પૂછીએ કે આપણામાં માનવ પ્રગટ થયો? આપણી ચેતનાની, ચૈતસિક જાગૃતિ થઇ કે નહિ?

- સંકલન : જયદેવ માંકડ

અભ્યાસ જાગવો એટલે સાધના અંદરથી ઉછાળા મારે

અલૌકિક દર્શન

ભાણદેવ
bhandev@bombaysamachar.com



ભજન-૬

નવધા ભક્તિમાં નિર્મળ રહેવું ને રાખવો વચનુંમાં વિશ્વાસ

આ નવધા ભક્તિ એટલે શું? 'શ્રીમદ્ ભાગવત'માં એક શ્લોક છે, જે નવધા ભક્તિમાં પ્રમાણભૂત ગણાય છે અને સર્વત્ર એનો સંદર્ભ મુકાય છે.

શ્રવણં કીર્તનં વિષ્ણુ સ્મરણં પાદસેવનં,
અર્ચનં વંદનં દાસ્યમ્, સખ્યમ્, આત્મનિવેદનમ્।

આ નવધા ભક્તિ છે. 'રામચરિતમાનસ'માં રામચંદ્રજી શબરીને નવધા ભક્તિ સમજાવે છે. પ્રથમ ભક્તિ સંતન કરવા સેવા, ત્યાં પણ નવધા ભક્તિ છે, તો નવધા ભક્તિ એટલે શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન ગંગાસતી કહે છે નવધા ભક્તિમાં નિર્મળ રહેવું, એટલે શું? નવધા ભક્તિનું અનુષ્ઠાન નિર્મળાભાવે કરવું, કોઈ પણ સાધન બે રીતે થાય છેઃ વિશુદ્ધભાવે અને એને અશુદ્ધ બનાવીને. યોગમાં, સાંખ્યમાં, જ્ઞાનમાં કશી ખબર ન હોય, વેદાંતની જાણ ન હોય અને 'હું બ્રહ્મ છું' એમ બોલનાર પણ હોય છે. કશી ખબર ન હોય એને હું બ્રહ્મ છું? વેદાંતમાં લખ્યું એ સાચું, પણ 'હું' બોલે છે કોણ? અહંકાર અને અહંકાર બ્રહ્મ નથી, આત્મા કહી શકે કે 'હું બ્રહ્મ છું' દરેક સાધનને અશુદ્ધ બનાવી શકાય, યોગનો ઉપયોગ પણ ગલત હેતુથી થાય છે. ભક્તિનું પણ છે, સર્વત્ર એવું થયું છે, એટલે ગંગાસતી લાલબત્તી ધરે છે. પાનબાઈ, નવધા ભક્તિમાં નિર્મળ રહેવું, ભક્તિને નામ આડોઅવળો પગ ન મૂકાઈ જાય એની સાવચેતી આપવા માટે કહે છે, નવધા ભક્તિમાં નિર્મળ રહેવું એટલે જ નહીં, નવધા ભક્તિમાં પરિશીલન દ્વારા નિર્મળ થવું એનો પણ એવો અર્થ થાય છે અને રાખવો વચનુંમાં વિશ્વાસ રે, ગુરુવચનમાં વિશ્વાસ રાખવાની વાત છે.

શબ્દ-૧૧- અભ્યાસ જાગવોઃ

ભજન-૭

અભ્યાસ જાગ્યા પછી બહુ ભમવું નહીં ને, ન રહેવું ભેદવાદીની પાસ રે.

અભ્યાસ જાગવો એટલે શું? આપણને શબ્દની ખબર છે, અભ્યાસ અને જાગવું, પણ અભ્યાસ જાગવો એટલે? જપ કરીએ તો કર્તૃત્વનું ક્ષેત્ર છે. પણ જપ થવા માંડે, કરવા ન પડે, થવા માંડે, પ્રાણાયામ કરવામાં આવે નાક દાબીને, પણ કેવળ કુંભકની અવસ્થા આવે, કરવો ન પડે અને કુંભક થઈ જાય એને કહેવાય અભ્યાસ જાગવો. ભગવાન શ્રીકૃષ્ણ વૃંદાવન છોડીને મથુરા ગયા તો નારદજીએ વિચાર આવ્યો કે લાવ, જાઉં તો ખરો કે વૃંદાવનના વાસીઓની શી દશા છે, એક સાંજે યમુનાને કિનારે સંતાઈને બેઠાં, એક ગોપી જળ ભરવા આવી, ઘડો બાજુમાં મૂકીને ધ્યાનસમાધિમાં બેસી ગઈ. નારદજીએ આવીને પૂછ્યું: ''બહેન, તમે કૃષ્ણનું ધ્યાન કરતાં હતાં?'' ''કૃષ્ણનું ધ્યાન કરે મારી બલ્લા, કૃષ્ણને ભૂલવા માટે સમાધિમાં બેઠી હતી, અમારે કૃષ્ણને યાદ ન કરવા પડે, ભૂલવા માટે પ્રત્યન કરવો પડે.'' આ અભ્યાસ જાગવાનું પ્રમાણ છે. અભ્યાસ જાગવો એટલે સાધના અંદરથી ઉછાળા મારે, સાધન કરવું ન પડે, થઈ જાય, ધ્યાનમાં પ્રવેશ કરવા બેસવું ન પડે, તેમાંથી બહાર નીકળવા પ્રયત્ન કરવો પડે ત્યારે સમજવું કે અભ્યાસ જાગ્યો છે, પણ ચાલો સમજ્યા કે અભ્યાસ જાગે, પણ જાગે કઈ રીતે? સાધના શરીરથી કરીએ છીએ અને મનથી પણ યજ્ઞયાગ, પૂજાપાઠ કરીએ એ શરીરથી સાધના, મનથી જપ ધ્યાન કરીએ, ત્રીજું તત્ત્વ તેમાં જ્યારે ભળે ત્યારે અભ્યાસ જાગે, એનું નામ છે પ્રાણ. જ્યારે શરીર મનની સાથે પ્રાણતત્ત્વ જોડાય ત્યારે અભ્યાસ જાગે છે અને પછી પરમાત્મા માટે તે અંતરમાંથી ઉછાળા મારે ત્યારે અભ્યાસ જાગે.

શબ્દ-૧૨-દુબજાનો ડાઘઃ

ભજન-૯

જગતના વૈભવને મિથ્યા કરી જાણજો ને ટાળી દેજો દુબજાનો ડાઘ રે...

દુબજા એટલે દ્વિધા. અધ્યાત્મપથ પર દ્વિધા એ પિશાચિની છે, દ્વિધા જ્યાં સુધી છે, ગુરુ પરની શ્રદ્ધામાં શંકા છે, પોતાના સાધનમાં શંકા છે, શાસ્ત્રમાં શંકા છે, જ્યાં સુધી આ શંકા છે ત્યાં સુધી અધ્યાત્મમાં પ્રાણ પ્રગટતો નથી, ત્યાં સુધી સાધનામાં ચૈતન્ય પ્રગટતું નથી. એટલે ગંગાસતી કહે છેઃ પાનબાઈ, ટાળી દેજો દુબજાનો ડાઘ, દ્વિધાને ટાળજો, મુક્તિ મેળવજો, જો દ્વિધામાંથી મુક્ત નહીં થાવ તો અધ્યાત્મમાં પ્રાણ પ્રગટશે નહીં, એકનિષ્ઠા, જાતને એમાં હોમવાની તૈયારી જાગે ત્યારે જ દુબજા જાય અને એવી નિષ્ઠા જાગે પછી જ અધ્યાત્મમાં ચૈતન્ય પ્રગટે છે.

શબ્દ-૧૩-આસન જીતવુંઃ

ભજન-૧૦

ભાઈ રે! ખટમાસ એકાંતમાં આસન જીતવું ત્યારે અડધો યોગ કહેવાય.

આસન જીતવું એટલે શું? 'બ્રહ્મસૂત્ર'માં કહ્યું છેઃ આસનસ્ય સંભવાત બેસીને સાધના કરવી જોઈએ, કેમ કે તો જ શક્ય છે, આસન જીતવાના બે અર્થ છેઃ એક અર્થ છે એક સ્થાને દીર્ઘકાળ સુધી સ્થિરતાપૂર્વક રહેવું, અઠવાડિયું થાય અને પગ ઊપડે તો આસન સિદ્ધ થયું નથી, બીજો અર્થ છે, કલાકો સુધી સ્થિરતાપૂર્વક એક આસને બેસી રહેવું. પગ લાંબાટૂંકા કરવા પડે, પાછળ ઓશીકું જોઈએ, આધાર જોઈએ તો આસન સિદ્ધ થયું નથી. સ્થિરતાપૂર્વક દીર્ઘકાળ સુધી બેસી રહેવાની શક્તિ એ આસનસિદ્ધિ છે અને દીર્ઘકાળ સુધી એક સ્થાને રહેવાની સ્થિરતા પણ આસનસિદ્ધિ છે અને આવું આસન સિદ્ધ થાય તો અડધો યોગ કહેવાય. વર્ષો સુધી એકાંતમાં એક જગ્યાએ સ્થિરતાપૂર્વક રહેવા માટે ઘણી નિષ્ઠા જોઈએ.

શબ્દ-૧૪- ગોવિંદઃ

ભજન-૧૩

સ્વહસ્તે આવીને ગોવિંદ લખી ગયા, પ્રત્યક્ષ હસ્તપ્રત માંય રે.

આ એક નાનકડો ઈતિહાસ છે. બંગાળમાં કેન્દુલિ નામનું એક સ્થાન ગંગાકિનારે છે. ગંગાને બિલકુલ કિનારે છે, ત્યાં એક કવિ રહે જયદેવ. એમણે ભગવાન શ્રીકૃષ્ણને રાધાજીની લીલા વિશે એક ગ્રંથ લખ્યો છેઃ 'ગીતગોવિંદ' જેમ 'ભાગવત'માં શારદીય રાસોત્સવનું વર્ણન છે, તેમ 'ગીતગોવિંદ'માં વસંતરાસનું ઉત્સવ છે. લખતાં લખતાં એક શ્લોક આવે છે, અંદરથી વાણી ઊતરે છે, પદ્માવતી, એમના ધર્મપત્ની એમની સેવા કરે છે. ગંગાસતી ભજનો રચીને ગાતાં નથી, એ તો હાથમાં એકતારો આવે, મંજિરા આવે, એકતારાની ઝણકાર અને મંજિરાનો રણકાર થાય એટલે કડીઓ અંદરથી ઊતરે અને ઊતરે ગાઈને રચે છે. રચીને ગાતા નથી, એમ જયદેવનાં અંદરથી કડીઓ શ્લોકો આવતા જાય છે. એમાં એક શ્લોક આવે છેઃ

સ્મરગરલખંદનં મમ શરશિમંદનં દૈહી મે પદ પલ્લવં।
જલતિ મય દારણો મદનકરનારલો હરતુત દોષિત કારં પ્રિય ચારૂશિલે
મંચમયમાનમદનાદં શિબ્દિમદનારલોદહતિ મામાનસં દેહિ મુખ કમલંદુપાનં।

પ્રસંગ એવો છે કે રાસલીલામાં આવતા કૃષ્ણને મોઢું થયું. રાધાજી રીસાયાં છે, રુષ્ટ થયાં છે, એટલે ભગવાન કૃષ્ણ રાધિકાજીને મનાવવા માટે જાય છે અને મનાવતા આ શ્લોક બોલે છે, અર્થ છે. ભગવાન કહે છે કે હે દેવી! હે રાધિકે! ચારૂશીલે, તારા ચરણ મારા મસ્તક ઉપર પધરાવ, કૃષ્ણ ભગવાન છે, રાધિકાજીને કહે છેઃ તારા ચરણ મારા મસ્તક પર મૂક તો મને શાંતિ મળશે. શ્લોક તો લખાઈ ગયો. જયદેવ ફરીથી વાંચે છે, અરે! મેં આ શું લખ્યું? ભગવાન રાધિકાજીને આ શું કહે છે? આ તો અપરાધ થયો, શ્લોક છેકી નાખ્યો. પછી બીજી વાર કલમ ઉપાડી, લખવા જાય તો એ શ્લોક આવ્યો. અરે! આ શ્લોક કેમ આવે છે? જેમાં ભગવાન કૃષ્ણ રાધિકાજીને એનું મસ્તક પર પગ પધરાવવાનું કહે છે, ફરી છેકી નાખ્યો. ત્રીજી વાર ફરી એ જ આવે... શું કરવું, એ વ્યાકુળ થઈ ઊભા થઈ ગયાં અને પત્ની પદ્માવતીને કહે છે, હું ગંગાસ્નાન માટે જઉં છું, જાય છે, થોડી વાર થઈ હજુ બહાર જ નીકળ્યા હશે, થોડી વાર થઈ હશે કે પાછા આવ્યા, પાછા આવીને શ્લોક લખ્યો, એ જ શ્લોક લખાયો. ચાલ્યા ગયા સ્નાન કરવા.

સ્નાન કરીને આવ્યા, પદ્માવતી કહેઃ ભોજન તૈયાર છે, કરી લો ને, તેઓ કહે હું આવું, અંદર ગયો તો આખો ઓરડો ચંદનથી મઘમઘતો, આપોઆપ દીવા પ્રગટેલા જોઈને જુએ તો એ જ શ્લોક સ્વર્ણાક્ષરે લખેલો. કહેઃ ''દેવી, આ શ્લોક તમે લખ્યો?'' તે કહેઃ ''તમે ગયા પછી તરત પાછા આવીને તો લખ્યો હતો.'' તેઓ કહે, ''હું તો પાછો આવ્યો જ નથી.'' તો કહે ''આ ચંદનનો ધૂપ તમે જે પ્રગટાવ્યો છે ને?'' તેઓ કહે ''ના. મેં તો કર્યું નથી.'' ''તો આ સ્વર્ણાક્ષરે કેમ લખાયું છે?'' ''એ લખવા મારો નાથ આવ્યો લાગે છે, ગોવિંદ આવીને લખી ગયા.'' આ પ્રસંગ માટે ગંગાસતી કહે છે. ગોવિંદ આવીને સ્વહસ્તે લખી ગયા, પ્રત્યક્ષ હસ્તપ્રતમાંય રે! એ પ્રસંગને યાદ કરી તેઓ કહે છે. (ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

દિવાળી એટલે અધર્મ સામે ધર્મનો વિજય

અધર્મ સામે ધર્મનો વિજય સહેલો નથી. મહાભારત અને રામાયણ એ બંનેમાં ધર્મના વિજય માટે અગાધ પરિશ્રમ કરવો પડેલો. આ એક વિશાળ યજ્ઞ સમાન કાર્ય હતું. મહાભારત અને રામાયણનું યુદ્ધ જ્યાં લડાયું હતું તે એક યજ્ઞની વેદી સમાન સ્થળ ગણાય. એમાં અનેક જીવની આહુતિ આપવામાં આવી હતી. મહાકાળ નામના દેવે આ બધી આહુતિ સ્વીકારી તૃપ્તિ અનુભવી હશે. આ યજ્ઞ માટે મનુષ્ય અને દેવતાઓએ વર્ષોની પ્રતીક્ષા કરી હશે. અંતે અધર્મ સામે ધર્મનો વિજય થયો.

દિવાળીનો તહેવાર અધર્મ સામે ધર્મના વિજયનો તહેવાર છે. આમ તો આ વિજય વિજયાદશમીના દિવસે સંપન્ન થયો હતો. તે વિજય બાદ શ્રીરામનું દિવાળીના દિવસે અયોધ્યામાં આગમન થયું હતું. આ દિવસે શ્રીરામનો વનવાસ પૂરો થયો. સમગ્ર વનવાસ દરમિયાન તેમણે જે ધર્મ અને નીતિનું આચરણ કર્યું તે પ્રકરણનો અહીં અંત હતો અને અહીંથી આ જ પ્રકારના આચરણનું નવું પ્રકરણ શરૂ થતું હતું. જે દિવસે વનવાસના પ્રકરણનો અંત આવ્યો તે દિવસે અધર્મને અનુસરતાં એક વર્ગનો સંપૂર્ણતામાં નાશ થયો. ધર્મના વિજયના એક પ્રકરણનો આ અંત હતો.

પ્રકાશની લડત અંધકાર સામે છે. સત્યને અસત્ય સામે લડવું પડે છે. અધર્મ સામે ધર્મે મોરચો માંડવો પડે છે. સુમતિએ કુમતિને હરાવવાનો પ્રયત્ન કરવો પડે છે. સત્કર્મે પણ અસ્તિત્વ માટે દુષ્કર્મનો સામનો કરવો પડે છે. નીતિમય જીવન માટે અનીતિ હંમેશા બાધારૂપ બની રહે છે. સમાજમાં દૈવી પ્રકૃતિવાળી વ્યક્તિનો ટકરાવ આસુરી પ્રકૃતિવાળી વ્યક્તિ સાથે થાય તે સ્વાભાવિક છે. સારા આદર્શ હંમેશાં ખરાબ આદર્શ સાથે ટકરાય છે. પ્રશ્ન એ થાય કે આ બંનેમાંથી જીત કોની થાય છે. ક્યારેક એમ લાગશે કે જીત અધર્મની થતી હોય છે.

દુર્યોધને સમગ્ર કુટુંબ અને મિત્ર મંડળ સાથે આખી જિંદગી સુખ ભોગવ્યું. તેની પાસે અઢળક સંપત્તિ પણ હતી. તે વખતે હસ્તિનાપુર ચારે તરફથી રક્ષિત હતું, તેને કોઈ આક્રમણનો ભય ન હતો. સમગ્ર સમાજ પણ પૂરેપૂરો કાર્યરત હતો. તેનું શરીર પણ તે વખતે પૂરેપૂરું સક્ષમ હતું. તેની જિંદગીનો આ સૌથી આનંદદાયક તબક્કો હતો. યુધિષ્ઠિર માટે એમ ન કહેવાય. યુધિષ્ઠિરને જ્યારે હસ્તિનાપુરનું સામ્રાજ્ય મળ્યું ત્યારે તેનું કુટુંબ કે મિત્રમંડળ, ચાર ભાઈઓ, દ્રૌપદી, સુભદ્રા અને મા કુંતા સિવાય, મૃત્યુને આધીન થઈ ચૂક્યું હતું. સમાજમાં વૃદ્ધ અને બાળકો જ બાકી હતા. રાજ્યની તિજોરી પણ યુદ્ધમાં ખર્ચાઈ ચૂકી હતી. વડીલોનું માર્ગદર્શન પણ તેને પ્રાપ્ત ન હતું. આ હતું ધર્મના વિજયનું ભૌતિક પરિણામ. છતાં પણ સૂક્ષ્મતામાં જોતાં જણાશે કે દુર્યોધન હંમેશા ઉદ્વેગ અને ડરના માહોલ વચ્ચે રહ્યો હશે. તેને રાજ્ય છીનવાઈ જવાની ચિંતા સતત સતાવતી હશે. ક્યારેક તો તે ઊંઘમાંથી ઝબકીને જાગી જતો હશે, એ ડરમાં કે ક્યાંક હસ્તિનાપુરનું સામ્રાજ્ય જતું ન રહે. આની સરખામણીમાં યુધિષ્ઠિર અપાર શાંતિમાં જીવ્યો હશે. એવી કોઈ પ્રકારનો, કોઈ દિશામાંથી ડર નહીં હોય. કોઈપણ પ્રકારના ઉદ્વેગ કે ફરિયાદ વગર તે પોતાનું જીવન વ્યતીત કરતો હશે. ધર્મની સ્થાપનાનો આ અર્થ છે. ધર્મની સ્થાપના ભૌતિક સુખ-સંપત્તિ સાથે સંલગ્ન બાબત નથી. એ તો માનસિક સ્થિરતા, શાંતિ, સંતોષ તથા આનંદની સ્થિતિ છે. ધર્મની સ્થિતિમાં સૂક્ષ્મ અસ્તિત્વ અને આગળ જતાં કારણ અસ્તિત્વ શાંતિને પામે. દુર્યોધન માટે આ જરાય શક્ય ન હતું.

ધર્મની સ્થાપના એટલે શાસ્ત્રીય રીતે સ્થાપિત થયેલ આદર્શોને અનુરૂપ વ્યવસ્થા. ધર્મની સ્થાપના એટલે સૃષ્ટિના સમીકરણોની સ્વીકૃતિ. ધર્મની સ્થાપના એટલે અહંકાર અને સ્વાર્થની સંપૂર્ણતામાં નાબૂદી. ધર્મની સ્થાપના એટલે નીતિ આધારિત જીવનશૈલી. ધર્મની સ્થાપના એટલે દરેક વ્યક્તિ પોતાના ઉત્તરદાયિત્વનું સંપૂર્ણતામાં પાલન કરી શકે તેવી પરિસ્થિતિ. ધર્મની સ્થાપના એટલે સમગ્ર સમાજનું આધ્યાત્મિકતા તરફનું પહેલું ચરણ. ધર્મની સ્થાપના એટલે સમગ્ર સમાજના વિશાળ જન સમુદાયમાંથી કામ ક્રોધ લોભ મોહ જેવાં શત્રુનું પલાયન થવું. ધર્મની સ્થાપના એટલે સાત્ત્વિકતાનો ઉદય, સત્યના પ્રભાવનો વધતો વિસ્તાર, સમગ્રતામાં શાંતિ અને સંતોષનો પ્રસાર, સમાજની શ્રદ્ધા અને વિશ્વાસ માટે પ્રતિબદ્ધતા અને સર્વત્ર સંપૂર્ણતાનો અહેસાસ.

ગીતામાં ઈશ્વરે ધર્મની સ્થાપના માટે પોતાની કટિબદ્ધતા દર્શાવી છે. આમાં આ બધા સાથે ઈશ્વરે દુષ્ટના વિનાશ અને સાધુના સંરક્ષણની પણ વાત કરી છે. સમાજ ધર્મનિષ્ઠા ત્યારે જ રહી શકે જ્યારે સાધુજનની સંખ્યા વધુ હોય, તેમનું માન-સન્માન હોય, સાધુતાનું વર્ચસ્વ હોય, દરેક ક્ષેત્રમાં સાધુતાની સ્વીકૃતિ હોય, અને સાધુ તેમજ સાધુતાના સંરક્ષણ માટે સમાજ કૃતનિશ્ચયી હોય. માનવ ઇતિહાસમાં આ પ્રકારના સમાજની કદાચ આજે સૌથી વધુ જરૂર છે.

શ્રીરામ તથા શ્રીકૃષ્ણ પોતપોતાની રીતે, ધર્મની સ્થાપના કરીને ગયાં છે. પછીનો તબક્કો સમાજના હાથમાં રહ્યો. દિવાળીના દિવસે આપણે ચકાસવું જરૂરી છે કે શ્રીરામ અને શ્રીકૃષ્ણ જે હેતુથી પોતાનું કાર્ય સંપન્ન કરીને ગયાં તે હેતુ આજ સુધી જળવાઈ શક્યો છે કે નહીં. જો જવાબ હકારાત્મક આવે તો તો ઘણું સારું, પણ જવાબ જો નકારમાં હોય તો વિચારવું તો પડે જ.

શ્રીરામ અને શ્રીકૃષ્ણ જે રીતે દુનિયા આપીને ગયાં હતાં તેમાં અધર્મની માત્રા વધી ન જાય તે માટે દિવાળીના દિવસે સંકલ્પ કરવો પડે. તેના પર કામ કરવું પડે, સમગ્રતામાં એક પ્રકારની જાગ્રતતા લાવવી પડે અને ધર્મની પુનઃ સ્થાપનાનું કામ યજ્ઞ સમાન ગણી, પોત પોતાની ક્ષમતા મુજબ, હાથમાં લેવું પડે. દિવાળીનો તહેવાર જ પ્રકાશ અને ધર્મનો પ્રસાર વધુને વધુ થાય એ પ્રકારની ગોઠવણ માટે છે તેમ લાગે છે. ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

બ્રહ્માનંદસ્વામીઃ શકવર્તી સાંસ્કૃતિક સંપદાના અર્થપૂર્ણ ઉદ્‌ગાતા-૮

૫. ‘શિક્ષાપત્રી’

શિક્ષાપત્રીને અંગે બ્રહ્માનંદ એનો ઉદ્દેશ ગુજરાતીમાં જણાવ્યો પણ છે. બ્રહ્માનંદે હિન્દીમાં પણ શિક્ષાપત્રીની રચના સર્જી છે. દોહા, ચોપાઈ, સોરઠામાં અને હિન્દી વ્રજની છાટવાળી ભાષામાં કૃતિને ઢાળી છે. બન્નેના રચના સમય એક જ છે. અહીં કુલ ૨૮૭ કડી છે. સળંગ કડી ક્રમ છે. વચ્ચે વચ્ચે દોહા-સોરઠા અને ચોપાઈના ઢાળ બદલાય છે.

‘સહજાનંદ ગુરુ એહ વિધિ, પત્રી રચી નવીન
બ્રહ્માનંદ ગિરવાન પર, સુલભ ભાષા કીન’

બ્રહ્માનંદની બે શિક્ષાપત્રીઓ ઉપરાંત સંપ્રદાયમાં નિષ્કુળાનંદ અને પ્રેમસખી પ્રેમાનંદકૃત શિક્ષાપત્રી પણ પ્રચલિત છે. કોઈ અભ્યાસીએ અભિવ્યક્તિ સંદર્ભે આ બધી શિક્ષાપત્રીઓનું તુલનાત્મક અધ્યયન કરવું જોઈએ.

૬. ‘સંપ્રદાય પ્રદીપ’

કુલ ૧૮ અધ્યાયની પ્રસ્તુત કૃતિમા સ્વામિનારાયણ ભગવાનની પરબ્રહ્મ સાથેની પરંપરાના અનુંસધાનની વિગતો કેન્દ્રસ્થાને છે. સનાતન ધર્મના ભાગવતધર્મની પરંપરાના સંદર્ભે જ એ મતને દૃઢ રીતે સમજાવતું અહીં આલેખન છે. કથનાત્મક રીતે વિગતોને ક્રમશઃ આલેખતો આ ગ્રંથ સંપ્રદાયની સિદ્ધાન્ત વિભાવનાને સમજાવે છે. અહીં ઉદ્ધવ, રામાનુજ, રામાનંદ સ્વામી તેમજ એમના ગુરુ આત્માનંદજીના વૃત્તાંતને પણ આવરી લેવાયેલ છે. એ ઉપરાંત સંપ્રદાયની સનાતન હિન્દુ ધર્મની ઉપાસના પદ્ધતિ પણ આમાં આલેખાઈ છે. કૃતિની ભાષા વ્રજ-હિન્દી છે.

૭. ‘વર્તમાન વિવેક’

પંચપ્રવર્તમાનનો મહિમા રજૂ કરતું આ કાવ્ય દોહાબંધમાં છે. આ કાવ્ય રચનાનું સર્જન બ્રહ્માનંદે ગઢડામાં રહીને કર્યું જણાય છે. ધર્મ-સંપ્રદાયના જાળવવાના થતાં સનાતનધર્માનુરૂપ સિદ્ધાન્તોને અહીં સરળ રીતે રસળતી શૈલીમાં વણી લેવાયા છે.

૮. ‘ગોલોક દર્શન’

આ ગ્રંથમાં ગોલોક અર્થાત્ અક્ષરધામનું અનુભૂતિમૂલક આલેખન ષ્ટિગોચર થાય છે. કૃષ્ણીલીલાસ્થાન-વૃંદાવનધામનું પણ અત્રે આલેખન છે. દોહા, હરિગીત અને ત્રોટક જેવા છંદમાં બ્રહ્માનંદની વર્ણન છટાનો ભાવકને સુંદર પરિચય આ રચના દ્વારા થાય છે.

૯. ‘ધર્મસિદ્ધાન્ત’

આ રચના કુલ ૨૦ અધ્યાયમાં વિભાજિત છે. કૃતિની ભાષા હિન્દી-વ્રજ-ડિંગળ છે. સનાતન ધર્મના પાયાના ગ્રંથોને સહજાનંદ સ્વામીએ ‘વચનામૃત’માં ગૂંથી લીધેલા છે. એ બ્રહ્મરત્ન પ્રાપ્તિ, બ્રહ્મપુર વર્ણન, ધર્મસિદ્ધાન્તોનું નિરૂપણ અહીં કેન્દ્ર સ્થાને છે. આ ધર્મતત્ત્વદર્શી રચના પણ બ્રહ્માનંદની એક મહત્ત્વની રચના છે. ‘વચનામૃતની કેટલીક વિષયસામગ્રી પણ અહીં સમાવિષ્ટ થયેલી દૃષ્ટિગોચર છે.

૧૦. ‘ધર્મકુળધ્યાન’

આ રચના હકીકતે તો સ્વામિનારાયણ સંપ્રદાયની દીક્ષાવિધિની ક્રિયાકાંડની વિગતોને આલેખતું ૪૧ કડીનું દોહા, ચોપાઈ બંધનું દીર્ઘકાવ્ય છે. અહીંથી સંપ્રદાયની વિધિ-વિધાનની વિગતો વિશદ રીતે પ્રાપ્ત થાય છે.

મધ્યકાલીન ગુજરાતીમાં સિદ્ધાન્તધારા જેવી તથ્યમૂલક વિગતોને પદ્યમાં ઢાળીને કાવ્યસ્વરૂપે પ્રસ્તુત કરવાની જે પરંપરા છે એનું ઉજ્જ્વળ ઉદાહરણ બ્રહ્માનંદ દ્વારા રચાયેલી પ્રસ્તુત આઠ રચનાઓ દ્વારા પ્રાપ્ત થાય છે.

(૩) તત્ત્વદર્શનમૂલક સાહિત્ય (ફિલૉસૉફિકલ લિટરેચર)

બ્રહ્માનંદે ચરિત્ર કે સિદ્ધાન્તોને કેન્દ્રમાં રાખીને જેમ સાહિત્ય સર્જ્યું છે તેમ તત્ત્વદર્શનને વિષય બનાવીને પણ કેટલીક રચનાઓનું સર્જન કર્યું છે.

૧૧. ‘ઉપદેશ ચિંતામણી’

૪૭ ચંદ્રાયણા છંદમાં રચાયેલો આ લઘુગ્રંથ એક રીતે સળંગબંધનું દીર્ઘકાવ્ય છે. બ્રહ્માનંદે ભાગવતી દીક્ષા લીધી ત્યારે લાડુદાનમાંથી તેનું નામ શ્રીરંગદાસજી રખાયેલું. એ નામછાપથી અનુયાયીઓને ચિંતામણી મણિસમાન ઉપદેશ આ કાવ્યનો મૂળ હેતુ જણાય છે. માયાનો મોહ છોડીને જીવનની ક્ષણભંગુરતાનો ઉપદેશ આપતા શ્રીરંગદાસજી (બ્રહ્માનંદ) અહીં તત્ત્વદર્શન નિરૂપણમાં ભારે ખીલ્યા છે.

૧૨. ‘વિવેક ચિંતામણી’

બ્રહ્માનંદના આરંભકાલીન શ્રીરંગદાસ નામછાપ ધરાવતી આ રચના પણ સંપ્રદાયના તત્ત્વદર્શનરૂપ ઉપેશતત્ત્વને અભિવ્યક્ત કરે છે. તત્કાલીન દંભી સાધુઓ પરત્વે અખાની શૈલીમાં કટાક્ષ કરીને લોકોને-ભક્તોને એના ભ્રમમાંથી બહાર રાખવા મથતા શ્રીરંગદાસે કુલ છ અંગો જેવા કે અસંત અંગ, સાધુ અંગ, ફકીર અંગ વગેરે રચ્યા છે. ચંદ્રાયણા, છપ્પય, જેવા છંદબંધમાં અભિવ્યક્ત આ કૃતિ તત્ત્વદર્શન કેન્દ્રી સામાજિક બોધને કેન્દ્રમાં રાખીને રચાયેલી જણાય છે.

૧૩. ‘બ્રહ્મવિલાસ’

કુલ ૨૦ અંગમાં વિભાજિત વિવિધ વિષયોને આવરી લઈને સવૈયામાં રચાયેલી આ કૃતિ તાત્ત્વિક બોધ-ઉપદેશાત્મક છે. બધા મળીને કુલ ૩૮૦ સવૈયા છે. ગ્રંથની ભાષા વ્રજડિંગળ-મિશ્ર હિન્દી છે. ગુરુસેવકો અંગ, વિશ્વાસ, તૃષ્ણા, વચનવિવેક જેવા તત્ત્વદર્શનમૂલક ૨૦ અંગમાં ઉપદેશ તત્ત્વદર્શનવિચાર સમાવિષ્ટ છે. ગઢપુરમાં સહજાનંદ સ્વામી સમક્ષ રચાયેલી આ રચનનું સંપ્રદાયમાં વિશિષ્ટ સ્થાન છે. ઉપદેશની અભિવ્યક્તિ માટે પ્રયોજાયેલી ભાષા સરળ અને બોધાત્મક છે. રસળતી, લયાન્વિત પદાવલિ આ રચનાને લોકપ્રિય બનાવનારું તત્ત્વ જણાય છે.

૧૪. ‘ઝૂલણા જ્ઞાન-ઉપદેશ’

ઝૂલણા છંદની ૫૦ કડીઓ અને ત્રણ વિભાગમાં વિભાજિત તથા તત્ત્વદર્શનાત્મક જ્ઞાન ઉપદેશને કથતી બ્રહ્માનંદની મહત્ત્વની રચના છે. પ્રથમ ઉપદેશ અંગના ૩૦ ઝૂલણામાં માયામાં લપેટાયેલા જીવને જે કંઈ ત્રાસ પ્રાપ્ત થાય છે એનું આલેખન છે. પછીના સાધુ અંગમાં ૩૧ થી ૪૨ ઝૂલણા છે અને ત્રીજા સંતના અંગમાં ૪૩ થી ૫૦ ઝૂલણા છે. અહીં ૪૯મા ઝૂલણામાં બ્રહ્માનંદે આત્મલક્ષી પરિચય મૂક્યો હોઈને આ રચનાનું મૂલ્ય વધી જાય છે.

‘જ્ઞાતિ ચારણ ઓડક યાસિયુકી, આબુ છાંય ભયો ખાણ ગામએજી
તાકે નામ શંભુદાન તાત હુકો, ખાત લાલુબાઈ ધર્યો ડાળએજી
લાડુ મેટકે શ્રીરંગ નામ ધર્યો, દોઉ લીન બ્રહ્માનંદ નામએજી
ચિત્ત ધાર સહજાનંદ શામ, છબી જગ જીત ગયો નિજ ધામમેજી’ (ક્રમશઃ)■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com

વરદાન તમારે ભોગવ્યે જ છૂટકો છે પણ હું તમને એટલું જરૂર કહીશ કે ભગવાન શિવે તમારા કલ્યાણ માટે જ આ વરદાન આપ્યું છે

(ગતાંકથી ચાલુ)

માતા પાર્વતીના પૂછવા પર ભગવાન શિવ જણાવે છે કે ‘દેવી મેં એમને વરદાન નથી આપ્યું એમણે જ લીધું જ છે. તપસ્યા દરમિયાન દેવર્ષિ નારદે મનમાં ઉત્પન્ન કરેલા વિચાર અને વિકારે વરદાન મેળવ્યું છે. બ્રહ્મદેવ પણ એવું ઇચ્છે છે કે પોતાને બાળબ્રહ્મચારી હોવાનું અભિમાન ધરાવતા દેવર્ષિ નારદને ગૃહસ્થ જીવનનો અનુભવ થવો જ જોઇએ.’ એ જ સમયે ‘ૐ હ્રીં ક્લીં ચામુંડાયે વિચ્ચૈ નમઃ’નો સ્વર કૈલાસ ખાતે ગૂંજવા લાગ્યો. માતા પાર્વતી ત્વષ્ટા ઋષિને વરદાન આપવા તેમની પાસે પહોંચે છે અને કહે છે, ‘ઋષિ ત્વષ્ટા આંખ ખોલો, તમારી શક્તિ ઉપાસનાથી પ્રસન્ન છું, વરદાન માંગો.’ ઋષિ ત્વષ્ટાઃ ‘માતા તમારી કૃપા અપરંપાર છે, તમે મને વરદાન આપો કે હું યજ્ઞ દ્વારા અદ્‌ભુત ચમત્કારિક સૃષ્ટિ પ્રાપ્ત કરી શકું અને યજ્ઞ દ્વારા જેને ઉત્પન્ન કરું એને અદ્‌ભુત શક્તિ આપી શકું.’ માતા પાર્વતી ચેતવણી આપતાં કહે છે, ‘હું તમને ઇચ્છિત વરદાન અવશ્ય આપીશ ઋષિવર ત્વષ્ટા, પરંતુ સાવધાન... વરદાનનો દુરુપયોગ કરશો તો તમારો અને તમારી સૃષ્ટિનો વિનાશ નિશ્ચિત છે.’ ઋષિ ત્વષ્ટા જણાવે છે કે ‘નહીં માતા વરદાનનો દુરુપયોગ ક્યારેય નહીં થાય.’ માતા પાર્વતી વરદાન આપી ત્યાંથી અદૃશ્ય થઈ જાય છે. બીજી તરફ દેવર્ષિ નારદ ભગવાન શિવ પાસેથી વરદાન મેળવી અસ્વસ્થ થઈ જાય છે. તેઓ તુરંત પરમપિતા બ્રહ્મદેવ પાસે પહોંચે છે. ચિંતાતુર દેખાતા દેવર્ષિ નારદને બ્રહ્મદેવના પૂછવા પર તેઓ કહે છે કે ‘ભગવાન શિવ દ્વારા ગૃહસ્થ જીવનનું વરદાન મળ્યું છે, હું રહ્યો બાળ બ્રહ્મચારી આવું વરદાન મેળવી હું કઈ રીતે પ્રસન્ન રહી શકું.’ બ્રહ્મદેવ તેમને કહે છે ‘આનું નિરાકરણ તમને ભગવાન શ્રીહરિ વિષ્ણુ આપી શકે છે તમે એમના અનન્ય ભક્ત પણ છો તેમની શરણે જાઓ તમારું કલ્યાણ થશે.’ દેવર્ષિ નારદ તુરંત વૈકુંઠધામ પહોંચે છે. ભગવાન શ્રીહરિ વિષ્ણુ અને માતા લક્ષ્મીને હાસ્ય વેરતા જોઈ દેવર્ષિ નારદ દુઃખી થઈ જાય છે અને કહે છે, ‘પ્રભુ હું મુસીબતમાં ફસાયો છું, અને તમે હાસ્ય વેરી રહ્યા છો. મને તમે જ એમાંથી ઉગારી શકો છો.’

****

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ ‘પ્રિય નારદ તમે મારા પ્રિય ભક્ત છો તમને મળેલા વરદાનથી હું પણ ચિંતિત છું, તમારી ઉપસ્થિતિ મને આવકાર્ય હોવાથી હું હાસ્ય વેરી રહ્યો છું.’

દેવર્ષિ નારદઃ ‘પ્રભુ મને આ સંકટથી ઉગારો.’

ભગવાન શ્રીહરિ વિષ્ણુઃ ‘વરદાનથી દૂર ભાગી નહીં શકો, વરદાન તમારે ભોગવ્યે જ છૂટકો છે પણ હું તમને એટલું જરૂર કહીશ કે ભગવાન શિવે તમારા કલ્યાણ માટે જ આ વરદાન આપ્યું છે.’

માતા લક્ષ્મીઃ ‘દેવર્ષિ તમે અમને હાસ્ય વેરતા જોયાં એમ તમે વરદાનને પણ હાસ્યથી સ્વીકારો એમાં જ તમારી ભલાઈ છે.’

****

માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરિ વિષ્ણુની સલાહ લઈ દેવર્ષિ નારદ આકાશ માર્ગે આગળ વધતાં ત્વષ્ટા ઋષિના આશ્રમમાં થઈ રહેલા યજ્ઞમાંથી અલભ્ય જાતનાં પશુ-પક્ષીઓ નીકળતાં દેખાય છે. કુતૂહલવશ દેવર્ષિ નારદ તેમની પાસે જાય છે.

દેવર્ષિ નારદઃ ‘પ્રણામ ઋષિ ત્વષ્ટા, તમારા હવનમાંથી આ અલભ્ય જાતનાં પશુ-પક્ષીઓ નીકળ્યાં છે. હું એ જાણવા ઉત્સુક છું કે આની પાછળ તમારું પ્રયોજન શું છે.’

ઋષિ ત્વષ્ટાઃ ‘દેવર્ષિ હું ઘણાં સમયથી જોઈ રહ્યું છું કે દેવરાજ ઇન્દ્ર અહંકાર અનુભવી રહ્યા છે કે તેમની પાસે જ યજ્ઞમાંથી કંઈ મેળવવાની શક્તિ છે. એટલે મેં માતા શક્તિને પ્રસન્ન કરી આ શક્તિ મેળવી છે. મેં ઉત્પન્ન કરેલાં પશુ-પક્ષીઓને સ્વર્ગલોક મોકલ્યાં છે જેથી દેવરાજ ઇન્દ્રને મારી શક્તિનો અનુભવ થાય.’

દેવર્ષિ નારદઃ ‘ઋષિ ત્વષ્ટા દેવરાજ ઇન્દ્રના અહંકારને તોડવા તમે અહંકાર કરી રહ્યા છો અને તમે પરમજ્ઞાની હોવાથી એ પણ જાણતાં જ હશો કે એક અહંકાર બીજા અહંકારને તોડી શકતો નથી.’

ઋષિ ત્વષ્ટાઃ ‘દેવર્ષિ નારદ મને ઉપદેશ આપવાની જરૂરત નથી, ઉપદેશ આપવો જ હોય તો એ અહંકાર દેવરાજ ઇન્દ્રને આપો.’

દેવર્ષિ નારદ તુરંત સ્વર્ગલોક પહોંચે છે.

દેવરાજ ઇન્દ્રઃ ‘દેવર્ષિ નારદ આપનું સ્વાગત છે. સ્વર્ગલોક ખાતે આ અલભ્ય પશુ-પક્ષીઓ ક્યાંથી આવી રહ્યાં છે.’

દેવર્ષિ નારદઃ ‘ઋષિ ત્વષ્ટા દ્વારા દેવી શક્તિની આરાધનાથી મળેલા વરદાન દ્વારા આ અલભ્ય પશુ-પક્ષીઓને તમારા અહંકારનો નાશ કરવા મોકલ્યાં છે.’

દેવરાજ ઇન્દ્રઃ ‘દેવગુરુ બૃહસ્પતિ આનો કોઈ ઉકેલ બતાવો.’

દેવગુરુ બૃહસ્પતિઃ ‘દેવરાજ ઇન્દ્ર આનો એકમાત્ર ઉકેલ એ છે કે ઋષિ ત્વષ્ટાને સ્વર્ગલોકમાં સ્થાન આપવું.’

દેવરાજ ઇન્દ્રઃ ‘તેઓ સ્વર્ગલોક આવશે.’

દેવર્ષિ નારદઃ ‘તમે પોતે આમંત્રણ આપો તો ઋષિ ત્વષ્ટા જરૂર આવશે.’

દેવરાજ ઇન્દ્ર, દેવગુરુ બૃહસ્પતિ, સમગ્ર દેવગણ દેવર્ષિ નારદ સાથે ત્વષ્ટા ઋષિના આશ્રમ પર પહોંચે છે. (ક્રમશઃ)■

વિશેષ

રશ્મિ શુક્લ
mahendra.punatar@bombaysamachar.com

કૈલાશ પર્વતની જેમ જ આદિ કૈલાશ પણ છે આસ્થા ને આધ્યાત્મનું તીર્થસ્થળ

આપણા દેશમાં અનેક ધર્મસ્થળો આવેલાં છે અને એ સ્થળ સાથે ધાર્મિક અને ઐતિહાસિક કથા જોડાયેલી છે. વિવિધ મંદિરો સાથે લોકોની આસ્થા જોડાયેલી છે. દર વર્ષે લોકો આવા સ્થળોની મુલાકાત લે છે અને ભગવાન પ્રત્યેની પોતાની શ્રદ્ધા પ્રગટ કરે છે. આવું જ એક સ્થળ એટલે કૈલાશ માનસરોવર પર્વત, કે જે મહાદેવના અસ્તિત્વની સાક્ષાત પ્રતીતિ કરાવતું સ્થાન છે. ચોમેર બરફથી છવાયેલો આ એ જ પર્વત છે કે જ્યાં ભોળાનાથ ધ્યાન મગ્ન બને છે. એના જેવો જ ઉત્તરાખંડમાં આવેલો ઉન્નત આદિ કૈલાશ પણ છે, જે આસ્થા અને આધ્યાત્મનું તીર્થસ્થળ ગણવામાં આવે છે. એને છોટા કૈલાશ કહેવામાં આવે છે. કૈલાશ માનસરોવર જેટલો જ એ સુંદર, આકર્ષક અને કુદરતી સૌંદર્યથી ભરપૂર છે. કૈલાશ માનસરોવર જવું હોય તો આદિ કૈલાશના માર્ગમાંથી જ પસાર થવું પડે છે.

અહીંની મનમોહક સુંદરતા યાત્રાળુઓની થકાવટ દૂર કરી દે એવી છે. માન્યતા તો એવી પણ છે કે સ્વર્ગ યાત્રા દરમ્યાન પાંડવો અહીં રોકાયા હતા. પુરાણોમાં લખેલું છે કે રાવણે ઘણો વખત સુધી અહીં ભગવાન શિવ માટે તપસ્યા કરી હતી. છ હજાર મીટરની ઊંચાઈએ આવેલા આદિ કૈલાશ પર્વત પર પહોંચીને એની સુંદરતા મંત્રમુગ્ધ કરી દે એવી છે.

ગયા વર્ષે ન ઑક્ટોબરે વડા પ્રધાન નરેન્દ્ર મોદી એક દિવસીય યાત્રા માટે પિથોરાગઢ પહોંચ્યા હતા. તેમણે આદિ કૈલાશ અને પાર્વતી સરોવરનાં દર્શન કર્યાં હતાં. આવી રીતે તેમણે આદિ કૈલાશને આંતરરાષ્ટ્રીય સ્તરે નવી ઓળખ અપાવવાની સાથે જ એક ધાર્મિક પર્યટન સ્થળ તરીકે પણ ખ્યાતિ અપાવી છે. એને કારણે અહીં આવતા શ્રદ્ધાળુઓની સંખ્યામાં પણ વધારો થયો છે. એથી એવી શક્યતા છે કે પિથોરાગઢ એક ટૂરિસ્ટ સ્થળ તરીકે ફેમસ થઈ જશે. એનાથી સ્થાનિક લોકોને પણ રોજગાર મળી રહેશે.

તો બીજી તરફ ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીએ આ વર્ષે યોગ દિવસ નિમિત્તે આદિ કૈલાશે જઈને યોગાભ્યાસ કર્યો હતો. સાથે જ તેમણે સૌને કૈલાશ દર્શન કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. ઉત્તરાખંડના પિથોરાગઢમાં આવેલા કુદરતી સૌંદર્યથી ભરપૂર દેવાધિદેવ મહાદેવને સમર્પિત આ આદિ કૈલાશ અને ઓમ પર્વતનું વાતાવરણ મનમાં ભક્તિ, શક્તિ અને અદ્‌ભુત ઊર્જાનું સંચાર કરે છે. ■

■ કિરણ રાયવડેરા

કબીર બોલતાં બોલતાં થોભી ગયો બધાની પ્રતિક્રિયા જેવા...પછી એણે ઉમેર્યું :

'પણ અહીં કહાની મેં ટિસ્ટ આવે છે.... વિનાયકભાઈને ખબર નહોતી કે કુમાર ચક્રવર્તી નામનો માણસ પણ જગમોહનનો કારણ વગર દુશ્મન થઈ બેઠો હતો.' કબીરે સૂચક નજરે વિક્રમ સામે જોયું.

વિક્રમને થયું કે જમીન માર્ગ આપે તો એમાં સમાઈ જાય.

'કુમાર ચક્રવર્તી એમ માની બેઠો હતો કે એની પત્ની શ્યામલીએ વિક્રમના કારણે જીવ ગુમાવ્યો હતો. એટલે એ પણ વિક્રમને એટલું જ નુકસાન પહોંચાડવા માગતો હતો જેટલું નુકસાન એનું થયું હતું. એ કારણે એણે જગમોહનનું મર્ડર કરવાનું નક્કી કર્યું...' કબીર ચૂપ થઈ ગયો. એના ગળે શોષ પડતો હતો. વળી, જયનો ચહેરો જોઈને એને દયા આવતી હતી.

'જે સિક્યુરિટી ગાર્ડ્સને બેહોશ કરવામાં આવ્યા હતા એમની સાથે મેં વાત કરી હતી. બેમાંથી એક ગાર્ડને એમને બેહોશ કરનાર વ્યક્તિનો ચહેરો યાદ હતો. એણે મારી સમક્ષ એ વ્યક્તિનું વર્ણન કર્યું હતું. 'નટરાજ ગેસ્ટ હાઉસ'ના મેનેજરે પણ જે વ્યક્તિનું વર્ણન કર્યું એના પરથી ખ્યાલ આવી ગયો કે ગેસ્ટ હાઉસમાં રહેનાર અને ગાર્ડ્સને બેહોશ કરનાર વ્યક્તિ એક જ છે.... કાલે મેં આપણા ઘરમાંથી એક વસ્તુ ચોરી...'

પ્રભા સામે કબીરે જોયું, પણ પ્રભા મૌન રહી. એવું લાગતું હતું જાણે એની ઉંમર અચાનક દસ વરસ વધી ગઈ હોય....

'વિક્રમના લગ્નના ફોટોગ્રાફ્સ મેં જગમોહનના રૂમમાંથી ચોર્યા. વિનાયકભાઈની તસવીર મેં સિક્યુરિટી ગાર્ડ્સને તથા ગેસ્ટ હાઉસના મેનેજરને દેખાડી. બંનેએ જરા પણ સમય ગુમાવ્યા વગર કે વિચાર્યા વગર વિનાયકભાઈને ઓળખી બતાવ્યા.'

'અંકલ, તમે કહેતા હતા કે કોઈ પણ મર્ડર પાછળ એક મોટિવ હોય- હેતું હોય, મારા પપ્પાને કોઈની સાથે કે મારા સસરા સાથે તો કોઈ દુશ્મનાવટ નહોતી.' પૂજાએ ડૂસકાં વચ્ચે પૂછ્યું.

'હું એ મુદ્દા પર પણ આવું છું' કબીરે થોડીક ક્ષણ વિચારીને પછી બોલવાનું શરુ કર્યું:

'છ મહિના પહેલાં વિનાયકભાઈને શેરબજારમાં જબરદસ્ત નુકસાન થયું હતું. મોટું નુકસાન થયું છે એ જયને ખબર હતી પણ એને કલ્પના નહોતી કે કેટલું ગાબડું પડ્યું છે. રાતોરાત વિનાયકભાઈને મોટી રકમની જરુર પડી ગઈ. આ પછીની વાત તમે જગમોહનના જ શબ્દોમાં સાંભળો...' કબીરે ડાયરી ઊંચકી અને પાનાં ઉથલાવવા માંડ્યો. એક પાના પર આવીને એ અટક્યો:

'સાંભળો, જગ્ગેના શબ્દોમાં-આજે વિનાયકભાઈનો ફોન હતો નાગપુરથી. મને તાત્કાલિક મળવાની જરુર છે એવું કહેતા હતા. કોણ જાણે કેમ મને એવું લાગે છે કે વેવાઈ મોટી મુશ્કેલીમાં ફસાયા છે...'

કબીરે પછી એક પાનું ઉથલાવીને ફરી વાંચવાની શરુઆત કરી :

'વિનાયકભાઈ મુશ્કેલીમાં હોય એવું તો લાગતું જ હતું પણ આટલી મોટી આફતમાં ફસાયા છે એની કલ્પના નહોતી. એમને તાત્કાલિક મોટી રકમની જરુરત છે. મારા વેવાઈને મદદ કરવી જોઈએ એવું હું માનું છું, પણ શેરબજારમાં આવડું મોટું નુકસાન કરીને બીજા આપણને ઉગારી લેશે એવી આશા રાખવી કેટલી ઉચિત છે? રકમ પણ નાનીસૂની નથી. મેં એમને કહ્યું કે મને વિચારવા માટે થોડો સમય આપો તો એ પહેલાં કરગરવા લાગ્યા અને પછી તો એમનું વર્તન આઘાતજનક હતું. એ કહેવા લાગ્યા કે એક વેવાઈની વિપદાટાણે બીજા વેવાઈએ પડખે તો ઊભા રહેવું જોઈએ ને... મદદ માગવી એક વાત છે પણ મદદ ઝૂંટવી લેવાની વૃત્તિ એ તદ્દન બીજી વાત છે. પૂજાના પપ્પા છે એટલે પડખે ઊભા રહેવાની ઇચ્છા થાય છે પણ વિનાયકભાઈને તો રુપિયા ખોયાનો લગીરે અફસોસ નથી.'

કબીરે ડાયરીનાં બે પાનાં વચ્ચે આંગળી ભરાવીને ડાયરી બંધ કરી અને કહ્યું: 'વિનાયકભાઈ ત્રીજા દિવસે આવ્યા હતા. આ જ દિવસે જગ્ગે અને વિનાયકભાઈ વચ્ચે શત્રુતાનાં બીજ વવાયાં હતાં. વિનાયકભાઈના કહેવા પ્રમાણે જગમોહને એમને અમુક રકમની મદદ કરવા કહ્યું પણ તે પૂરતી ન હતી તે સાથે ન કહેવા જેવાં વેણ કહ્યાં. બસ, આ શબ્દો સાંભળીને વિનાયકભાઈનું મગજ ફરી ગયું અને એમણે મનોમન જગમોહન સામે વેર વાળવાનું નક્કી કર્યું. જુઓ, જગમોહન ડાયરીમાં શું લખે છે.... કમાલની વાત એ છે કે જગમોહનને વેવાઈનું અપમાન કરવાનો અફસોસ છે ,પણ વિનાયકભાઈને ખબર નહોતી કે એમને ઉતારી પાડવાનો જગમોહનને પસ્તાવો છે.' કબીરે ડાયરી આગળ વાંચવા માંડી :

'આજે વિનાયકભાઈને એક કરોડ આપ્યા. પણ સાથે એક ભૂલ કરી બેઠો. રાઘર, બે ભૂલ કરી બેઠો. એક તો જેને દસેક કરોડની જરુર હતી એને એક કરોડ આપીને શું ફાયદો? વિનાયકભાઈ પણ મને આ જ વાત કહેતા રહ્યા કે તમે એક કરોડ આપશો પછી પણ મારે બાકીના રુપિયા માટે તો બીજા દરવાજા ખટખટાવા પડશે ને બની શકે કે બાકીના રુપિયાની જોગવાઈ ન પણ થાય તો... તો તમારી પાસે રુપિયા લેવા છતાંય મારો પ્રોબ્લેમ સોલ્વ ન થાય... એમની વાત સાચી છે, પણ શું એમના નુકસાનને ભરપાઈ કરવાની જવાબદારી મારી છે? વિનાયકભાઈ તો એમ જ માની બેઠા છે કે એમને મદદ કરવાની મારી ફરજ છે... મને વિનાયકભાઈ તરફ કોઈ સહાનુભૂતિ નથી, કોઈ દયા નથી એ હકીકત છે...'

'કોઈને કંઈક આપવું એ જિંદગીમાં સૌથી અઘરામાં અઘરું કાર્ય છે. એક કરોડ આપવા પણ મને ગમ્યા નથી પણ પૂજાના પપ્પાને ખાલી હાથે રવાના કરી દેતાં સંકોચ થતો હતો. હા, એક વાત ચોક્કસ કે મારે વિનાયકભાઈનું અપમાન નહોતું કરવું જોઈતું. ઊલટું, એમને ઉતારી પાડીને મેં મારા જ સુકર્મ પર પાણી ફેરવી દીધું છે...' કબીર ડાયરીની એન્ટ્રી પૂરી વાંચે એ પહેલાં જ એક ભારેખમ અવાજથી ઘર ગૂંજી ઊઠ્યું.

'જગમોહન જુઠ્ઠું બોલે છે...' બધાંની નજર દરવાજા તરફ તકાઈ રહી. ઈન્સ્પેક્ટર પરમાર વિનાયકભાઈને લઈને આવી પહોંચ્યા હતા.

ચોળાયેલા કૂર્તા પાયજામા, અસ્તવ્યસ્ત વાળ ને સૂજેલી આંખો જોઈને કોઈ પણ કહી શકે કે આ માણસ ઘણા દિવસથી સૂતો નહીં હોય.

'આ માણસ જુઠ્ઠુ બોલે છે...' વિનાયકભાઈ ફરી ગર્જ્યા.

'પપ્પા, પ્લીઝ...' પપ્પા સામે જોઈને પૂજાએ નજર ફેરવી લીધી.

'અરે, એણે મને એક કરોડ એવી રીતે આપ્યા જાણે કોઈ કૂતરા સામે ટુકડો ફેંકતો હોય... મને કહે કે ત્રેવડ ન હોય ત્યારે આવડું મોટું નુકસાન કરવાની જરુર શું હતી? તમે શું સમજી બેઠા હતા કે તમારા સ્ટોક માર્કેટનાં બધાં નુકસાન હું ભરપાઈ કરવા બેઠો છું?' વિનાયકભાઈનો શ્વાસ ફૂલી ગયો હતો અને એમનું શરીર ગુસ્સામાં કાંપતું હતું.

'પપ્પા, પણ એમણે તમને મદદ તો કરી ને...' જગમોહનનો બચાવ કરતા જયે કહ્યું.

'મદદ...? એને તું મદદ કહે છે...? અરે, મારી પાસે સગવડ હોય અને જગમોહન મુશ્કેલીમાં આવ્યો હોત તો શું હું એની પડખે ઊભા ન રહ્યો હોત? કેટલું ગુમાન હતું એને? કેટલો અહંકાર... મને કહે કે વિનાયકભાઈ, પૈસા કમાવવા કેટલા અઘરા છે એનું ભાન છે...? અમારા ધંધામાં શેરબજારની જેમ રાતોરાત માલામાલ ન થઈ શકાય. પરસેવો પાડીને પાઈ પાઈ એકઠી કરવી પડે છે. હું માત્ર એમને એટલું જ કરગરતો રહ્યો કે મને દસ કરોડ આપી દો તો મારે બીજા પાસે ન જવું પડે તો મને કહે કે વિનાયકભાઈ, આ જ સમય છે કોણ આપણું અને કોણ પરાયું છે એ નક્કી કરવાનો. તમારા મિત્રોની, સગાંવહાલાંઓની કસોટી કરવાની તમને સુંદર તક સાંપડી છે. મેં તો એક કરોડ આપીને મારી ફરજ પૂરી કરી... હવે તમે બીજા મિત્રોને ચાન્સ આપો...'

વિનાયકભાઈના સ્વરમાંથી વિષ ટપકતું હતું.

'અને તમે જગમોહને આપેલા રુપિયાથી જ એનું કાટલું કાઢવાનું કાવતરું રચ્યું...' કબીરે કડવાશથી કહ્યું.

'હું શું કરત...? જગમોહને મારી પાસે કોઈ વિકલ્પ છોડ્યો નહોતો... હું તો આમેય બરબાદ થવાનો હતો અને જગમોહન સારી પેઠે જાણતો હતો કે રુપિયા નહીં ચૂકવું તો મારે આત્મહત્યા કરવી પડશે... પણ એને મારા પર દયા ન આવી...' વિનાયકભાઈ બોલ્યે જતા હતા.

'પપ્પા, દયા તો તમને મારા ભગવાન જેવા સસરા પર ન આવી, પપ્પા, પ્લીઝ કબીર અંકલ, આમને અહીંથી લઈ જાઓ.' પૂજા રડવા લાગી.



'યસ અંકલ, પ્લીઝ ડુ અસ અ ફેવર, આમને અહીંથી લઈ જાઓ. પપ્પા, આ વખતે હું જગમોહન અંકલને મળવા આવ્યો ત્યારે પણ તમે ન કહ્યું કે તમે પહેલાં પણ એમની પાસેથી મોટી રકમ લઈને બેઠા છો..' જય પણ એના બાપ સામે જોવા નહોતો માગતો.

'એક કરોડની રકમને તું મોટી રકમ કહે છે...? અરે, તારા બાપે તો એવાં કેટલાય કરોડ જોઈ લીધા. મેં તો ત્યારે જ નિશ્ચય કરી લીધો હતો કે આ ઘમંડી જગમોહનને પાઠ ભણાવવો જ પડશે. એ તો એનાં તકદીર સારાં કે આ છોકરી એને ભટકાઈ ગઈ અને એ બચી ગયો...'

'ઇન્સ્પેક્ટર પરમાર, તમે જગમોહન દીવાન માટે ઘણું કર્યું છે. હવે વિનાયકભાઈને પોલીસ સ્ટેશને પહોંચાડો તો સારું...' કબીરે ઇન્સ્પેક્ટરને કહ્યું.

'સર, ઇન્સ્પેક્ટર પ્રામાણિકે મને કહ્યું છે કે એ અહીં આવીને વિનાયકભાઈની કસ્ટડી લઈ લેશે. સર, હું તો આમને નટરાજ ગેસ્ટ હાઉસ' થી પકડીને લઈ આવ્યો છું. હોસ્પિટલમાં જગમોહન સર પર બીજી વાર હુમલો કરનાર માણસ પણ એમની સાથે જ હતો એને પણ એરેસ્ટ કર્યો છે. એ હમણાં નીચે જીપમાં છે.'

'ગુડ...' કબીરે કહ્યું. પછી વિનાયકભાઈની હાજરી હોવા છતાંય એણે પોતાની વાત ચાલુ રાખી. એમણે ફરી ડાયરી ખોલી-પાનાં ઉથલાવ્યા :

'આ છેલ્લી એન્ટ્રી વાંચી સંભળાવું છું, વિનાયકભાઈ, તમે પણ સાંભળજો. વિનાયકભાઈને રુપિયા આપ્યાના બે દિવસ પછી જગમોહન લખે છે...'

'ઈચ્છા થાય છે કે ફોન ઊંચકીને વિનાયકભાઈની માફી માગી લઉં. જેને રુપિયાની જરુર હોય ત્યારે એ વ્યક્તિ વિવેકબુદ્ધિ ભૂલી જાય એટલે એમની વાતોનું મારે ખોટું લગાડવાનું જ ન હોય. એમનું અપમાન કરીને મેં બહુ મોટી ભૂલ કરી છે. ઈચ્છા થાય છે કે વિનાયકભાઈને ફોન કરીને એમની માફી માગી લઉં અને બાકીની રકમ પણ એમને પહોંચાડી દઉં...'

'આટલું કહીને કબીરે વિનાયકભાઈ સામે જોયું : પણ એ પછીના દિવસની એન્ટ્રીમાં જગ્ગે લખે છે - આ માણસ ક્યારેય નહીં સમજે. હજી હું ફોન કરું એ પહેલાં ફોન કરીને મને ધમકી આપે છે કે હું જોઈ લઈશ. હવે બાકીના રુપિયા પહોંચાડવાનો પ્રશ્ન જ ઊભો નથી થતો.'

'ઊફ્ફ, મને ખબર નહોતી કે જગમોહન મારી માફી માગવા માગે છે, નહીંતર હું એને ધમકી ન આપત. મારે તો મારા અપમાનનો બદલો લેવો હતો, એનો અહંકાર તોડવો હતો. એટલે જ બાબુ અને ઈરફાનને કહ્યું હતું કે જગમોહનનું અપહરણ કરીને એને મારવો નહીં. પહેલાં હું મારા અપમાનનો બદલો લઈને મારું વેર વાળીશ અને પછી એને પતાવી દેવો એવું નક્કી થયું હતું...' વિનાયકભાઈના સ્વરમાં કોઈ પશ્ચાત્તાપનો ભાવ નહોતો.

'પપ્પા, તમે ઊઠીને આવી ઘાતકી વાત કરો છો?' જયની આંખમાં આંસુ હતાં : આઈ હેટ યુ પપ્પા....!' જય ઊભો થઈને જવા માગતો હતો, પણ કબીરે એને હાથના ઈશારાથી અટકાવી દીધો.

'જય, જે થવાનું હતું એ થઈ ગયું. તું તારા ભૂતકાળને ઈચ્છીશ તો પણ ભૂલી નહીં શકે.' કબીર બોલ્યો.

'કબીર અંકલ, પણ પપ્પા પર અટેક થયો કેવી રીતે...?' વિક્રમે ઈરાદાપૂર્વક વિનાયકભાઈનું નામ લેવાનું ટાળ્યું.

'સિમ્પલ હતું... પણ અહીં પણ જગમોહનનું તકદીર જોર કરતું હતું. કુમાર ચક્રવર્તી જગમોહનનું મર્ડર કરવાને ઈરાદે બુરખો પહેરીને મકાનમાં પ્રવેશ્યો. એ જગમોહનના રુમમાં ગયો ત્યારે એના પગરવથી ગાયત્રી પણ એને ફોલો કરતી જગ્ગેના રુમમાં દાખલ થઈ. ગાયત્રી, તને યાદ છે તું એમ બોલી હતી કે તારી પાછળ કોઈ આવતું હતું. હક્કીતમાં એ પૂજા નહોતી.... એ વિનાયકભાઈ હતા. વિનાયકભાઈને ખબર નહોતી કે એમના પ્રવેશ પહેલાં કુમાર અને ગાયત્રી જગમોહનના રુમમાં દાખલ થઈ ચૂક્યાં હતાં...' કબીરે પ્રશ્નાર્થ નજરે વિનાયકભાઈ તરફ જોયું.

વિનાયકભાઈએ ધીમા સ્વરે બાકીની વાત શરૂ કરી... (ક્રમશઃ)■

સત્યની ઘર વાપસી અત્યંત જરૂરી

સાધુ અર્થાત્ કે સજ્જન પુરુષોના લક્ષણમાં એક અનિવાર્ય લક્ષણ એટલે સત્યનિષ્ઠ હોવું. સનાતન ધર્મનું મૂળ એક રીતે જોવા જઈએ તો આ 'સત્ય' ઉપર ટક્યું છે. સત્ય નિત્ય તો છે જ, પરંતુ જ્યાં સુધી પરમ સત્યની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી નિત્ય નવીન પણ હોય છે.

માતાના ગર્ભમાં જ્યારે બાળક આકાર લેતું હોય ત્યારે તેને જગતની જાણ નથી હોતી. ત્યાં સુધી તેને માટે માતાનો ગર્ભ જ વિશ્વ હોય છે અને તે જ સત્ય છે. પરંતુ જન્મ થતાં જ તેને એક નવું વિશ્વ દેખાય છે, અને સમજાય છે કે પોતે જેને સત્ય માનતું હતું તેના કરતા વિશાળ સત્ય છે. એ બાળક પછી ગુરુ પાસે જ્ઞાન અર્જિત કરવા જાય ત્યારે જાણે છે કે આ જગત પણ અંતિમ સત્ય નથી, તેની પાર એક અન્ય જગત છે ત્યારે સમજાય છે કે બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે. ભારતીય શાસ્ત્રોની આ સુંદરતા જગતના અન્ય કોઈ ધર્મ કે ફિલસૂફીમાં જોવા મળતી નથી. સત્ય, અસત્ય અને મિથ્યા એમ ત્રણ પરિભાષા છે, જે સત્ય નથી એ બધું અસત્ય નથી, પરંતુ કેટલુંક મિથ્યા પણ છે. તો મિથ્યા એટલે શું? મિથ્યા એટલે જે સત્ય ન હોવા છતાં સત્ય ભાસે. બીજા શબ્દોમાં મન અને આત્માને ભ્રમિત કરતી સ્થિતિ, એ મિથ્યા છે અને અસત્ય શું છે? જેનું અસ્તિત્વ છે જ નહીં તેની જાણ હોવા છતાં તેને સત્ય તરીકે સ્થાપિત કરવાનો પ્રયત્ન એટલે અસત્ય.

હું કહું અથવા હું માનું એ જ સત્ય એમ કહેવું એ પણ એક પ્રકારે અસત્ય કે મિથ્યા જ સાબિત થાય, કારણકે સત્ય ક્યારેય એકાંગી નથી હોતું. આપણે ત્યાં રાત હોય એટલે સૂરજનું અસ્તિત્વ નથી એમ કહીએ તો? આત્મા જેવું કંઈ છે જ નહીં, એમ કહેનારા પણ આજ સુધી પુનર્જન્મ કેવી રીતે થાય છે તેનો જવાબ નથી આપી શકતા કે સ્વીકારવા માગતા નથી? જીવનનું અંતિમ સત્ય શું? મૃત્યુ અને આત્માનું અંતિમ સત્ય શું? મોક્ષ!

આખેઆખું રામાયણ અને મહાભારત એટલે સત્ય અને અસત્ય વચ્ચેનો દ્વંદ્વ. આપણા સત્યો સગવડિયા હોય છે. અનુકૂળ હોય એ સત્ય અને પ્રતિકૂળ હોય તો અસત્યમાં ખપાવી દેતા આપણે અચકાતા નથી. આજના જગતમાં સત્યને દેશવટો આપીને અસત્યની બોલબાલા મચી છે. ધર્મના ક્ષેત્રમાં કહો, સામાજિક ક્ષેત્રોમાં કહો કે રાજકીય ક્ષેત્રમાં; બધે જ જૂઠનું સામ્રાજ્ય વ્યાપ્યું છે.

ધર્મના ક્ષેત્રમાં પોતાને ઈશ્વર કરતા પણ શક્તિશાળી બતાવે, કર્મના સિદ્ધાંતને નેવે મૂકીને કોઈના પણ દુઃખ દૂર કરવાના ઠાલા વચનો આપે એ સજ્જન કહેવાને લાયક પણ નથી, સંત તો ક્યાંથી કહેવાય? સમાજમાં પણ, ખોટી પરંપરાઓ અને ધર્મ વિરુદ્ધના વર્તન દ્વારા પોતાના કરતા નબળા લોકોને પ્રતાડિત કરતા અથવા સમાજસેવાને નામે માત્ર પોતાના અહ્મનો વિસ્તાર કરવામાં રચ્યાપચ્યા લોકોની સજ્જનતા પણ એક મિથ્યા જ છે. રાજકારણનું તો કહેવું જ શું?! ઘાસની ગંજીમાંથી સોય શોધવા જેવું કાર્ય એટલે રાજકારણમાં સત્યનિષ્ઠ વ્યક્તિની ખોજ કરવી. શેઠ બનીને ફરનારા હકીકતમાં શઠ નીકળે એવું પણ બને.

અસત્યથી હંગામી સફળતા મળે એવું બને, પણ કાયમી સફળતા માટે તો સત્ય જ સહારો છે. અસત્યનો ચળકાટ વધારે હોય છે, પણ જેટલું ચળકે એ બધું સોનું નથી હોતું. સુવર્ણનું મૃગ સુંદર લાગે પણ હોય રાક્ષસી. સત્ય એ ધર્મ છે, અસત્ય અધર્મ છે. એ રીતે જોવા જઈએ તો આપણા સહુનું ધર્મ પરિવર્તન થઇ ગયું છે. હવે સત્યની ઘર વાપસી અત્યંત જરૂરી છે. અસત્ય સાધુના વેશમાં આવેલ રાવણ જેવું હોય છે, જ્યારે સત્ય એ વલ્કલ પહેરેલા રામ જેવું. દિવાળીનું પર્વ એટલે સત્યની ઘર વાપસીનું પર્વ. અસત એવા રાવણ પર વિજય પ્રાપ્ત કરીને સત્યમૂર્તિ રામનો અયોધ્યા પ્રવેશ એટલે દિવાળી, પણ હૈયાની અયોધ્યામાં સત્ય રૂપી રામની ઘરવાપસી થઇ છે ખરી? આ એક જટિલ પ્રશ્ન છે. ■

ગુજરાતનાં લોકનૃત્યો ને લોકસંગીત-૪

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@
bombaysamachar.com

સામાન્ય રીતે ગુજરાત-ગુજરાતના લોકસંગીતમાં સારંગ, માઢ, પીલુ, કાફી, ધનાશ્રી, કેદાર, ભીમપલાસી, બિહાગ વગેરે શાસ્ત્રીય રાગોની છાયા દેખાય પરંતુ એ શાસ્ત્રીય રાગોના શુદ્ધ બંધારણ મુજબના તમામ સ્વરો લોકગીતોમાં પ્રયોજાતાં નથી. કેરવા, ધમાર,ત્રિતાલ, હીંચ, દાદરા, દીપચંદી, લાવણી, ખેમટો, તેવરા, મણિયારો, દોઢિયો જેવા તાલ લોકનૃત્યોને સંગત આપનારા લોકસંગીતમાં પ્રયોજાય છે. લોકસંગીતના આ તાલ પણ નિયમબદ્ધ હોતા નથી. એની ચોકક્સ આટલી જ માત્રાઓ એમ જે શાસ્ત્રીય સંગીતમાં નિશ્ચિત હોય છે તેમાં લોકસંગીતના તાલોની માત્રામાં વધ-ઘટ જોવા મળે. લોકગીતના શબ્દો અને ભાવ મુજબ એમાં માત્રાની વધઘટ થાય, ગાયકની પ્રકૃતિ અનુસાર પણ લોકસંગીતનો વાદક તાલમાં વધઘટ કરી શકે. છતાં પરંપરા અનુસાર એ સ્વૈચ્છિક બંધનમાં પણ હોય. જે ગાયકને અને નર્તકોને એક ચોકક્સ લયમાં જાળવી રાખે.

લોકનૃત્યો સાથે જોડાયેલાં લોક્વાદ્યો

ગુજરાતમાં લોકસંગીત માટે ચાર પ્રકારનાં લોક્વાદ્યોનો ઉપયોગ થાય છે.(૧) આનદ્ધ વાદ્યો : ઢોલ, ઢોલક, ડાક, ડમરું, નગારું, ત્રાંસા અને નોબત વગેરે... ચામડાંથી મઢેલાં તાલવાદ્યો. (૨) સુષિર વાદ્યો : પાવો, જોડિયા પાવા, બંસી, શરણાઈ, શંખ, શીંગી, ભુંગળ અને મદારીની મોરલી વગેરે (૩) તંતુવાદ્યો : એકતારો-રામસાગર, તંબૂર, રાવણહથ્થો, જંતર, દેશી સિતાર વગેરે... (૪) ઘન વાદ્યો : મંજીરાં, ઝાંઝ, કરતાલ, દાંડિયા, ઝાલર, ઘંટ વગેરે...

લોકનૃત્યો તથા લોકસંગીતની વર્તમાન પરિસ્થિતિ

ગુજરાતમાં આજે લોકનૃત્યો તથા લોકસંગીત ઉપર શાસ્ત્રીયસંગીત, સુગમસંગીત, ફિલ્મીસંગીત, પશ્ચિમના મનોરંજક સંગીતે રીતસરનું આક્રમણ કર્યું છે. ધીરે ધીરે સમૂહગાન ઘસાતું ગયું અને પ્રાચીન પરંપરિત લોકનૃત્યો ધીરે ધીરે વિસરાતા રહ્યાં છે, લોકગીતોનાં ધંધાદારી ગાયકોએ આધુનિક પશ્ચિમી સંગીતના સાધનોનો ઉપયોગ શરૂ કર્યો અને પરંપરાગત લોકસ્વરને સ્થાને નવા સ્વરો, કંઠની હરકતો ને કરામતોની કસરત શરૂ કરી છે. એકાદ જાણીતા ગાયકની નબળી નકલખોરી હજારો કલાકારો કરવા લાગ્યા છે પરિણામે મૂળ, પરંપરિત રાગ, તાલ, ઢાળ, ઢંગ, વિસરતા ચાલ્યા છે. શહેરીકરણ, ઓદ્યોગિકરણ, પશ્ચિમીકરણ અને આધુનિકરણ તરફ સમગ્ર લોકસમુદાય આગળ વધી રહ્યો છે. દર્શકો અને શ્રોતાઓને મનોરંજન કરવાના હેતુથી એમાં અનેકવિધ ફેરફારો કરવામાં આવે છે. સ્વ, તાલ, ઢાળ કે લોકનૃત્યોમાં અનેક જાતનાં પરિર્વતનો આવ્યાં છે. મિશ્ર ગાયકીની પદ્ધતિ અસ્તિત્વમાં આવી છે, જેમાં રચના લોકપરંપરાની-લોકસંગીતની હોય પણ સુગમસંગીત, ફિલ્મી સંગીત અને રાગદારી સંગીતનું મિશ્રણ કરવામાં આવે છે.

મૂળના ગ્રામજીવન સાથે સંકળાયેલા શેરી,ચોક,મંદિર,મેળા કે ગામના પાદરમાં થતાં સમૂહનૃત્યોના સ્થાને આજે લોકનૃત્યો સ્ટેજ પર આવ્યાં છે. અત્યારે લોકનૃત્યો રજૂ કરનારી નૃત્યમંડળીઓ દ્વારા અનેક પ્રકારના નવા નવા પ્રયોગો પણ એમાં દાખલ થતા રહ્યા છે. અર્વાચીન કવિઓની પદ્ય રચનાઓ પણ આજે લોકનૃત્યોની મંડળીના ગાયકો દ્વારા રજૂ થતી રહે છે. એના રાગ, તાલ, લય અને સંગીતમાં પણ આધુનિક સમયના ફિલ્મી સંગીતનો પ્રભાવ જોવા મળે છે.

ગુજરાતનાં પરંપરિત લોકનૃત્યો સાથે જોડાયેલી કેટલીક પ્રાચીન લોકગીત રચનાઓમાં તમામ જનસમુદાય ઝીલી શકે એવા સર્વભોગ્ય-સરળ-સીધાસાદા બહુ ઓછા સ્વરોની બાંધણી હોવા છતાં એ અલ્પ સ્વરોના આરોહ-અવરોહનાં આવર્તનોથી એક જાતનું જે સંગીત માધુર્ય ખડું થાય એનો રસ માણીએ.

રાસ અને રાસડા

રાધાજીના ઊંચા મંદિર નીચાં મોલ,
ઝરુખડે દીવા બળે રે લોલ...
રાધા ગોરી ગરબે રમવા આવો,
સાહેલીયું ટોળે વળે રે લોલ...

***

આવી રૂડી અંજવાળી રાત,
રાતે તે રમવા નીસર્યા રે માણાંરાજ...
રમ્યાં રમ્યાં કાંઈ પોર બે પોર,
સાયબોજી તેડાં મોકલે રે માણાંરાજ...

***

શરદ પૂનમની રાતડી રંગ ડોલરિયો,
માતાજી રમવા મેલો રે રંગ ડોલરિયો...

***

ઝીણાં મોર બોલે છે લીલી નાઘેરમાં,
લીલી નાઘેરમાં ને હરિ વનરાઈમાં ...

***

મોરલો બોલ્યો બોલ્યો રે મારા મૈયરનો,
મારા મૈયરનો રે મારા રે પિયરનો..

***

મારા હિરાગર મોરલા ઊડી જાજે...

***

ઢોલીડા ઢોલ રે વગાડય મારે હિંચ લેવી છે...

***

કે મું ને ઝાંપે રમવા મેલ્ય ભરવાડિયા
ઝાલાવાડી ઢોલ તારો જાંજડ વાગે...

***

ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ...
ચાંદો ઊગ્યો ચોકમાં... ■

રિષભ પંત નૉટઆઉટ હતો?

રોહિત થર્ડ અમ્પાયરના નિર્ણયથી નારાજ, ડિવિલિયર્સે પણ મહત્ત્વની વાત કરીને હૉટસ્પૉટ લાવવાની તરફેણ કરી

મુંબઈ: ન્યૂ ઝીલૅન્ડ સામે રમાયેલી ત્રીજી અને છેલ્લી ટેસ્ટમાં ગઈ કાલે ભારતનો પચીસ રનથી કારમો પરાજય થયો અને આખી સિરીઝમાં ખરાબ પ્રદર્શન કરવાને પરિણામે ટીમ ઇન્ડિયા સામે કિવીઓની ટીમ ૩-૦થી ક્લીન સ્વીપ કરવામાં સફળ રહી. ભારતીય ટીમ ૧૪૭ રનનો નાનો લક્ષ્યાંક પણ ન મેળવી શકી. યજમાન ટીમ ૧૨૧ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. એક તબક્કે લાગતું હતું કે ભારત આ મુકાબલો જીતી જશે, કારણકે રિષભ પંતે આશા જગાવી હતી. જોકે પંત વિવાદાસ્પદ સંજોગોમાં આઉટ થયો હતો. પંતને ખોટો આઉટ અપાયો હોવાની ચર્ચા વચ્ચે કૅપ્ટન રોહિત શર્માએ તેમ જ એબીડી વિલિયર્સે પણ અભિપ્રાય આપ્યો હતો.

વિકેટકીપર રિષભ પંતે મુંબઈની અસહ્ય ગરમીમાં ૮૪ મિનિટ સુધી ક્રીઝ પર ટકી રહીને કિવી બોલર્સનો સમજદારીથી અને હિંમતથી સામનો કર્યો હતો અને ૫૭ બૉલમાં એક સિક્સર તથા નવ ફોરની મદદથી ૬૪ રન બનાવ્યા હતા. જોકે ભારતની બાવીસમી ઓવરમાં ટીમનો સ્કોર છ વિકેટે ૧૦૬ રન હતો અને જીતવા બીજા ફક્ત ૪૧ રન બાકી હતા ત્યારે ઍજાઝ પટેલના બૉલમાં પંતને વિકેટકીપર ટૉમ બ્લન્ડેલના હાથમાં કૅચઆઉટ જાહેર કરાયો હતો.

પંત ઓવરના ચોથા બૉલમાં પોતાને સુરક્ષિત રાખવાના પ્રયાસમાં હતો અને આગળ વધીને હળવેકથી બૉલને પોતાનાથી દૂર રાખવા ગયો, પરંતુ બૉલ તેના પૅડ પર આવ્યો અને ઉછળ્યા પછી વિકેટકીપર બ્લન્ડેલ તરફ ગયો હતો જેણે કૅચ પકડી લીધો હતો.

અગાઉ કેટલીક વાર બીટ થયેલા પંતની વિરુદ્ધમાં કિવી ફીલ્ડર્સે જોરદાર અપીલ કરી હતી. ગ્રાઉન્ડ અમ્પાયરે તો પંતને નૉટઆઉટ જાહેર કર્યો, પરંતુ કિવી કૅપ્ટન ટૉમ લેથમે રિવ્યૂ લીધી હતી. થર્ડ અમ્પાયર (ઑસ્ટ્રેલિયાના પૉલ રિફેલે) ઘણી વાર પછી (વિવિધ ઍન્ગલથી રિપ્લે જોયા બાદ) યોગ્ય નિર્ણય પર ન પહોંચી શકતા છેવટે ગ્રાઉન્ડ અમ્પાયરને કહ્યું કે તમે પંતને આઉટ આપી શકો છો.

પંત બેહદ નિરાશ થઈ ગયો અને હતાશ હાલતમાં તથા થર્ડ અમ્પાયરના નિર્ણયના આઘાતમાં ધીમે-ધીમે ચાલતો ચાલતો પૅવિલિયનમાં પાછો આવ્યો હતો.

પંતે પાછા આવતા પહેલાં પોતાના વિશેના નિર્ણય બાબતમાં ઑન-ફીલ્ડ અમ્પાયર સાથે થોડી વાતચીત પણ કરી હતી.

કૅપ્ટન રોહિત શર્માએ મૅચ પછીની પત્રકાર પરિષદમાં કહ્યું, 'અમે જો કંઈ કહીએ તો એને કદાચ સાચી રીતે ન પણ લેવામાં આવે. જોકે જે નિર્ણય સ્પષ્ટ ન લાગતો હોય એ બાબતમાં મેદાન પર લેવામાં આવેલો નિર્ણય સ્વીકારી લેવો જોઈએ. એ નિર્ણય અમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતો.'

રોહિત શર્માના આ વિધાન પરથી સ્પષ્ટ થઈ ગયું કે તે થર્ડ અમ્પાયરના નિર્ણયથી ખુશ નહોતો.

સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ક્રિકેટર એબી ડિવિલિયર્સે પણ એક્સ (ટવિટર)ની પર પોસ્ટમાં લખ્યું છે, 'બૉલ જ્યારે બૅટ અને પૅડની નજીકથી પસાર થાય ત્યારે સ્નિકો મીટર કોઈ પણ મોટા અવાજને પણ પકડી લે છે. એ જોતાં હૉટ સ્પૉટ હોવું જોઈએ. ઘણી વાર એવું બનતું હોય છે કે બૉલ જ્યારે બૅટરના બૅટની ખૂબ જ નજીકથી પસાર થઈ રહ્યો હોય ત્યારે તેના પૅડ સાથેના સંપર્કને લીધે પણ નજીવો અવાજ આવતો હોય છે અને એ અવાજ સ્નિકોમાં પકડાઈ જાય છે. જોકે બૅટને બૉલ વાગ્યો જ છે એની ખાતરી તો થતી જ નથી હોતી. આ બાબતમાં મેં હંમેશાં ચિંતા વ્યક્ત કરી છે અને એવું મુંબઈની આ ટેસ્ટમાં મહત્ત્વના તબક્કે બન્યું. હૉટસ્પૉટ ક્યાં છે?'

ભારતીય સ્પિનર્સ સુપર-હિટ અને ટૉપ-ઑર્ડરના બૅટર્સ સુપર-ફ્લૉપ

ટીમ ઈન્ડિયાનો ૦-૩થી વાઇટ-વૉશ, ઑસ્ટ્રેલિયાની ટૂર પહેલાં ચિંતા વધી, જાણો કોને કેટલા માર્ક મળ્યા...

(અજય મોતીવાલા)

મુંબઈ: આઇપીએલમાં દર વર્ષે કરોડો રૂપિયા કમાતા ભારતીય બૅટર્સ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરથી વારંવાર એકાગ્રતા ગુમાવી બેસતા હોય એવું ક્રિકેટપ્રેમીઓને છેલ્લા પંદર વર્ષમાં ઘણી વાર લાગ્યું છે. જૂન મહિનામાં ટી-૨૦ વર્લ્ડ કપ જીતીને દેશનું નામ તેમણે રોશન કર્યું, પણ ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડને ટેસ્ટ-શ્રેણીમાં ઐતિહાસિક જીત મેળવવાની 'તક ઊભી કરી આપીને' ચાર જ મહિનામાં ભારતીય ક્રિકેટર્સે (ખાસ કરીને ટૉપ-ઑર્ડર બૅટર્સે) કરોડો ક્રિકેટચાહકોને નિરાશ કરી દીધા. ભારતીય સ્પિનર્સે દમદાર પર્ફોર્મ કર્યું, પરંતુ આપણા સ્ટાર બૅટર્સ ન્યૂ ઝીલૅન્ડના સ્પિનર્સ (ઍજાઝ પટેલ, ગ્લેન ફિલિપ્સ, રાચિન રવીન્દ્ર, ઇશ સોઢી)ની જાળમાં ફસાતા ગયા, ભારત એક પછી એક ટેસ્ટ હારતું ગયું, શ્રેણી પણ હાર્યું અને છેવટે કિવીઓ ૩-૦થી ઐતિહાસિક ક્લીન સ્વીપ કરવામાં સફળ રહ્યા.

ત્રણ ટેસ્ટ કુલ ૧૫ દિવસની હોય, પરંતુ ભારતીયોએ એને ટૂંકાવીને કુલ ૧૧ દિવસની બનાવી નાખી. પ્રથમ ટેસ્ટ (૧૬-૨૦ ઑક્ટોબર), બીજી ટેસ્ટ (૨૪-૨૬ ઑક્ટોબર) અને ત્રીજી ટેસ્ટ (૧-૩ નવેમ્બર).

બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ભારત ૪૬ રનમાં ઑલઆઉટ થયું અને ઘરઆંગણે ભારતનો નવો લોએસ્ટ સ્કોર નોંધાયો એ ખાસ કરીને વિરાટ કોહલી તથા રોહિત શર્મા જેવા પીઢ બૅટર્સની નિષ્ફળતાને લીધે જ બન્યું હતું. સ્પિનર્સ રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર અને રવિચન્દ્રન અશ્વિને વિકેટો લઈને ટીમ ઇન્ડિયાને વિજય માટે ઘણી વાર મોકો અપાવ્યો, પરંતુ બૅટર્સ એ તકોનો ફાયદો ન લઈ શક્યા. વાનખેડેની ત્રીજી ટેસ્ટમાં ભારતીયો ૧૪૭ રનનો લક્ષ્યાંક પણ ન મેળવી શક્યા. ટી-૨૦માં પણ આનાથી મોટા લક્ષ્યાંકો આસાનીથી મેળવવામાં આવતા હોય છે, પરંતુ ટીમ ઇન્ડિયાને ૧૪૭ રન પણ વધુ લાગ્યા અને ૧૨૧ રનમાં ઑલઆઉટ થઈ જતાં કિવીઓને પચીસ રનથી જીતવા મળી ગયું.

હવે ભારતીય ટેસ્ટ ખેલાડીઓ આ મહિને પાંચ ટેસ્ટ રમવા ઑસ્ટ્રેલિયાના પ્રવાસે જવાના છે. કિવીઓ સામેના ૦-૩ના વાઇટ-વૉશને લીધે ભારતીય ટીમના ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસ સંબંધમાં કરોડો ક્રિકેટપ્રેમીઓ ચિંતા અનુભવશે.

કયા ભારતીય ક્રિકેટરને કેટલા માર્ક?

રોહિત શર્માઃ માર્ક...૧૦/૦

સિરીઝમાં રોહિત સારું તો ન રમી શક્યો, કટોકટીના સમયે સાવ કંગાળ રમ્યો. વાનખેડેમાં ભારતે માંડ ૧૪૭ રનનો લક્ષ્યાંક મેળવવાનો હતો, પરંતુ ત્યારે પણ તે માત્ર ૧૧ રન બનાવી શક્યો. બૅટિંગમાં તેમ જ કૅપ્ટન તરીકે નિર્ણયો લેવામાં ઘણી ક્ચાશ જોવા મળી. ટી-૨૦ પછી હવે ટેસ્ટમાંથી પણ થોડા સમયમાં તે નિવૃત્તિ લઈ લેશે તો નવાઈ નહીં લાગે. સિરીઝમાં તેના રનઃ ૨, ૫૨, ૦, ૮, ૧૮ અને ૧૧.

વિરાટ કોહલીઃ માર્ક...૧૦/૧

પહેલી ટેસ્ટના બીજા દાવમાં કોહલીએ હાફ સેન્ચુરી (૭૦ રન) ફટકારી અને સરફરાઝ ખાન સાથે ત્રીજી વિકેટ માટે ૧૩૬ રનની જે ભાગીદારી કરી એને બાદ કરતા એકંદરે શ્રેણીમાં ખરાબ રમ્યો. કિવી સ્પિનર્સનો વારંવાર શિકાર બન્યો. સિનિયર પ્લેયર તરીકેની પ્રતિભા જેવું રમવામાં નિષ્ફળ ગયો. ટેસ્ટની નિવૃત્તિ બહુ દૂર નથી. સિરીઝમાં તેના રનઃ ૦,૭૦,૧,૧૭,૪ અને ૧.

યશસ્વી જયસ્વાલઃ માર્ક...૧૦/૨

અપેક્ષા જેવું જરાય ન રમ્યો. કેટલાક સારા કૅચ પકડ્યા, પણ બૅટિંગમાં તેની ખાસ જરૂર હતી અને એમાં જ વારંવાર સારું ઓપનિંગ કર્યા બાદ ૩૦ રનની આસપાસ વિકેટ ગુમાવી બેઠો હતો. સિરીઝમાં તેના રનઃ ૧૩, ૩૫, ૩૦, ૭૭, ૩૦ અને પાંચ.

શુભમન ગિલઃ માર્ક...૧૦/૨

બે ટેસ્ટ રમવા મળી, પણ વાનખેડે ટેસ્ટના પ્રથમ દાવના ૯૦ રનને બાદ કરતા અપેક્ષા જેવું ન રમી શક્યો. કેએલ રાહુલ તથા અન્ય કોઈ બૅટરને તક મળી હોત તો તેના સ્થાને કદાચ સારું રમી શક્યા હોત. ગિલનું ટેસ્ટ-ભાવિ ફરી જોખમમાં મુકાઈ શકે. સિરીઝમાં તેના રનઃ ૩૦, ૨૩, ૯૦ અને એક.

રિષભ પંતઃ માર્ક...૧૦/૮

બૅટર અને વિકેટકીપિંગની એકસાથે બે મોટી જવાબદારી (ઘૂંટણની ઈજા છતાં) બહુ સારી રીતે નિભાવી. અન્ય બૅટર્સ કરતાં એકંદરે તેણે ઘણું સારું પર્ફોર્મ કર્યું. પહેલી ટેસ્ટના બીજા દાવના લડાયક ૯૯ રન બાદ વાનખેડેમાં પહેલા દાવમાં ૬૦ રન કર્યા અને બીજા દાવના ફાઇટિંગ ૬૪ રનના સ્કોર બદલ ટીમને ઘણો ઉપયોગી થયો. સિરીઝમાં ૨૬૧ રન સાથે તમામ બૅટર્સમાં મોખરે રહ્યો. કમનસીબે, વાનખેડેમાં અમ્પાયરના ખોટા નિર્ણયનો શિકાર થયો હોવાની ચર્ચા વચ્ચે તે ટીમને જિતાડી ન શક્યો. સ્ટમ્પ્સની પાછળથી કુલ ત્રણ શિકાર કર્યા હતા. સિરીઝમાં તેના રનઃ ૨૦, ૯૯, ૧૮, ૦, ૬૦ અને ૬૪.

સરફરાઝ ખાનઃ માર્ક...૧૦/૨

બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ઝીરોમાં આઉટ થયો અને બીજા દાવમાં ૧૫૦ રન બનાવીને છવાઈ ગયો. જોકે ત્યાર પછીની ચારેય ઇનિંગ્સમાં સદંતર ફ્લૉપ ગયો અને તેની પાસેથી ટીમ મૅનેજમેન્ટે મિડલ-ઑર્ડરમાં રાખેલી આશા ફળીભૂત ન કરી શક્યો. શ્રેણીમાં બે વાર ઝીરોમાં આઉટ થયો. સિરીઝમાં તેના રનઃ ૦, ૧૫૦, ૧૧, ૯, ૦ અને એક.

કેએલ રાહુલઃ માર્ક...૧૦/૦

બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટમાં રમવાનો મોકો મળ્યો, પણ એનો ફાયદો નહોતો ઉઠાવી શક્યો. બન્ને દાવમાં ફ્લૉપ રહ્યો હતો. સિરીઝમાં તેના રનઃ ૦ અને ૧૨.

રવીન્દ્ર જાડેજાઃ માર્ક...૧૦/૧૦

દેશને તેમ જ ગુજરાત તથા ગુજરાતી સમાજને વારંવાર ગૌરવ અપાવી ચૂકેલા લેફ્ટ-આર્મ સ્પિનર જાડેજાએ સાથી-સ્પિનર વૉશિંગ્ટન સુંદરની જેમ શ્રેણીમાં હાઈએસ્ટ ૧૬ વિકેટ લીધી અને ત્રણેય ટેસ્ટમાં હરીફ બૅટર્સને પરેશાન કરીને પોતાની જવાબદારી બરાબર નિભાવી. વાનખેડેની ટેસ્ટમાં બન્ને દાવમાં પાંચ-પાંચ શિકાર કર્યા, પરંતુ બૅટર્સે તેની બધી મહેનત પર પાણી ફેરવી દીધું. સિરીઝમાં તેના રનઃ ૦, ૫, ૩૮, ૪૨, ૧૪ અને ૬. સિરીઝમાં તેની વિકેટઃ ૩/૭૨, ૦/૨૮, ૦/૫૩, ૩/૭૨, ૫/૬૫, ૫/૫૫.

વૉશિંગ્ટન સુંદરઃ માર્ક...૧૦/૧૦

આ ઑફ-સ્પિનરને સાડાત્રણ વર્ષે ફરી ટેસ્ટ રમવાનો મોકો મળ્યો અને રમવા મળેલી ફક્ત બે ટેસ્ટમાં હાઇએસ્ટ ૧૬ વિકેટ લઈને અપેક્ષા કરતાં પણ અસરદાર પર્ફોર્મ કર્યું. ટીમને જરૂર પડી ત્યારે બૅટિંગમાં પણ કામ લાગ્યો, પરંતુ ટૉપ-ઑર્ડરના બૅટર્સે તેના અને જાડેજાના ૧૬-૧૬ વિકેટના કાબિલેદાદ પર્ફોર્મન્સ બાદ દાટ વાળી નાખ્યો. સિરીઝમાં તેના રનઃ ૧૮*, ૨૧, ૩૮* અને ૧૨. સિરીઝમાં તેની વિકેટઃ ૭/૫૯, ૪/૫૭, ૪/૮૧ અને ૧/૩૦.

રવિચન્દ્રન અશ્વિનઃ માર્ક...૧૦/૭

ઑલરાઉન્ડર તરીકેની જોઈએ એવી છાપ તો ફરી પાડી ન શક્યો અને પીઢ સ્પિનર તરીકે ટીમને સરેરાશ કામ લાગ્યો. શ્રેણીમાં કુલ નવ વિકેટ લીધી. વાનખેડેમાં ખરા સમયે બૅટિંગમાં મૅચ-વિનિંગ ન રમી શક્યો. સિરીઝમાં તેના રનઃ ૦, ૧૫, ૪, ૧૮, ૬ અને ૮. સિરીઝમાં તેની વિકેટઃ ૧/૯૪, ૦/૬, ૩/૬૪, ૨/૯૭, ૦/૪૭ અને ૩/૬૩.

કુલદીપ યાદવઃ માર્ક...૧૦/૩

બેન્ગલૂરુની પ્રથમ ટેસ્ટના પહેલા દાવમાં ત્રણ વિકેટ લીધી, પણ બીજા દાવમાં વિકેટ નહોતો લઈ શક્યો. ત્યાર પછી તેને રમવા જ નહોતું મળ્યું. સિરીઝમાં તેની વિકેટઃ ૩/૯૯ અને ૦/૨૬.

જસપ્રીત બુમરાહઃ માર્ક...૧૦/૩

બેન્ગલૂરુ અને પુણેની ટેસ્ટમાં સરેરાશ રમ્યો. સ્પિનર્સ પાસે વધુ બોલિંગ કરાવી હોવાથી બુમરાહની બહુ જરૂર નહોતી પડી અને વાનખેડેની ટેસ્ટમાં વાયરલ બીમારીને લીધે નહોતો રમી શક્યો. સિરીઝમાં તેની વિકેટઃ ૧/૪૧, ૨/૨૯, ૦/૩૨ અને ૦/૨૫.

આકાશ દીપઃ માર્ક...૧૦/૩

૨૭ વર્ષના આ પેસ બોલરને સ્પિનર્સના શાસન વચ્ચે બોલિંગની ખાસ કંઈ તક નહોતી મળી, પરંતુ વાનખેડેની ટેસ્ટના બન્ને દાવમાં પ્રથમ વિકેટ લઈને (અનુક્રમે ડેવૉન કૉન્વે અને ટૉમ લેથમને આઉટ કરીને) ટીમ ઇન્ડિયાને સારું સ્ટાર્ટ અપાવ્યું. ત્યાર બાદ સ્પિનર્સે તેની એ પ્રારંભિક સફળતાને એળે ન જવા દીધી, પરંતુ ટૉપ-ઑર્ડરના બૅટર્સે નિરાશા અપાવવામાં કંઈ જ બાકી ન રાખ્યું. સિરીઝમાં તેની વિકેટઃ ૦/૪૧, ૧/૨૨ અને ૧/૧૦.

મોહમ્મદ સિરાજઃ માર્ક...૧૦/૨

વાનખેડેમાં મુખ્ય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની ગેરહાજરીમાં પેસ આક્રમણની જવાબદારી સારી રીતે અદા કરવાની તક સિરાજને મળી હતી, પણ એમાં તે સફળ ન થયો. સ્પિનર્સના શાસનમાં બહુ બોલિંગ ન મળી, પણ ત્રણ દાવમાં માત્ર બે વિકેટ લઈ શક્યો. વાનખેડેના પ્રથમ દાવમાં નાઇટ-વૉચમૅન તરીકેની જવાબદારી નિભાવવામાં પણ નિષ્ફળ રહ્યો. સિરીઝમાં તેની વિકેટઃ ૨/૮૪, ૦/૧૬ અને ૦/૧૬.

નોંધઃ સ્પિન-ઑલરાઉન્ડર અક્ષર પટેલ અને પેસ બોલર હર્ષિત રાણાને સિરીઝમાં રમવાનો મોકો નહોતો મળ્યો. ધ્રુવ જુરેલે ઈજાગ્રસ્ત રિષભ પંતના સ્થાને સારી વિકેટકીપિંગ કરી હતી. ■

ક્રિકેટ ફૅન્સ ગુસ્સામાં, રોહિત-કોહલીને રિટાયર થઈ જવા આપી સલાહ

મુંબઈ: ભારતના ૦-૩થી થયેલા વાઇટ-વૉશ બાદ ક્રિકેટ-ફૅન્સે સોશિયલ મીડિયામાં સૌથી વધુ નિશાન રોહિત શર્મા અને વિરાટ કોહલીને નિશાન બનાવ્યા છે. આ બન્ને દિગ્ગજોને તેમણે નિવૃત્તિ લઈ લેવાની સલાહ આપી છે.

એક્સ (ટવિટર) પર આશિષ નામના ક્રિકેટલવરે ભારતીય ક્રિકેટપ્રેમીઓ વતી લખ્યું છે, 'અમે ઇચ્છીએ છીએ કે વિરાટ કોહલી અને રોહિત શર્મા હવે રિટાયર થઈ જાય. આ કચરો છે. તમે આ ટવીટને લાઇક કરશો તો હું તમને ૧,૦૦૦ રૂપિયા આપીશ.'

એક યુઝરે લખ્યું છે, 'આ સિરીઝમાં કુલ મળીને છ ઇનિંગ્સમાં રોહિતે ૯૧ રન બનાવ્યા, જ્યારે કોહલીએ ૯૩ રન બનાવ્યા. છ ઇનિંગ્સમાં તેઓ સેન્ચુરી પણ ન ફટકારી શક્યા.

ફનવર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

ભાષા વૈભવ...

જોડી જમાવો

A	B
કંસ વધ	કારતક સુદ પૂનમ
તુલસી વિવાહ	કારતક સુદ એકમ
દેવ દિવાળી	કારતક સુદ દસમ
સોર સંહારમ	કારતક સુદ બારસ
ગોવર્ધન પૂજા	કારતક સુદ છઠ

ઓળખાણ પડી?

દિવાળીમાં રંગોળી પૂરવાની વિશિષ્ટ પરંપરા છે. ચોખાના લોટનો ઉપયોગ કરી બનાવવામાં આવતી કોલમ રંગોળી કયા રાજ્યમાં મૂળ ધરાવે છે?

અ) ગુજરાત બ) પંજાબ ક) રાજસ્થાન ડ) તમિલનાડુ

ગુજરાત મોરી મોરી રે

વિક્રમ સંવત ૨૦૮૧નો પ્રારંભ થઈ ગયો છે. બુધવારે લાભ પાંચમ છે. આ દિવસ બીજા કયા નામથી પણ ઓળખાય છે એ જણાવો.

અ) લાલ પંચમી બ) જ્ઞાન પંચમી
ક) ઉદ્યમ પંચમી ડ) ભાગ્ય પંચમી

ઈર્શાદ

આજ દિવાળી, કાલ દિવાળી,
ગામનાં છોકરાં ખાય સુંવાળી, મેઘ મેઘ રાજા.
--- જોડકણું

માતૃભાષાની મહેક

રંગોળી માત્ર ધાર્મિક પરંપરાઓનો જ એક ભાગ નથી, પરંતુ તેનું સાંસ્કૃતિક મહત્ત્વ પણ છે. વિવિધ પ્રદેશોમાં વિવિધ પ્રકારની રંગોળી બનાવવામાં આવે છે. જે તે સ્થળની સાંસ્કૃતિક ઓળખ દર્શાવે છે. રંગોળી એ ભારતીય સંસ્કૃતિનું એક અભિન્ન અંગ છે. જેને પેઢીઓથી સાચવવામાં આવે છે અને તેનું જતન કરવામાં આવે છે.

ચતુર આપો જવાબ

અર્થ જણાવો

'દિવાળીમાં મેરાયુંની પ્રથા વિસરાઈ ગઈ છે' પંક્તિમાં મેરાયું શબ્દનો અર્થ શું થાય એ કહી શકશો?

અ) માગણી બ) ગાયન ક) દીવડો ડ) આશીર્વાદ

માઈન્ડ ગેમ

ફટાકડા ફોડવાનો આનંદ અનેક લોકો લેતા હોય છે. કયો ફટાકડા ફોડવાથી અવાજ નથી થતો એ વિકલ્પમાંથી શોધી કાઢી જણાવો.

અ) આપટ બાર બ) લવિંગિયા
ક) તારામંડળ ડ) સુતળી બોમ્બ

ગયા વખતનો ઉકેલ

૧ બે	સ	૨ તું	૩ વ	૪ ર	સ	■	૫ ક	૬ ર	૭ મ
વ	■	૮ કા	ગ	ળ	■	૯ નૂ	ક	સા	ન
૧૦ ડ	૧૧ ચૂ	રો	■	વું	■	૧૨ ત	ડો	■	ગ
■	૫	■	૧૩ સ	■	૧૪ વ	ન	■	૧૫ ધા	મ
૧૬ સા	ચા	■	૧૭ મ	૧૮ થ	રા	વ	ટી	■	તું
૧૯ લ	૫	૨૦ સિં	દ	૨	■	ર્ષા	■	૨૧ સ	■
મુ	■	૨૨ દૂ	૨	■	૨૩ અ	ભિ	રા	મ	■
૨૪ બા	૨૫ વ	રી	■	૨૬ દા	■	નં	■	૨૭ ચ	૨૮ દા
૨૯ ર	મ	■	૩૦ ઠા	મ	■	૩૧ દ	૩૨ સ	■	મ
૩૩ ક	ળ	ત	૨	■	૩૪ મ	ન	ભા	વ	ન

શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

૧		૨	૩	■	૪		■	૫	૬
	■	૭		૮		■	૯	■	
૧૦			■		■	૧૧			
	■	■	૧૨		૧૩			■	
	૧૪	૧૫		■	૧૬		■	૧૭	
૧૮			■	૧૯	■	૨૦			■
૨૧			■	૨૨	૨૩		■	૨૪	૨૫
	■	૨૬				■	૨૭	■	
	૨૮		■		■	૨૯			
૩૦		■	૩૧					■	

આડી ચાવી

૧. બહેનના ત્યાં ભાઈ જમવા આવે (૪)
૪. દક્ષિણ, ડાબો (૨)
૫. તાકાત, શ્વાસનો રોગ (૨)
૭. વ્યાયામ (૪)
૧૦. ગાય ભેંસ બાંધવાની જગા (૩)
૧૧. બીક લાગે એવું (૪)
૧૨. ત્રીજા નંબરને મળતો મેડલ (૫)
૧૪. ઉત્તર ભારતીય વ્યંજન (૩)
૧૬. નજીક (૨)
૧૭. માટે (૨)
૧૮. કારણ (૩)
૨૦. સ્વભાવ (૩)
૨૧. --- કુમાર બ્રહ્માના માનસપુત્ર (૩)
૨૨. સિંહ (૩)
૨૪. દિવસ (૨)
૨૬. રસોઈયાની પત્ની (૪)
૨૮. આવે તે --- ખાતે જાય (૨)
૨૯. વિશેષતા, નવીનતા (૪)
૩૦. શોભા, રીત, અર્ચા (૨)
૩૧. એકલી વ્યક્તિ (૫)

ઊભી ચાવી

૧. વિવિધ તરેહની (૪)
૨. ડરપોક (૩)
૩. યશ (૨)
૪. હકીકત, બીના, વૃત્તાંત (૨)
૬. મહાભારતમાં આવતો એક રાજા (૫)
૮. મર્મ, છૂપો ભેદ (૩)
૯. ચંદ્ર (૩)
૧૧. સુખી અને ઊંચા ગણાતા લોકોનો સમાજ (૫)
૧૨. એક ધાતુ (૨)
૧૩. એક ફૂલ (૨)
૧૪. પ્રિયતમ (૩)
૧૫. પ્રૌઢ સ્ત્રી (ઉર્દૂ) (૫)
૧૭. સંદેશ વાહક (૩)
૧૮. અઘરું, મુશ્કેલ (૩)
૧૯. રસાયણને લગતું (૫)
૨૩. --- માગી સલાહ ના અપાય (૨)
૨૫. માખણ (૪)
૨૭. એક કરતાં વધુ (૩)
૨૮. ભગવાન શિવના માથે હોય (૨)
૨૯. --- નાકે દિવાળી (૨)

સુડોકુ-૭૦૨૪

૪			૯	૭		૧		
૭			૩					૫
૫		૩					૭	
		૪	૨					
		૧	૭		૪	૨		
					૧	૯		
	૫					૪		૮
૮					૩			૯
		૬		૮	૯			૩

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

સુડોકુ-૭૦૨૩

૨	૩	૯	૭	૫	૮	૪	૬	૧
૮	૬	૪	૨	૯	૧	૩	૫	૭
૭	૧	૫	૬	૪	૩	૨	૮	૯
૩	૯	૨	૫	૮	૭	૧	૪	૬
૧	૪	૬	૩	૨	૯	૮	૭	૫
૫	૮	૭	૧	૬	૪	૯	૩	૨
૪	૫	૮	૯	૭	૨	૬	૧	૩
૬	૨	૩	૮	૧	૫	૭	૯	૪
૯	૭	૧	૪	૩	૬	૫	૨	૮

ગયા સોમવારના જવાબ

ભાષા વૈભવ

A	B
કુંભકોણમ મંદિર	તમિળનાડુ
ત્ર્યંબકેશ્વર મંદિર	મહારાષ્ટ્ર
૧૪ દેવ-દેવીનું મંદિર	ત્રિપુરા
જયંતિ દેવી મંદિર	પંજાબ
સાંદિપની મંદિર	ગુજરાત

ગુજરાત મોરી મોરી રે
કોચરબ આશ્રમ

ઓળખાણ પડી?
શ્રીલંકા

માઈન્ડ ગેમ
વેટિકન સિટી

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઘર

ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) સુરેખા દેસાઈ (૪) મુલરાજ કપૂર (૫) સુભાષ મોમાયા (૬) ભારતી બુચ (૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૮) તાહેર ઔરંગાબાદવાલા (૯) શીરીન ઔરંગાબાદવાલા (૧૦) વિભા મહેશ્વરી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) નુતન વિપીન (૧૩) પુષ્પા ખોના (૧૪) લજિતા ખોના (૧૫) પુષ્પા પટેલ (૧૬) મીનળ કાપડિયા (૧૭) કમલેશ મૈઠિઆ (૧૮) મહેશ દોશી (૧૯) અશોક સંઘવી (૨૦) શ્રદ્ધા આશર (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) ભાવના કર્વે (૨૫) નિખિલ બંગાળી (૨૬) અમીશી બંગાળી (૨૭) કિશોર બી સંઘરાજકા (૨૮) અરવિંદ કામદાર (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) વિણા સંપટ (૩૨) નીતા દેસાઈ (૩૩) શિલ્પા શ્રોફ (૩૪) નિતીન બજરિયા (૩૫) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) નયના ગિરીશ મિસ્ત્રી (૩૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૯) ફાલ્ગુની શેઠ (૪૦) મનીષા શેઠ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) મહેશ સંઘવી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ગીતા ઉદેશી (૪૮) ધીરેન્દ્ર ઉદેશી (૪૯) જગદીશ ઠક્કર

સેન્સેક્સમાં ૧૮૨૨ પોઈન્ટ્સનો કડાકો, માર્કેટ કેપમાં રૂ. ૨૧.૧૭ લાખ કરોડનું ગાબડું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મૂહૂર્તના સોદામાં તેજીની ઝલક જોવા મળી હતી પરંતુ શુક્રવારે પૂરા થયેલા સપ્તાહના ઘોરણે બીએસઇના બધાં સેક્ટર ઘટવા સાથે સેન્સેક્સમાં ૧૮૨૨ પોઈન્ટ્સનો ઘટાડો નોંધાયો હતો અને માર્કેટ કેપમાં રૂ. ૨૧.૧૭ લાખ કરોડનું ગાબડું જોવા મળ્યું હતું. સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે માર્કેટ કેપ રૂ.૪૩૬.૯૮ લાખ કરોડ રહ્યું હતું, જે ૧૮ ઓક્ટોબરના શુક્રવારના અંતે રૂ.૪૫૮.૧૫ લાખ કરોડ હતું.

બીએસઈ સેન્સેક્સ પાછલા સપ્તાહના શુક્રવારના ૮૧,૨૨૪.૭૫ના બંધથી ૧,૮૨૨.૪૬ પોઈન્ટ્સ (૨.૨૪ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૨૧ ઓક્ટોબર અને સોમવારે ૮૧,૭૭૦.૦૨ ખૂલી ૨૫ ઓક્ટોબર અને શુક્રવારે નીચામાં ૭૯,૧૩૭.૯૮ સુધી જઈ સપ્તાહ અંતે ૭૯,૪૦૨.૨૯ બંધ રહ્યો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડેક્સમાં બીએસઈ-૧૦૦ ઈન્ડેક્સ ૩.૧૫ ટકા, બીએસઈ-૨૦૦ ઈન્ડેક્સ ૩.૫૩ ટકા, બીએસઈ-૫૦૦ ઈન્ડેક્સ ૩.૯૮ ટકા, બીએસઈ મિડકેપ ૫.૨૦ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૭.૩૭ ટકા ઘટ્યા હતા. આઈપીઓ ૭.૯૨ ટકા અને એસએમઈ આઈપીઓ ૭.૬૩ ટકા ઘટ્યો હતો.

બધા સેક્ટરલ ઈન્ડેક્સ ઘટ્યા હતા, જેમાં બીએસઈ કેપિટલ ગુડ્સ ૭.૫૧ ટકા, પાવર ૬.૯૨ ટકા, મેટલ ૬.૮૭ ટકા, રિયલ્ટી ૭.૦૩ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૫.૬૧ ટકા, ઓટો ૫.૨૩ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૭.૩૪ ટકા, એફએમસીજી ૩.૯૦ ટકા, હેલ્થકેર ૩.૧૭ ટકા, ટેક ૧.૮૮ ટકા, આઈટી ૧.૫૭ ટકા અને બેન્કેક્સ ૨.૨૯ ટકા ઘટ્યા હતા.

એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ ૩૦ શેરોમાંથી માત્ર ત્રણ સ્ક્રિપ વધી હતી, જેમાં એચડીએફસી બેન્ક ૩.૫૩ ટકા, ટેક મહિન્દ્ર ૧.૬૫ ટકા અને બજાજ ફાઈનાન્સ ૦.૧૫ ટકા વધ્યો હતો. જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક ઘટેલા પાંચ શેરોમાં ઈન્ડસઈન્ડ બેન્ક ૨૯.૨૮ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૯.૦૮ ટકા, લાર્સન ૭.૪૭ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૭.૪૪ ટકા અને અદાણી પોર્ટ્સ ૬.૭૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

એ ગ્રુપની ૭૨૪ કંપનીઓમાં ૪૯ સ્ક્રિપ્સના ભાવ વધ્યા, ૬૭૫ સ્ક્રિપ્સના ભાવ ઘટ્યા હતા. બી ગ્રુપની ૧,૧૪૮ કંપનીઓમાંથી ૭૧ વધી હતી, ૧,૦૭૭ ઘટી હતી. સેન્સેક્સમાંની ત્રણ સ્ક્રિપ્સ વધી હતી અને ૨૭ ઘટી હતી. બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સમાંની ૧૧ સ્ક્રિપ્સ વધી હતી અને ૮૯ ઘટી હતી. બીએસઈ ૨૦૦ સમાવિષ્ટ ૧૯ સ્ક્રિપ્સ વધી અને ૧૮૧ ઘટી હતી, મિડકેપમાંની ૧૩૨ સ્ક્રિપ્સમાંથી ૧૫ વધી, ૧૧૭ ઘટી હતી. સ્મોલ કેપમાંની ૯૪૬ સ્ક્રિપ્સમાંથી ૫૨ વધી હતી, ૮૯૪ ઘટી હતી.

સપ્તાહ દરમિયાન સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ) રૂ. ૨૮,૧૨૯.૪૬ કરોડની ચોખ્ખી લેવાલી અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ. ૨૫,૫૦૯.૯૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. ■

એફઆઈઆઈની અધધધ એક લાખ કરોડની વેચવાલી

મુંબઈ : ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોએ (એફપીઆઈઝ) ભારતને અલવિદા કહીને પલાયન થવાનું ચાલુ રાખીને શેરોમાં ઓકટોબર મહિનાના ૨૫ દિવસમાં જ રૂ. ૧,૦૦,૨૫૩ કરોડનું જંગી વિક્રમી વેચાણ કર્યું છે. આ મુજબ ઓકટોબર મહિનામાં વિદેશી ફંડોએ અત્યાર સુધીમાં માત્ર ૨૫ દિવસમાં જ ૧૦ અબજ ડોલરથી વધુ મૂડી ઘરભેગી કરી છે.

આ સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે ડોમેસ્ટિક ઈન્સ્ટીટયુશનલ ઈન્વેસ્ટરો (ડીઆઈઆઈઝ) દ્વારા આ ૨૫ ટ્રેડીંગ દિવસમાં રૂ. ૯૬,૭૮૮ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરવામાં આવી હોવા છયાં પણ ભારતીય શેરબજારમાં સતત ધોવાણ થતું જોવા મળ્યું છે.

વિદેશી રોકાણકારોએ ભારત પર જાણે કે ભરોસો ગુમાવ્યો હોય એમ સતત વેચવાલી કરી રહ્યા છે. ભારતીય શેર બજારોમાં છેલ્લા કેટલાક વર્ષોથી શેરોમાં ઐતિહાસિક અવિરત તેજી જોવાઈ વર્ષ ૨૦૨૪માં જ સેન્સેક્સ ૨૭, સપ્ટેમ્બર ૨૦૨૪ના ૮૫,૯૭૮.૨૫ની સર્વોચ્ચ વિક્રમી ટોચ બનાવી હતી. આ સાથે નિફટી ૫૦ ઈન્ડેક્સે પણ ૨૬,૨૭૭.૩૫ની વિક્રમી ટોચ બનાવી હતી.

શેરોમાં લાંબા સમયથી રેકોર્ડ તેજી જોવાયા બાદ ઘણા શેરોમાં વેલ્યુએશન કંપનીની કામગીરી અને ફંડામેન્ટલ કરતાં વધુ ખર્ચાળ બનતું જોવાયું છે. સેબી અને બજારના એનાલિસ્ટો, નિષ્ણાંતોએ પાછલા કેટલાક સમયથી સ્મોલ, મિડ કેપ શેરોમાં વેલ્યુએશન કંપનીઓના ફંડામેન્ટલ સાથે બંધબેસતું નહીં હોવાનું જણાવીને રોકાણકારોને ચેતવવાનું શરૂ કરી દીધું હતું.

આ સાથે ફંડોએ પણ પોતાના રોકાણ પોર્ટફોલિયોને હળવો કરવાનું શરૂ કરી દીધું છે.ફોરેન ફંડોની શેરોમાં સતત વેચવાલી સામે મ્યુચ્યુઅલ ફંડો હજું શેરોમાં ઊંચા ભાવે રિટેલ રોકાણકારોની સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (એસઆઈપીઝ) થકી દર મહિને રૂ.૨૧,૦૦૦ કરોડ જેટલા આવતાં રોકાણ થકી ખરીદી કરતાં રહ્યા છે. પરંતુ બજારમાં શેરોમાં સતત ધોવાણ થઈ રહ્યા સાથે સેન્સેક્સ, નિફટી, સ્મોલ કેપ, મિડ કેપ ઈન્ડેક્સ તૂટતાં જોવાઈ રહ્યા છે.

ઈઝરાયેલ-હમાસ-હિઝબુલ્લા વચ્ચે યુદ્ધ સાથે ઈરાન સાથે ઘર્ષણને લઈ જીઓપોલિટીકલ ટેન્શન તેમ જ ચાઈના તેના અર્થતંત્રને ઉગારવા મેગા સ્ટીમ્સુયલ-રાહત પેકેજ જાહેર કરતાં વિદેશી ફંડો ભારતમાંથી રોકાણ વેચીને ચાઈનામાં રોકાણ તરફ વળી રહ્યાના સંકેતે પણ ભારતીય શેર બજારોમાં શેરોના ભાવો તૂટતાં જોવાઈ રહ્યા છે. ■

રોકાણકારો માલામાલઃ ચાંદીમાં ૩૭ ટકા, સોનામાં ૩૩ ટકા, બિટકોઇનમાં ૭૨ ટકા અને ઇક્વિટીમાં ૨૫ ટકાનું વળતર

ફોરકાસ્ટ

નિલેશ વાઘેલા

મુંબઈ : સવંત ૨૦૮૦માં રોકાણકારોને બખ્ખાં થઇ ગયા છે, રોકાણકારોએ પાછલા હિન્દુ વર્ષમાં ચાંદીમાં ૩૭ ટકા, સોનામાં ૩૩ ટકા, બિટકોઇનમાં ૭૨ ટકા અને ઇક્વિટીમાં ૨૫ ટકા સુધીનું વળતર મેળવ્યું છે. ખાસ કરીને શેરબજારના પ્રાથમિક મૂડી બજારમાં રોકાણકારોને એટલી જબરદસ્ત કમાણી થઇ છે કે તેની ટકાવારી પણ માંડી શકાય એમ નથી.

આગામી સંવતની વાત કરીએ તો શેરબજારમાં આગળ અનિશ્ચિતતા દેખાઇ રહી છે, તો બિટકોઇન, ક્રૂડ અને સોનાચાંદીમાં તેજી માટે કારણો મળી રહે એવો અવકાશ જણઆઇ રહ્યો છે. જોકે આ માટેના તમામ પરિબળો અંગે વ્યાપક અને મોટી અનિશ્ચિતતા હોવાથી કશો ચોક્કસ તાગ મેળવી શકાય એવું લાગતું નથી.

નવી સંવતમાં જોકે, શું થશે એની ચિંતા છે. અલબત્ત વર્ષના અંતિમ મહિનામાં વિદેશી ફંડ્સ દ્વારા મજબૂત વેચાણ જોવા મળ્યું હતું, જને કારણે પ્રત્યેક અગ્રણી ઇન્ડેક્સમાં લગભગ છ ટકા જેટલો કડાકો નોંધાયો છે. ઓક્ટોબર મહિનામાં વિદેશી સંસ્થાકીય રોકામણકારોએ એક લાખ કરોડ રૂપિયાથી મોટી વિક્રમી વેચવાલી નોંધાવીને બજારનું મોરલ તોડી નાંખ્યું હતું અને નિફ્ટીએ પાછલા પાંચ વર્ષની સૌથી ખરાબ કામગારી નોંધાવી હતી. આવનારા દિવસોમાં અમેરિકાના પ્રેસિડેન્શિયલ ઇલેકશનના પરિણામ, ચાઇનાની નવી સ્ટિમ્યુલસ સ્ટ્રેટેજી અને ખાસ તો ઇઝરાયલ અને ઇરાનના યુદ્ધની ગતિવિધીની ક્રૂડ, સોના અને શેર એમ તમામ એસેટ ક્લાસ પર ગંભીર અસર જોવા મળશે.

આગામી સંવત માટે કેટલાક સકારાત્મક પરિબળોની વાત કરતા પહેલા આપણે પાછલી સંવત પર એક નજર ફેરવી લઇએ. ૨૦૮૦ની સંવતે રોકાણકારોને ભરપૂર વળતર આપ્યું છે. પાછલી દિવાળીથી આ દિવાળી દરમિયાનના વાર્ષિક સમયગાળામાં રોકાણકારો નિફ્ટીમાં ૨૫ ટકા, સોનામાં ૩૩ ટકા, ચાંદીમાં ૩૭ ટકા અને બિટકોઇનમાં ૭૨ ટકા વળતર મેળવ્યું છે.

શેરબજારની વાત કરીએ તો સેન્સેક્સ અને નિફ્ટીએ મુહૂર્ત ટ્રેડિંગ સત્રની શરૂઆત તેજીના ટોન સાથે કરી છે. નિફ્ટી ૨૪,૩૦૦ના સ્તરે પહોંચ્યો છે જ્યારે સેન્સેક્સે ૩૩૫ પોઇન્ટની આગેકૂચ નોંધાવી છે. સેન્સેક્સ ૩૩૫.૦૬ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૭૯,૭૨૪.૧૨ પોઇન્ટની સપાટી પર પહોંચ્યો છે અને નિફ્ટી ૯૪.૨૦ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૨૪,૨૯૯.૫૦ પોઇન્ટના સ્તર પર સ્થિર થયો છે.

સંવત વર્ષ ૨૦૮૦ની શરૂઆત ૧૨ નવેમ્બરે થઇ હતી, ત્યારથી ગણતરી કરીએ તો ભારતમાં રોકાણકારોની સંપત્તિ અંદાજે રૂ. ૧૨૮ લાખ કરોડ (વર્તમાન વિનિમય દરે આશરે ૧.૫ ટ્રિલિયન) વધીને રૂ. ૪૫૩ લાખ કરોડ થઈ છે. આનાથી સંવત ૨૦૮૦નું વર્ષ શેરબજારના ઇતિહાસરનું સૌથી વધું સંપત્તિ સર્જનારૂ વર્ષ બન્યું છે.

ગુરુવારે સમાપ્ત થયેલા સંવત વર્ષ ૨૦૮૦ દરમિયાન, બીએસઇ સેન્સેક્સ ૧૪,૪૮૪.૩૮ પોઈન્ટ્સ અથવા ૨૨.૩૧ ટકા ઊછળ્યો હતો, જ્યારે નિફ્ટી ૪,૭૮૦ પોઈન્ટ્સ અથવા ૨૪.૬૦ ટકા ઊછળ્યો હતો. આ રીતે છેલ્લી દિવાળીથી રોકાણકારો ૧.૫ ટ્રિલિયનથી વધુ સમૃદ્ધ બન્યા હોવા સાથે સંવત ૨૦૮૦ને હવે સૌથી વધુ સંપત્તિ સર્જનાર વર્ષ તરીકે રેકોર્ડ બુકમાં સ્થાન મળ્યું છે.

પ્રાઇમરી માર્કેટનો અહીં ખાસ ઉલ્લેખ કરવો પડે. એક અભ્યાસ દરમિયાન વર્ષ દરમિયાન મૂડીબજારમાં ૩૩૬ કંપની જાહેર ભરણાં સાથે પ્રવેશી હતી અને તેમાંના ૧૦૦થી વધુ આઇપીઓએ પચાસ ટકા ઊંચા ભાવે લિસ્ટિંગ મેળવ્યું હતું. આમાંના ૧૬૩ આઇપીઓના શેર હાલમાં તેમની ઇશ્યૂ કિંમતોથી ઉપર ટ્રેડ કરી રહ્યાં છે. આઇપીઓ માટે પણ વર્ષ સંખ્યા, મૂલ્ય અને કમાણીની દૃષ્ટિએ વિક્રમી રહ્યું હતું. બજારમાં જે પ્રવાહિતાનો ધોધ છે તે જોતાં, મૂડીબજારમાં આગામી દિવસોમાં પણ તેજી જણવાઇ રહેવાનો આશાવાદ દેખાઇ રહ્યો છે.

ઇક્વિટી માર્કેટ માટે કેટલાક સકારાત્મક પરિબળોની વાત કરીએ તો કેન્દ્રમાં સ્થિર સરકાર, ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ, મજબૂત મેક્રોઇકોનોમિક ફંડામેન્ટલ્સ અને સ્થાનિક ફંડ્સ દ્વારા રેકોર્ડ ઇન્ફ્લો (અંદાજે રૂ. ૪.૭ લાખ કરોડ), વિદેશી ફંડોની એકધારી વેચવાલી (અંદાજે રૂ. ૨.૫ લાખ કરોડ) જેવા મિશ્ર અથવા વિરોધાભાસી પરિબળો હોવા છતાં રોકાણકારો સરવાળે લાભમાં રહ્યાં છે.

બજારના અભ્યાસુઓ માને છે કે, ભૌગોલિક રાજકીય ચિંતાઓ હોવા છતાં, સ્થાનિક ઘટનાઓ જેવી કે ચૂંટણીઓ, સારું ચોમાસું, મજબૂત મેક્રો ઈન્ડિકેટર્સ અને સેબીના રોકાણકારોને બચાવવાના સતત પ્રયાસોએ મજબૂત અને આશાસ્પદ માર્કેટ ઈકોસિસ્ટમમાં ફાળો આપ્યો છે.

દેશના અગ્રણી સ્ટોક એક્સચેન્જ, નેશનલ સ્ટોક એક્સચેન્જે જણાવ્યું છે કે તેના રોકાણકારોની સંખ્યા ૨૦ કરોડને વટાવી ગઇ છે. રિટેલ રોકાણકારોની સંખ્યા અને નવા ડિમેટ ખાતાની સંખ્યા સાથે મ્યુચ્યઉઅલ ફંડમાં ઠલવાતાં નાણાંનું પ્રમાણ સતત નવા વિક્રમ નોંધાવી રહ્યું છે. મ્યુચ્યુઅલ ફંડ સેક્ટરમાં જ્યારે ઉદ્યોગ દ્વારા સંચાલિત કુલ અસ્કયામતો લગભગ રૂ. ૬૮ લાખ કરોડની હતી, ત્યારે સિસ્ટમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (એસઆઇપી) રૂટ દ્વારા માસિક ગ્રોસ ઇનફ્લો રૂ. ૨૫,૦૦૦ કરોડની નજીક હતો. આ તમામ આંકડા લાઇફટાઇમ હાઇ સપાટી દર્શાવે છે.

અન્ય એસેટ ક્લાસની વાત કરીએ તો, ભારતીયોમાં સૌથી વધુ પ્રિય કિંમતી ધાતુ સોનાએ વાર્ષિક વળતરની દ્રષ્ટિએ બીજું સ્થાન મેળવ્યું છે. સંવત ૨૦૮૦માં પણ સોના અને ચાંદીના ભાવમાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી હતી, જેમાં વર્ષ દરમિયાન ચાંદીના ૩૭ ટકાના વધારાની સરખામણીમાં સોનાનું વાર્ષિક વળતર ૩૩ ટકા રહ્યું છે.

અન્ય લોકપ્રિય ઇન્વેસ્ટમેન્ટ એસેટ્સમાં, બિટકોઇને ૭૨ ટકાના વળતર સાથે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર એસેટ ક્લાસનું સ્થાન મેળવ્યું હતું. વળતરના સ્પેક્ટ્રમની બાજુએ, રૂપિયો અને ક્રૂડ ઓઈલ ભાગ્યે જ કોઈ વળતર જનરેટ કરે છે. રિટેલ રોકાણકારોના મજબૂત રસ વચ્ચે, ૩૩૬ કંપનીઓએ સંવત ૨૦૮૦માં શેરબજારમાં પ્રવેશ કર્યો હતો, જેમાંથી ૨૪૮ કંપની એસએમઇ સેગમેન્ટમાંથી આવી હતી. ઉદ્યોગના ડેટા મુજબ, આમાંના લગભગ ૧૦૦ આઇપીઓએ પચાસ ટકાથી વધુના લિસ્ટિંગ લાભ સાથે લોન્ચ થયાકર્યા છે અને ૧૬૩ આઇપીઓ હાલમાં તેમની ઇશ્યૂ કિંમતોથી ઉપર ટ્રેડ કરી રહ્યાં છે.

નવું સંવત અથવા હિન્દુ નવું વર્ષ દિવાળીના સમયે શરૂ થાય છે. આ સમય દરમિયાન, ઘણા રોકાણકારો માને છે કે મુહૂર્ત દરમિયાન કરવામાં આવેલા સોદા આગામી વર્ષ માટે સમૃદ્ધિ લાવે છે. બજારના નિષ્ણાતોના મતે, સંવત ૨૦૮૦માં નિફ્ટી ૨૫ ટકા અને નિફ્ટી-૫૦૦ ઇન્ડેક્સે ૩૦ ટકા રિટર્ન આપતાં રોકાણકારોએ ખુશ થવું જોઈએ. ■

ગુજરાત ન્યૂઝ

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોર માટે વાપી અને સુરત વચ્ચે નવ નદી પુલનું બાંધકામ પૂર્ણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ગુજરાતના નવસારી જિલ્લામાં ખરેરા નદી પરના પુલનું નિર્માણ કાર્ય ૨૯ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ પૂર્ણ થયું હતું. તે ઉપરાંત કોરિડોર માટે વાપી અને સુરત બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે તમામ નવ નદી પુલ બનાવવામાં આવ્યા છે તેનું કામ પણ પૂર્ણ થઈ ગયું છે. ગુજરાત રાજ્યના ૨૦ નદી પુલોમાંથી આ ૧૨મો નદી પુલ તૈયાર થઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતના નવસારી જિલ્લામાં ખરેરા નદી પરના પુલનું નિર્માણ કાર્ય ૨૯ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ પૂર્ણ થયું હતું. આ પુલની વિશેષતાઓની વાત કરીએ તો, પુલની લંબાઈ ૧૨૦ મીટર, ૪૦ મીટરના ૩ ફુલ સ્પાન ગર્ડર, ૧૪.૫ મીટર થી ૧૯ મીટર સુધી પુલના થાંભલાની ઉંચાઈ છે. એક ૪ મીટરનો ગોળાકાર થાંભલો અને ૫ મીટર વ્યાસના ત્રણ વર્તુળાકાર થાંભલાં પણ ઊભા કરવામાં આવ્યાં છે.

આ પુલ વાપી અને બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશનની વચ્ચે આવેલો છે. બંને સ્ટેશનો વચ્ચેના અન્ય પૂર્ણ થયેલા નદી પુલ કોલાક, પાર, ઔરંગા અને કાવેરી નદી પર છે. આ નદી અંબિકા નદીની ઉપનદીઓમાંની એક છે, જે મહારાષ્ટ્ર રાજ્ય સાથેના ગુજરાત રાજ્યના સરહદી વિસ્તારમાં આવેલા વાંસદા તાલુકાની ટેકરીઓમાંથી નીકળે છે. ખરેરા નદી વાપી બુલેટ ટ્રેન સ્ટેશનથી આશરે ૪૫ કિલોમીટર અને બીલીમોરા બુલેટ ટ્રેન સ્ટેશનથી ૬ કિમી દૂર છે.

વાપી અને સુરત બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચેઃ ખરેરા (નવસારી જિલ્લો), પાર (વલસાડ જિલ્લો), પૂર્ણા (નવસારી જિલ્લો), મીંઢોળા (નવસારી જિલ્લો), અંબિકા (નવસારી જિલ્લો), ઔરંગા (વલસાડ જિલ્લો), કોલક નદી (વલસાડ જિલ્લો), કાવેરી નદી (નવસારી જિલ્લો) અને વેંગણીયા (નવસારી જિલ્લો) અન્ય પૂર્ણ થયેલ નદી પુલની વાત કરીએ તો ધાદર (વડોદરા જિલ્લો), મોહર (ખેડા જિલ્લો), વાત્રક (ખેડા જિલ્લો)નો સમાવેશ થાય છે. ■

કચ્છમાં લખપતથી ૫૩ કિ.મી. દૂર આંતરરાષ્ટ્રીય સરહદ નજીક ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ઠંડી-ભેજ અને ગરમી સાથેની મિશ્ર ઋતુના આતંક વચ્ચે કચ્છની અશાંત ધરતીના પેટાળમાં વધી ગયેલી સીસ્મિક એક્ટિવિટીને પગલે રીતસરનો ગભરાટ ફેલાયો છે. થોડા દિવસો અગાઉ કચ્છને ધ્રુજાવનારા ૪થી ઉપરની તીવ્રતાના ભૂકંપ બાદ ભાઈબીજની પરોઢે ૩.૫૮ મિનિટે ભુજ તાલુકાના લખપત નજીકની આંતરરાષ્ટ્રીય સરહદ નજીક રણમાં ભેદી ધડાકા સાથે ૩.૪ની તીવ્રતા ધરાવતો ભૂકંપનો આંચકો અનુભવાતા કેન્દ્રબિંદુ આસપાસના વિસ્તારોમાં ગભરાટ ફેલાયો હતો.

કચ્છની ધરાને સતત ધ્રુજાવી રહેલા ભૂકંપના આંચકાઓના કેન્દ્રબિંદુ વાગડ ફોલ્ટલાઇનની આસપાસના જ રહ્યા છે. જેમાં ભચાઉ, ફતેહગઢ,રાપર,કરમરીયા અને પ્રાચીન નગર ધોળાવીરાનો, ઉપરાંત સૌરાષ્ટ્રના ઉના અને ઉપલેટાનો પણ સમાવેશ થાય છે. પાકિસ્તાનના કરાચી તેમજ સિંધ પ્રાંત આસપાસના વિસ્તારોમાં પણ આ આંચકો અનુભવાયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

રવિવારે આવેલા ભૂકંપના આંચકાનું કેન્દ્રબિંદુ કચ્છના લખપતથી ૫૩ કિલોમીટર દૂર આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પાકિસ્તાનમાં નોંધાયું હતું. આ પહેલા ગત તા ૧૭ સપ્ટેમ્બરે ખાવડાથી ૪૭ કિલોમીટર દૂર ચારની તિવ્રતાનો આંચકો ભારત પાકિસ્તાન સરહદ પર નોંધાયો હતો. વર્ષ ૨૦૦૧ના મહા ભૂકંપ બાદ કચ્છમાં આંચકાઓથી કોઈ પ્રકારની નુકસાની નોંધાઈ નથી. કચ્છ સિવાય સૌરાષ્ટ્રમાં અમરેલી, ગીર સોમનાથ સહિતના વિસ્તારોમાં પણ તાજેતરમાં ભૂકંપના આંચકાઓ અનુભવાયાં હતાં. ■

ગુજરાતમાં શિયાળાની અસર વર્તાઈઃ લઘુતમ તાપમાન ઘટતાં ગાંધીનગરમાં સૌથી વધુ ઠંડક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઓક્ટોબર મહિનાના અંત સુધી અંગદઝાડતી ગરમીનો અહેસાસ થયો હતો. પરંતુ નવેમ્બર મહિનાની શરૂઆત થતાં લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થતાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં શિયાળાની શરૂઆત થઈ હોય તેવો અહેસાસ થયો હતો.

ગુજરાતમાં નવેમ્બર મહિનો શરૂ થતાં જ ઠંડીનો અહેસાસ થવા માંડ્યો છે. આગામી પાંચ દિવસ બાદ લઘુતમ તાપમાનમાં વધુ ઘટાડો થાય તેવી શક્યતાઓ હવામાન વિભાગ દ્વારા સેવાઈ રહી છે. રવિવારે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વહેલી સવારથી જ ધુમ્મસ ભર્યું વાતાવરણ સર્જાયું હતું. લઘુતમ તાપમાનમાં ઘટાડો થવાથી ભેજનું પ્રમાણ યથાવત રહેતા અને ઠંડકમાં ભેજ પણ ઠંડો થવાથી ધુમ્મસભર્યું વાતાવરણ સર્જાયું હતું.

અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૬.૯ ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. છેલ્લા ચાર દિવસમાં લઘુતમ તાપમાનમાં સતત એકથી દોઢ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ રહ્યો છે. જેને કારણે ધીમે ધીમે વાતાવરણમાં ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. શનિવાર અને રવિવાર દરમિયાન ગુજરાતમાં ૧૮.૬ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું હતું. ■

સાપુતારામાં બોટિંગ, રોપવે અને જોય ટ્રેન ચાલુ કરવા માગ

લાંબા સમયથી બંધ એડવેન્ચર એક્ટિવિટી ફરી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં રાજકોટ ગેમઝોન અને વડોદરામાં હરણી બોટ દુર્ઘટના બાદ રાજ્ય સરકારે રાજ્યમાં તમામ એડવેન્ચર પાર્ક બંધ કરવાનો આદેશ કર્યો હતો, પરંતુ હવે સ્થિતિમાં સુધારો થતાં સરકારે ધીમે ધીમે એડવેન્ચર પાર્ક શરૂ કરવા મંજૂરી આપવાનું શરૂ કરી દીધું છે. ત્યારે સાપુતારા ખાતે લાંબા સમયથી બંધ પડેલી એડવેન્ચર એક્ટિવિટી ફરી શરૂ થતાં સ્થાનિકો સહિત પ્રવાસીઓમાં ખુશી જોવા મળી હતી. પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ ગેમઝોન અને વડોદરા હરણી અકસ્માત બાદ સમગ્ર ગુજરાત રાજ્યમાં આવેલી એક્ટિવિટી બંધ કરવામાં આવી હતી. જોકે સરકાર દ્વારા નવા નીતિ નિયમો બનાવીને એક્ટિવિટી ફરી શરૂ થાય તે માટે મંજૂરી આપવામાં આવી હતી. સાપુતારા ખાતે લાંબા સમયથી બંધ પડેલી સહ્યાદ્રિ એડવેન્ચર એક્ટિવિટી ફરી ચાલુ કરવામાં આવી છે. જ્યાં સરકારે આ મંજૂરી આપતા પહેલા સુરક્ષાનાં તમામ પાસાઓની કાળજીપૂર્વક તપાસ કરીને મંજૂરી આપી હતી.

સાપુતારામાં ફરવા આવતા પ્રવાસીઓ એડવેન્ચર એક્ટિવિટીનો આનંદ માણી શકશે તથા સ્થાનિકોમાં પણ રોજગારીની આશા બંધાઈ છે. પ્રવાસીઓને એડવેન્ચર એક્ટિવિટીના સંચાલક દ્વારા અપીલ કરવામાં આવી છે કે તેઓ એડવેન્ચર એક્ટિવિટી દરમિયાન સુરક્ષાનાં નિયમોનું પાલન કરે. હાલમાં સાપુતારામાં બોટિંગ, રોપવે, જોય ટ્રેન બંધ રહેતા પ્રવાસીઓમાં નિરાશા જોવા મળી રહી છે.

સાપુતારામાં એડવેન્ચર એક્ટિવિટીને મંજૂરી મળવાથી સાપુતારાના પર્યટન ક્ષેત્રને નવી આશા મળી છે. આ નિર્ણયથી સાપુતારામાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવાની સંભાવના જોવા મળી રહી છે. બોટિંગ અને રોપવે અને જોય ટ્રેન અંગે પણ નિર્ણયો લઈ સુરક્ષાનાં ધોરણો સાથે વહેલી તકે ચાલુ કરવામાં આવે એવી આશા વ્યક્ત કરવામાં આવી હતી. ■

સુરતમાં પાન-માવા ખાઈને થૂંકશો તો દંડ ભરવો પડશેઃ મહાનગરપાલિકાએ ૨૫૦ લોકોને ઈ-મેમો ફટકાર્યા

અમદાવાદઃ સ્વચ્છતા સર્વેક્ષણમાં પ્રથમ ક્રમ મેળવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા લોકોને સ્વચ્છતા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે. મહાનગર પાલિકામાં ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતેથી સાડા ચાર હજારથી વધુ કેમેરા દ્વારા શહેરમાં ગંદકી કરતાં નાગરિકો પર વોચ રાખવાનું શરૂ કરવામાં આવ્યું છે. જાહેર રસ્તા પર થૂકનાર અને ગંદકી કરનાર લોકોને ઈ-ચલણ પણ મોકલવામાં આવ્યાં છે. જેથી હવે સુરતમાં જ્યાં ત્યાં ગંદકી કરી તો ઘરે મેમો આવશે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા અંગે ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતેથી સાડા ચાર હજાર કેમેરાથી લાઈવ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જેમાં છેલ્લા પાંચ મહિનામાં ૨૪૫ લોકોને જાહેરમાં થૂંકવા મુદ્દે ઈ-મેમો ફટકારવામાં આવ્યો હતો. જેમાંથી ૬૭ લોકોએ ચલણ ભરી દીધું હોવાનું પણ મહાનગરપાલિકા દ્વારા જણાવાયું હતું. તે ઉપરાંત અન્ય લોકો ચલણ નહીં ભરે તો તેમને ૧૦૦ રૂપિયાની જગ્યાએ ૨૫૦ રૂપિયા ચૂકવવા પડશે. સુરત ઇમર્જન્સી રિસ્પોન્સ સેન્ટર ખાતેથી પાન મસાલા ખાઈને શહેરમાં જાહેર સ્થળો પર થૂંકનાર લોકો સામે બાજ નજર રાખવામાં આવી રહી છે. કરોડો રૂપિયાના ખર્ચે સુરત મહાનગરપાલિકા શહેરના અનેક સ્થળો પર લોકો થૂંકીને લાલ પિચકારી મારી ગંદકી કરે છે. સુરત શહેરનો સ્વચ્છતા સર્વેક્ષણમાં ફરી એકવાર પ્રથમ ક્રમ આવે માટે સુરત મહાનગરપાલિકા હવે એક્શનમાં આવી ગઈ છે. સુરત મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે જણાવ્યું હતું કે, સુરત શહેરના અનેક સ્થળો પર પાન-માવા ખાઈને થૂંકનાર લોકો સામે એક્શન લેવ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

યાત્રાધામ બગદાણા ખાતે લાખો દર્શનાર્થીઓ ઉમટ્યા

ભાવનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ બગદાણા ખાતે નવા વર્ષના દર્શન કરવા માટે લાખો લોકો ઊમટી પડ્યા હતા. સવારથી જ લોકો નવા વર્ષના દર્શન માટે દૂર દૂરથી આવતા હોય છે બાપાના દર્શન કરી અને ધન્યતા અનુભવે છે અને પ્રાર્થના કરે છે. દિવાળીના તહેવારોમાં બગદાણા મંદિર ખાતે અદ્‌ભુત લાઈટ ડેકોરેશન અને શણગાર કરવામાં આવ્યો હતો. લાખો લોકોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

(તસવીર– વિપુલ હિરાણી– ભાવનગર)

કચ્છમાં અંગ દઝાડતી ગરમી વચ્ચે પ્રકાશ પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં અંગ દઝાડતી ગરમી વચ્ચે દીપોત્સવી પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી ભાઈબીજના તહેવાર સાથે સંપન્ન થઇ હતી. ભુજની દિવાળી તેની વહેલી પરોઢના દેવ મંદિરો પરના ધમધમાટ, રોશનીની ઝાકઝમાળ અને ઘંટારવ-નોબતના તાલ વચ્ચે થતી મંગળા આરતી માટે વિખ્યાત છે ત્યારે ધનતેરસ, કાળી ચૌદશ અને દિવાળીના પણ આવો અદ્‌ભુત માહોલ સર્જાયો હતો અને ભુજના મંદિરોમાં ભગવાનના દર્શનાર્થે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા.

(તસવીર– ઉત્સવ વૈદ્ય– ભુજ)

ભુજમાં આ વખતની દિવાળીએ ફટાકડા જાણે ફૂટતા જ ન હોય તેવો માહોલ સર્જાયો હતો. પરંપરાગત રીતે ભુજમાં દિવાળીના તહેવારો દરમ્યાન ફોડાતા ફટાકડાની સરખામણીમાં આ વર્ષે માંડ ત્રીસથી ચાલીસ ટકા ફટાકડા ફૂટ્યાં હતાં. જેનું કારણ વધતું શિક્ષણ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીની જાગૃતતા કેળવાઈ હોવાનું માનવામાં આવે છે.

ગુજરાતના શહેરો ખાસ કરીને અમદાવાદમાં પણ એર ક્વોલિટી ઇન્ડેક્સ ડેન્જર ઝોન તરફ જઈ રહ્યો છે તેને ધ્યાને લઈને લોકોએ ફટાકડા માત્ર શુકન સાચવવા પૂરતા જ ફોડ્યા હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

પ્રણાલીગત બજારોની રોનક તો ઓનલાઇન શોપિંગ પોર્ટલોના 'દિવાળી સેલ'ના કારણે ઝંખવાયેલી જ રહેવા પામી છે અને 'વોકલ ફોર લોકલ'ની અપીલોની કોઈ ખાસ અસર થઇ હોવાનું જણાતું નથી. જે ચીજ-વસ્તુઓ ઓનલાઇન શોપિંગ અથવા જુદા-જુદા મોલ્સમાં મળતી ન હોય તેવી માત્ર પરચૂરણ ચીજ-વસ્તુઓનું વેચાણ દિવાળી જેવા મહાપર્વના દિવસોમાં થતાં વેપારીઓમાં સોપો પડી જવા પામ્યો હતો.

લોકોએ બપોરથી સાંજ સુધી બજારોમાં ફરીને આસોપાલવના તોરણ, એરાયા-મેરાયા,કમળના ફૂલની ખરીદી કરી હતી. ફૂલોના વેપારીઓના જણાવ્યા પ્રમાણે ઓછાં ઉત્પાદન વચ્ચે ફૂલ-ગજરાના ભાવો સતત વધી રહ્યા છે તેથી હવે માત્ર ધાર્મિકવિધિ કે પૂજા માટે જ ફૂલો ખરીદવાનું લોકો પસંદ કરી રહ્યા છે અને સાચા ફૂલોના વેણી-ગજરાને બદલે મહિલાઓ આર્ટિફિશિયલ ફ્લાવર કે ઇમિટેશનના વેણી-ગજરાનો ઉપયોગ કરતી થઇ છે. આવા વેણી-ગજરા વન ટાઈમ ઇન્વેસ્ટમેન્ટ જેવા છે અને વર્ષો વર્ષ ટકે છે. આવાં કારણને લઈને ફૂલોના વેપારીઓ પણ પોતાના ધંધાનો વિકલ્પ શોધવા મજબૂર બન્યા છે જે બાબત માત્ર કચ્છ જ નહિ,પણ સમગ્ર ભારતના વેપારીઓ માટે લાલબત્તી સમાન છે.

આવી જ પરિસ્થિતિ મીઠાઈના વેપારીઓની થઈ હતી. બજારોમાં વિખ્યાત બ્રાન્ડની સોનપાપડી,કાજુ કતરી, કેશર પેંડા,મલાઈ પેંડા,પેઠા જેવી મીઠાઈ ઉપરાંત વિવિધ પ્રકારના ચેવડા,વેફર જેવા વિવિધ પ્રકારના વ્યંજનો ઓછા ભાવે મળતાં હોવાથી મીઠાઈ ખરીદીના માહોલમાં પણ વેપારીઓ માટે મોકાણ સર્જી છે. ભુજના હાટકેશ્વર મહાદેવ મંદિર અને દરબારગઢ ખાતે આવેલા મુક્તજીવન સ્વામિનારાયણ, નૂતન સ્વામિનારાયણ સહિતના મંદિરોમાં નયનરમ્ય ઇકો ફ્રેન્ડલી રંગોળીઓ પૂરવામાં આવી હતી અને દીવડા પ્રગટાવવામાં આવ્યા હતા. દિવાળી બાદ 'ધોકો' હોઈ અમે આવતીકાલે તમારે ઘેર ધોકો લઈને આવશું તેવી ટીખળ કરતા લોકો પણ જોવા મળ્યા હતા. ધોકાને લઈને લોકોએ એક દિવસના મળેલા બ્રેક બાદ ફરી પાછા તરોતાજા થઈને હિન્દુ નૂતન વર્ષ 'પડવા'ની ઉજવણી કરી હતી. ■

દિવાળીમાં કચ્છના લોકો ગરમીથી ત્રાહિમામ પોકારી ઊઠ્યાં: ઓક્ટોબર સૌથી વધુ ગરમ મહિનો રહ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં દીપોત્સવી પર્વની ઉજવણી એકંદરે ઉત્સાહભેર માહોલમાં પૂર્ણ થઇ છે. આ દિવાળી પર્વ દરમ્યાન ગરમીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યાં હતાં.કચ્છના મોટાભાગના મથકોએ મહત્તમ તાપમાનનો પારો ૩૭થી ૪૧ ડિગ્રી જેટલો રહેવા પામતાં બપોરે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની જવા પામ્યું હતું. ગોવા સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓસનોગ્રાફી અને હવામાન ખાતાનાં જણાવ્યા પ્રમાણે આ વખતનો ઓક્ટોબર મહિનો છેલ્લા ૧૨૩ વર્ષમાં સૌથી ગરમ મહિનો રહેવા પામ્યો છે અને હજુ ચાલુ નવેમ્બર પણ સૌથી ગરમ મહિનો બની રહેશે તેવું હાલ જણાઈ રહ્યું છે.

ઓક્ટોબર મહિના દરમ્યાન સરેરાશ તાપમાન એટલે કે 'મીન ટેમ્પરેચર' ૨૬.૯૨ ડિગ્રી સે.રહેવા પામ્યું છે. આટલું ઊંચું મીન તાપમાન ઇ.સ ૧૯૦૧ બાદ નોંધાયું છે. સામાન્ય તાપમાન કરતાં ૧.૨૩ ડિગ્રી સેલ્સિયસ વધારે રહેવા પામ્યું છે. જેથી ચાલુ નવેમ્બર મહિના દરમ્યાન પણ શિયાળો બેસવાના કોઈ એંધાણ મળતાં નથી. આવી ગરમી પડવાનું મુખ્ય કારણ પશ્ચિમી વિક્ષોભની ગેરહાજરી અને બંગાળના ઉપસાગરમાં ઊભા થયેલા લો-પ્રેશરના કારણે પૂર્વના પવનો ઠલવાઇ રહ્યા છે જેને લઈને ગરમી વધવા પામી છે.

તાપમાન ઘટાડવા ઉત્તર-પશ્ચિમી પવનો મુખ્ય ભાગ ભજવે છે, પરંતુ હજુ પણ ચોમાસાની ગતિવિધિઓની હાજરી હોવાના કારણે તાપમાનમાં ઘટાડો થતો નથી અને એકધારી ગરમી પડે છે. હજુ પણ તાપમાન સામાન્ય કરતાં ૨થી ૫ ડિગ્રી સેલ્સિયસ ઊંચું રહેવાની ધારણા છે જેને કારણે દેશના ઉત્તર-પશ્ચિમ મેદાની વિસ્તારોમાં હજુ એકાદ પખવાડિયાં સુધી શિયાળો શરૂ થવાના કોઈ સંકેત મળતા નથી જે અસામાન્ય બાબત છે.

બીજી તરફ, પ્રશાંત મહાસાગરમાં હાલે નિષ્ક્રિય 'અલ-નિનો'ની પરિસ્થિતિ પણ શિયાળાના આગમનને વિપરીત અસર પહોંચાડી રહી છે. દરમ્યાન રવિવારે ભુજમાં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સે.જેટલું રહ્યું હતું.

ભુજમાં તસ્કરોની દિવાળી સુધરી:

બે બંધ મકાનોમાંથી રૂ.૨.૫૦ લાખની મુદ્દામાલની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દિવાળી મહાપર્વની ઉજવણી દરમિયાન પૂર્વ અને પશ્ચિમ કચ્છમાં ઘરફોડ ચોરીના બનાવોમાં ચિંતાજનક રીતે ઉછાળો આવ્યો હતો. પોલીસ પેટ્રોલિંગના અભાવ વાળા વિસ્તારોમાં આવેલી સોસાયટીમાં રેકી કરતા તસ્કરો કચ્છ બહાર રહેતા પરિવારોના બંધ ઘરોને નિશાન બનાવી રહ્યાં છે.આ વખતે દિવાળીની બોણી માટે તસ્કરોએ ભુજ શહેરની આર.ટી.ઓ રિલોકેશન સાઈટમાં આવેલા બે બંધ રહેણાંક મકાનોમાં ખાતર પાડ્યું હતું અને ૨,૪૯,૮૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયા હતા.

ઘરફોડ અંગે ભુજ શહેરના બી-ડિવિઝન પોલીસમથકમાં નોંધાવેલી ફરિયાદમાં રાજમોહમ્મદ લાલામિયા શેખએ જણાવ્યું હતું કે, ગત ૨૭મી ઓક્ટોબરના રોજ તેમના ઘરમાં ત્રાટકેલા તસ્કરોએ અંદરના કબાટમાંથી રૂા.૧૬ હજારની રોકડ રકમ તથા ચાંદીની પાયલ, ચેન તથા સોનની વીંટી, એક સ્માર્ટફોન મળી કુલ રૂ.૫૪,૩૦૦ના મુદ્દામાલની ચોરી કરી ગયો હતો.

આ ઘટનાના માત્ર બે દિવસ બાદ આ જ વિસ્તારમાં આવેલા અન્ય એક મકાનમાં પણ હાથ મરાયો હતો, જેમાં રૂમમાં રખાયેલા કબાટમાંથી રોકડા રૂા. ૭૫,૦૦૦, સોના-ચાંદીના વિવિધ ઘરેણાં તથા બ્રાન્ડેડ કપડાં મળી કુલ રૂા. ૧,૯૫,૫૦૦નો મુદ્દામાલ ચોરી જવાયો હતો. ચોરીના આ બનાવ બાબતે ઉમેશચંદ્ર શ્રીકૃષ્ણ શાક્યાએ નોંધાવેલી ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા તસ્કરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યાં હતાં.

માતાના મઢ મંદિરથી મેરૈયા આરતી બજારમાં ફરી

વેપારીઓએ દિવ્ય જ્યોતમાં ઘી પૂર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના સીમાવર્તી લખપત તાલુકાના દયાપર ખાતે આવેલા માં આશાપુરાના જગવિખ્યાત સ્થાનક એવા માતાના મઢમાં પરંપરાગત માતાજીની મેરૈયા આરતી બાદ વાજતે ગાજતે મઢ જાગીર અધ્યક્ષ તેમજ ગ્રામજનો અને ભાવિકો સાથે બજારમાં મેરૈયા યાત્રા નીકળી હતી અને મંદિર આસપાસની બજારના હિન્દુ-મુસ્લિમ વેપારીઓ મેરૈયામાં ભાવપૂર્વક તેલ પૂરાવી માતાજી પ્રત્યેની શ્રદ્ધામાં યોગદાન આપ્યું હતું.

(તસવીર– ઉત્સવ વૈદ્ય– ભુજ)

દર વર્ષે દીપોત્સવી પર્વની મોડી સાંજે માં મઢવાળીની અદ્‌ભુત સંધ્યા આરતી બાદ મઢ જાગીર અધ્યક્ષ દ્વારા પરંપરાગત મેરૈયા દ્વારા આરતી ઉતારવામાં આવે છે. આરતી ઉતાર્યા બાદ માતાના મઢની બજારમાં વાજતે ગાજતે મેરૈયા યાત્રા નીકળે છે જેમાં જાગીર અધ્યક્ષ તેમજ ગ્રામજનો સાથે અહીં આવેલા યાત્રિકો સહિતના લોકો જોડાય છે.

બજારમાં આ યાત્રા દરમિયાન દરેક ધર્મના વેપારીઓ દ્વારા મેરૈયામાં તેલ પુરવામાં આવે છે. અહીં દિવાળીના મોડી સાંજે માતાજીની ઉતારવામાં આવતી મેરૈયા આરતી દરમિયાન મઢ જાગીર અધ્યક્ષ અહીં અશ્વિન તેમજ ચૈત્રી નવરાત્રી દરમિયાન યોજાતા હવન સમય જે પોશાક ધારણ કર્યો હોય તે જ પોશાક રાજા બાવા ધારણ કરીને માતાજીની આરતી ઉતારે છે તેમ ભુજના આશાપુરા મંદિરના પૂજારી જનાર્દનભાઈ દવેએ જણાવ્યું હતું. ■

ભાવનગરમાં રખડતા ઢોરને કારણે બાઈક ચાલકનું મોત

ભાવનગર: ભાવનગર જિલ્લામાં ફરી એક વખત રખડતા ઢોરના કારણે મોત થયું હોવાનો બનાવ બનવા પામ્યો હતો.પાલિતાણા તાલુકાના હણોલ અને વાળુકડ ગામની વચ્ચે ભરતભાઈ વાઘાણી નામના ખેડૂત પોતાના ઘરે બાઈક લઈને આવી રહ્યા હતા એ સમયે રખડતા ઢોરે અડફેટે લેતા મોત થયું હતું. મૃતક વ્યક્તિ પાલિતાણા તાલુકાના બહાદુરગઢ ગામના વતની છે. ભાવનગર જિલ્લામાં રખડતા ઢોરનો ત્રાસ એટલી હદે વધી ગયો છે કે દર ૧૫- ૨૦ દિવસે એક વ્યક્તિનો ભોગ લેવાય છે. ■

ભાવનગરમાં નવા વર્ષે મહાનગરપાલિકાનું સ્નેહમિલન યોજાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ મોતીબાગ ટાઉનહોલ ખાતે મહાનગરપાલિકાનું સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. જેમાં મંત્રી, નેતાઓ, પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહીને એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી.

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા, ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, મેયર ભરતભાઈ બારડ, કમિશનર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને અધિકારીઓ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે સૌને નવા વર્ષની ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું. નૂતન વર્ષ સૌના જીવનમાં નવીન આશાઓ, નવીન ઉમંગો અને નવીન પ્રકલ્પો લાવે એવી શુભ મંગલકામના કરું છું, ઈશ્વરને પ્રાર્થના કરું છું કે સૌનું જીવન નિરોગી રહે, સુખ આપે શાંતિ આપે એવી પણ પ્રભુ પાસે પ્રાર્થના કરું છું. આ દિવાળી સમગ્ર દેશમાં વિશેષ દિવાળી છે ૫૦૦ વર્ષથી આપણે રામ ભગવાનને અયોધ્યામાં બિરાજવા માટે રાહ જોઈ રહ્યા હતા. આવનારું વર્ષ મંગલમય જાય તેવી કામના કરી હતી. ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે નવું વર્ષ સૌ માટે શુભમય નીવડે તેવી દેવાધિદેવ પ્રભુ મહાદેવના ચરણોમાં પ્રાર્થના કરું છું. નવું વર્ષ નવી ઊર્જા અને ઉત્સાહ ભરેલું બની રહે. સૌના સંકલ્પો સાકાર કરે એ પ્રકારનું બની રહે. નવા સૂર્યના કિરણો આજે બધા ઉપર પડવાના છે, ત્યારે સૂર્ય ભગવાનનું તેજ પણ સૌમાં પ્રકાશિત થાય. સમગ્ર જીવન તંદુરસ્તીમય આરોગ્યમય સુખમય બની રહે એવી ઈશ્વરના ચરણમાં હું પ્રાર્થના કરું છું. તેઓએ નવા વર્ષના ઝાઝા રામ રામ કહીને શુભેચ્છા પાઠવી હતી. ■

રાજકોટ શહેરમાં દિવાળી બાદ ગેરકાયદે બાંધકામો દૂર કરવાની ઝુંબેશ હાથ ધરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં દિવાળીના તહેવારો બાદ મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવાશે. રાજકોટ મ્યુનિસિપલ કમિશનરે છેલ્લા બે વર્ષમાં ટીપી બ્રાન્ચ દ્વારા ઇસ્યૂ થયેલી નોટિસો અંગે વિગતો મગાવી છે. ત્યારે મહાનગરપાલિકાની નોટિસ પર ધ્યાન નહીં આપનાર લોકોનું ગેરકાયદે થયેલું બાંધકામ તોડી પડાય તેવી સંભાવનાઓ છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટ શહેરમાં ગેરકાયદે બાંધકામોને કારણે કોઈ દુર્ઘટના ન બને તે માટે શહેરમાં અગાઉ જે ગેરકાયદે બાંધકામોને નોટિસ આપવામાં આવી હોય પણ આજ સુધી આગળ કાર્યવાહી ન થઈ હોય એવા બાંધકામો હટાવવા મહાનગરપાલિકાએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. શહેરના ત્રણેય ઝોનમાં આ પ્રકારના બાંધકામોની યાદી તૈયાર કરવાનો આદેશ રાજકોટના કમિશનર દેવાંગ દેસાઈ દ્વારા આપવામાં આવ્યો હતો.

રાજકોટ કોર્પોરેશનના કમિશ્નર દેવાંગ દેસાઈનાં જણાવ્યા મુજબ મનપા દ્વારા ગેરકાયદે બાંધકામો દૂર કરવા ઝુંબેશ શરૂ કરવામાં આવશે. જેમાં રાજકોટની મધ્યમાંથી પસાર થતી આજી નદી તથા વોકળા પર કરવામાં આવેલા ગેરકાયદેસર બાંધકામોને અગાઉ નોટિસો આપી દેવામાં આવી હતી. હવે આવા અનઅધિકૃત બાંધકામો દૂર કરવા માટે દિવાળી બાદ ઝુંબેશનાં રૂપમાં કાર્યવાહી કરવામાં આવશે. અગાઉ આ બાંધકામોને પ્રથમ અને તાજેતરમાં બીજી નોટિસ પણ અપાઈ ચૂકી છે. ત્યારે દિવાળી બાદ આવા દબાણોને હટાવવા માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. ■

ભાવનગરમાં ડૉક્ટરની હત્યા કરનાર ૮ પૈકી ૬ આરોપીઓ ઝડપાયા

ભાવનગર: ભાવનગર શહેરમાં દિવાળીની રાત્રે થયેલ ડૉક્ટરની હત્યાના આઠ શખ્સોમાંથી સગીર સહિત છ શખ્સો ને પોલીસે ઝડપી લીધા હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ભાવનગર શહેરના એરપોર્ટ રોડ ઉપર આવેલ સોમનાથ રેસિડેન્સીમાં રહેતા કહાનભાઈ લાખાણીએ ઘોઘા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, પોતાની કારમાં ડીઝલ પુરાવા માટે ઘરેથી નીકળ્યા હતા ત્યારે એરપોર્ટ રોડ પર આવેલ યોગીનગર ખોડીયાર પાન સેન્ટર પાસે રોડ પર પ્રકાશ રાજુ ખોખર, ભાવેશ ઉર્ફ ભાવિન વિજયભાઈ પંડ્યા, કિશન ઉર્ફે કે.પી. પરસોત્તમભાઈ ડગળા, રિતેશ ઉર્ફે ભયલુ અરવિંદભાઈ ખેસ્તી તથા દેવ ઉર્ફ અગુ લાલાભાઇ ચુડાસમા તથા બે અજાણ્યા શખ્સો નાચ-ગાન કરી દેકારો મચાવતા હતા, ત્યારે કારચાલકે હોન મારી તેમને દૂર ખસી જવા કહ્યું હતું જેના પગલે તમામ આવારા તત્ત્વો એ ઉશ્કેરાઈ જઈ કાર નજીક આવી કારચાલક યુવકને ગાળો આપી હતી અને તમામે શખ્સોએ સંપ કરી તેમના પર તિક્ષ્ણ હથિયારો સાથે કાર પર હુમલો કરી નુકસાન પહોંચાડ્યું હતું.

જ્યારે તમામે ગાડીના કાચ ફોડી નાખતા કારચાલક યુવાને તેમના પિતા શિવરાજભાઈ લાખાણીને ફોન કરી સ્થળ પર બોલાવ્યા હતા, શિવરાજભાઈ ત્યાં આવતા તમામ શખ્સોએ તેમને ઘેરી લીધા હતા અને ઢીકા પાટુનો માર મારી મુંઢ ઇજા પહોંચાડી હતી. જ્યારે રિતેશ ઉર્ફે ભઈલુએ છરી વડે શિવરાજભાઈને છાતીના ભાગે જીવલેણ હુમલો કરતા તેમને લોહી-લુહાણે હાલતે સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ડૉ. શિવરાજભાઈ લાખાણીનું મોત થતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો.

આ દરમિયાન પોલીસે કિશન ઉર્ફ કે.પી પરસોતમ ડગળા, પ્રકાશ ઉર્ફે પકો રાજુભાઈ ખોખર, ભાવેશ ઉર્ફે ભાવિન વિજયભાઈ પંડ્યા, ચિરાગ ઉર્ફે ભાણો લક્ષ્મણભાઈ રાઠોડ, દેવ ઉર્ફે અગુ લાલાભાઇ ચુડાસમા તથા સગીર સહિત ૬ શખ્સોને પોલીસે ઝડપી લઈ વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

મુંદરામાં પૈસાની ઉઘરાણીના મુદ્દે ત્રણ શખ્સોએ યુવકની તીક્ષ્ણ હથિયાર વડે કરપીણ હત્યા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુંદરા તાલુકાના મોટી ભુજપુર ગામે નાણાંની વસૂલાત મુદ્દે ત્રણ શખ્સોએ તીક્ષ્ણ હથિયારના ઘા મારીને એક ૨૮ વર્ષના યુવકની કરપીણ હત્યા નીપજાવી દેતાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

ગત શુક્રવારે રાત્રે ૮થી ૮.૩૦ના અરસામાં મોટી ભુજપુર રહેનારા ઈમ્તિયાઝ હાસમ આમદ ચાકીના ઘર નજીક આવેલી એ.જે.એસ. હાઈસ્કુલના ગેટ પાસે બનેલા હત્યાના આ બનાવ અંગે મૃતક ઈમ્તિયાઝની માતા રશીદાબેને મોડી રાત્રે આદિપુરના શ્યામ ગઢવી તથા બે અજાણ્યા ઈસમો વિરુદ્ધ મુંદરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

રશીદાબેને પોલીસને જણાવ્યું હતું કે, સાંજે તેમના ઘરે ત્રણ અજાણ્યા માણસો આવ્યા હતા અને ઈમ્તિયાઝ ક્યાં છે? 'તેમ પૂછતાં રશીદાબેને તે હોટલે હશે' તેમ જણાવતાં તેઓ ચાલ્યા ગયા હતા. હોટલમાં પણ ઈમ્તિયાઝ ના મળતાં આ ત્રિપુટી ફરી ઘરે આવી ત્યારે માતાએ પૂછપરછ કરતાં ત્રિપુટીએ જણાવ્યું કે અમારે તેની પાસેથી પૈસા લેવાના છે પણ તે ફોન ઉપાડતો નથી માતાએ તેમને બે દિવસમાં પૈસા મળી જશે તેવી ધરપત આપી હતી.

ત્રણ શખ્સોએ રશીદાબેનને ઈમ્તિયાઝને ફોન લગાડી વાત કરાવવા જણાવતાં રશીદાબેને પુત્રને ફોન જોડતાં તરત ઈમ્તિયાઝે ફોન ઉપાડતાં માતાએ તેની જોડે નાણાંની ઉઘરાણી મુદ્દે પ્રાથમિક વાતચીત કરીને એક શખ્સને ફોન આપ્યો હતો. આ શખ્સે ઈમ્તિયાઝને શ્યામ ગઢવી આદિપુરવાળો બોલું છું તેમ કહીને બોલાચાલી કરી ધમકી આપી કે પૈસા તો તારે અત્યારે જ આપવા જ પડશે નહિંતર જાનથી મારી નાખીશું માતાએ આ ત્રિપુટીને પુત્ર પૈસા ના આપે તો પોતે ચૂકવી આપશે તેવી ખાતરી આપી ચા પીવડાવીને રવાના કરી દીધા હતા. થોડીવાર બાદ આદિપુરવાળો શ્યામ ગઢવી ફરી પાછો તેમના ઘરે આવી ફળિયામાં બાંધેલો ઘોડો સાથે લઇ ગયો હતો.

ત્યારબાદ ફળિયાના રહેવાસીઓએ બહાર કેટલાંક લોકો ઈમ્તિયાઝને ઢોરમાર મારતા હોવા અંગે રશીદાબેનને જાણ કરતાં તેઓ લોહીલુહાણ હાલતમાં પડેલા પુત્ર પાસે દોડી ગયા હતા. ■

ગીરના જંગલમાં વનવિભાગનું રેડ એલર્ટ: સિંહોની પજવણી ના થાય તે માટે ખાસ પેટ્રોલિંગ

અમદાવાદ: હાલમાં દિવાળીના વેકેશનમાં પ્રવાસીઓ સૌરાષ્ટ્રના અભ્યારણ્ય અને રિસોર્ટમાં રોકાતા હોય છે. ત્યારે પ્રવાસીઓ દ્વારા સિંહ અને અન્ય વન્ય પ્રાણીઓને હેરાનગતિ ના થાય તે માટે વન વિભાગ દ્વારા ખાસ પેટ્રોલિંગની વ્યવસ્થા ગોઠવી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૧૫ દિવસ સુધી ૨૪ કલાક વનવિભાગ પેટ્રોલિંગ કરશે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગીર જંગલ અને રેવન્યુ વિસ્તારમાં લોકો ગેરકાયદે પ્રવેશ ન કરે તેમજ લાયન શો કે સિંહોની પજવણી ન કરે તે માટે તકેદારી રાખવા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસીઓ અને સ્થાનિકો ગુનાહિત પ્રવૃતિઓ ન કરે તે માટે ખાસ વિશેષ તકેદારીના ભાગરૂપે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે.પ્રવાસીઓ રિસોર્ટ અને ફામ હાઉસમાં સૌથી વધારે ફરવા જાય છે. જેથી રાત્રીના ઠંડીના માહોલ વચ્ચે વનવિભાગના કર્મચારીઓ સઘન ચેકીંગ કરી રહ્યા છે. જંગલ અને જંગલ બહાર રેવન્યુ વિસ્તારમાં સિંહો અવરજવર કરતા હોય છે તેમને કોઈ હેરાન પરેશાની ન કરે, લાઈટો કરી સિંહ, દર્શન ન કરે, વાહનો પાછળ દોડાવે નહિ. ■